
આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક

કુમાર

ભાદરવો · ઓગણીસસો નેવું

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત

અંક ૧૨૯



રાજપૂતાણી — શિલ્પકાર · માલવીનિયા હૉફમૅન

કુમાર

ભાદરવો ૧૯૯૦

અંક ૧૨૯

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

◖, વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકે, વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર • ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ

ગ્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.

રાસકુંજ

રાસગરબાના એ 'સર્વોત્તમ સંગ્રહ'ની
અનેક સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ

સંગ્રાહિકા
સૌ. શાન્તિ ચૂનીલાલ બરફીવાળા
અન્ધેરી

**સાક્ષરશ્રી નરસિંહરાવ ભોળાનાથના આશીર્વાદ
અને શ્રી ઝવેરચંદ મેઘાણીની વિસ્તૃત પ્રસ્તાવના સાથે**

કિંમત સવા રૂપિયો



રાસકુંજની સ રી ગ મ

તૈયાર કરનાર **સૌ. શાન્તિ ચૂનીલાલ બરફીવાળા** અન્ધેરી
સાક્ષરશ્રી નરસિંહરાવ ભોળાનાથની પ્રસ્તાવના સાથે
કિંમત બે રૂપિયા

દરેક જાણીતા બુકસેલર પાસેથી મળશે



રુદ્રનું નૃત્ય

ચિત્રકાર • કનુ દેસાઈ

એવાં જ ગંભીર નિબંધાત્મક લખાણો પોતાના લાંબા જાતઅનુભવ ઉપરથી લખનાર

શ્રી ડુંગરશી ધરમશી સંપટ

એવા જ અનુભવ ઉપરથી હિંદીઓના ગઈ સદીના સાગરજીવનની વાર્તા આલેખે છે

દરિયાઈ શયતાન

સુધી પોતાનાં વહાણનો મોરો બાંધ્યો હતો. બધાં જાણીતા બંદરોની બજારો અને માલની જાતો તેનાં આંગળાંને ટેરવે હતી. અનેક સમુદ્રો તે ખૂંદી વળ્યો હતો. મરાઠા વહાણફાડુઓ, ચિનાઇ ચાંચીઆઓ તેમજ બસરા માપરાના આરબ ચાંચીઆઓ સાથે તેણે અનેકવાર લડાઇઓ લડી પોતાના વહાણુ અને માલને બચાવ્યાં હતાં. દરિયો તેનું ઘર હતું. ભયો અને જોખમો તેની નાડે આવી ગયાં હતાં. અલકમલકના દેશોની ભાંગીતૂટી ભાષા એને આવડતી હતી. મહાસાગરના ખોળે તેણે પારણાં બાંધ્યાં હતાં. છિકિયારા વાવડાને પુંઠોતરો રાખી ધામણ કાંડે લેવરાવી બેસતો ત્યારે જુવાનોના મોઢામાંથી પણ વાહ વાહના અવાજો નીકળતા. તેની ધારવાળી તલવારે કેટલા યે હબસી અને ચીનાઇ ચાંચીઆઓનાં માથાં વધેર્યાં હતાં. તેની તોપની અચૂક નેમે અસંખ્ય વહાણોમાં ગાબડાં પાડ્યાં હતાં. આ જહાજમાં તેની સાથે તેના ત્રણ દીકરા અને બે ભત્રીજા તથા વીસ બીજા ખલાસીઓ હતા.

અષાડ વીત્યે વીજળી ચમકી અને દરિયાદોલત જંગબારને માર્ગે પડ્યું. સાથે પાંચેક ભાટીઆ, ત્રણ ખોજા, બેત્રણ વાણિયા અને બેત્રણ બ્રાહ્મણ મુસાફરો હતા. ભાટીઆ અને ખોજાઓ વેપારીઓ હતા. પાંચપાંચ વરસની બબ્બે ત્રણત્રણ સફરો કરી તેઓ જંગબારમાં પોતાનો ધંધો સંભાળવા જતા હતાં. જંગબાર, મૉમ્બાસા દારેસ્સલામની ચારે બાજુએ ગામડેગામડે મહાગુજરાતના વેપારીઓની દુકાનો હતી. પાંચથી દસ વરસની લાંબી સફર એ વેપારીઓ કરતા. વચમાં બે વરસ દેશ આવી જતા ને પાછો ખજાનો તર કરવા જંગબારની સફર કરતા. બ્રાહ્મણ વાણિયા મહેતાજીનું કામ કરતા. એકાદ બેની પરચુરણ દુકાનો જંગબારમાં હતી.

પણ વહાણમાં સાથે મુસાફરી કરતાં સૌ એક કુટુંબવત થઇ ગયા હતા. સૌએ સાથે ભાતું લીધું હતું. તે સિવાય વહાણમાં લોઢાના ચુલાઓ ઉપર ગાંઠીઆ, ભજીઆં, પુરીઓ, મીઠાઇ વગેરે દરરોજ બનતાં. સૌ રમતાં જમતાં આનંદ કરતાં મુસાફરી કરતા હતા. વખત ગાળવા વાર્તાઓ કરતા, ગંજીપે રમતા કે ભજનકીર્તનો કરતા. આમ સમય વીતી જતો હતો. એવામાં તોફાને ભારે વિઘ્ન નાખ્યું.

તોફાન થતાં જ ઉતારૂઓ ગભરાઈ ગયા. તેમને નાખુદાના હુકમથી વહાણના ભંડારીઆમાં ઉતારી દેવામાં આવ્યા. ભયંકર તોફાનમાં ઉતારૂઓના હોશકોશ ઊડી ગયા હતા. ઘણાઓ ઓકારીઓ ખાવા લાગ્યા. કેટલાકો પ્રભુનું નામ લેતાં આ પ્રલયકાળ જેવો સમય જેમતેમ પસાર કરતા હતા. આખરે તોફાન શમ્યું. પરંતુ વહાણ તદ્દન ખોખરૂં જાંજરૂ બની ગયું. મોટા મહેલમાં આગ લાગ્યા પછી જેવું ખંડેર બાકી રહે તેવું ખંડેર જેવું વહાણ તોફાન પછી બની રહ્યું. તોફાન નમતાં જ નાખુદાએ વહાણની મરામત કરવા માંડી. ચપળ વાંદરા જેવા ખલાસીઓ નાખુદાના હુકમ મુજબ વારફેર કરવા લાગ્યા. ચાર ખલાસીઓ સઢમાં મોટાં થીગડાં સીવવા મોટા સોયા અને દોરા લઇ મંડી પડ્યા. બે ખલાસીઓ કુવાથંભને ખીલાઓ વડે લાકડાનાં થાપા મારી મજબૂત બનાવતા હતા. ત્રણ ખલાસીઓ નવી આલાન (રસારસીઓ) બાંધવા મંડ્યા હતા. તોફાનમાં બેવડા વળી જવા જેટલી હરદમ સખ્ત મહેનત કરનાર ખલાસીઓ તોફાન શમી ગયે નુકસાની ખાનાર વેપારીની પેઠે બચ્યું તે સંભાળવા લાગ્યા. સુકાન, પરમર વગેરેને મરામત થઈ ગઈ હતી. કેટલાક ખલાસીઓ વહાણમાં ભરાએલું પાણી કાઢી હવે તુતકને સાફ

કરતા હતા. થોડા કલાકોમાં તો વહાણની ઠીકઠીક મરામત થઇ ગઇ. ખલાસીઓ હવે જંપ્યા.

બીજે દિવસે પહો ફાટતાં વાવડો બદલાયો. જુસા નાખુદાએ ફરી સુકાન હાથમાં લીધું. વહાણને વાંઢાર દબાવવા નીરમની વારફેર થઇ રહી. પવન પાણીના વહેણમાં વહાણ એ અનુભવી નાખુદાની દોરવણી નીચે આગળ વધવા લાગ્યું. જમને પણ જવાબ દે તેવાં ખલાસીઓના શરીરો નીચાં નમીનમીને હાયધોરા કરતા સઢને સુકાનની ચાલ મુજબ વધારવા માંડ્યા. ઉપર આકાશમાં સૂર્યદેવ વહાણ ને દરિયાને સોનેરી રંગે રંગી રહ્યા હતો. કાળાં પાણી સોનેરી સૂર્યના પ્રકાશમાં ઝગારા મારતાં ઘૂઘવાટ કરતાં હતાં. ઘાયલ થએલા પક્ષીની માફક વહાણના સાંધાઓ ચરડ ચરડ ચિત્કાર કરતાં હતાં.

'દરિયા સલામત ! ખુદાજી મહેરથી વહાણ ને પાણ ભરયાંસી.' અબ્દુલ્લાએ ઉદ્‌ગાર કાઢ્યા.

માશાલ્લા ! એડાં એડાં તોફાન તો વહાણ ઘણે ખાધઇ આય. પણ વહાણજી નસીબ બુલંદ અઇન. દરિયાપીર હમેશાં ભચાઇ ગને તો જુસા (બચાવી લે છે.)' નાખુદાએ જવાબ આપ્યો.

વહાણ હો . . . ઓ . . ઓ . . ઓ . .' સઢ ઉપર ચડેલા ખલાસીએ બૂમ નાખી.

જુસા નાખુદાએ સાવધાન થઇ ગરુડ જેવી પોતાની તીક્ષ્ણ આંખ ખલાસીની આંગળીની દિશામાં માંડી. દૂર દૂર એક વહાણ દેખાતું હતું. તેની બાંધણી આરબ ઘાટની હતી. તે ઉપર સંકટમાં હોવાનો સફેદ વાવટો ચડાવવામાં આવ્યો હતો. તેનો કુવાથંભ ભાંગી પડેલો દેખાતો હતો. તેની આલાત હવામાં અદ્ધર ઊડતી હતી. દૂરથી તે વહાણ તોફાન ખાઇને ઘાયલ થએલ ડૂબતા વહાણ જેવું જણાતું હતું.

જુસો માલમ મરદબચ્ચો હતો. સંકટમાં પડેલા વહાણને જોઇએ. પૂરતી મદદ આપવી એ દરિયાઈ કાનૂન તે બરાબર સમજતો હતો. દરિયામાં તો સર્વે ભાઇઓ. ત્યાં નાતજાતનો કે દેશનો ભેદ ન હોય.

'ઘામણુ ઢીલા, હાંજા આરિયા, મોરો ઢીલ . . .' એણે ત્રાડ નાખી. તરત જ વહાણ દિશા બદલી સંકટમાં આવી પડેલા એ વહાણ તરફ ધસ્યું.

'ધોસ ચિકાર-સુકાન દાઉ—લોલી આરિયા.' વહાણ નજદીક આવતાં જુસા નાખુદાએ હુકમ છોડ્યો.

દરિયાદોલતની ખબા બોરડુ તરફ સામેનું સંકટમાં સપડાએલું વહાણ પડ્યું હતું. અચાનક કોઈ અણચિંતવ્યો ફેરફાર થવા લાગ્યો. ઘાયલ થએલું એ વહાણ ટટાર થાવા માંડ્યુ. કુવાથંભ મજબૂત રીતે ઊભો કરી લેવામાં આવ્યો. તુટેલા રસારસીઓ સંધાઇ ઠીક થઇ ગયાં. સફેદ વાવટાને ઠેકાણે અર્ધચંદ્રાકાર કાળો વાવટો ચડાવી દેવામાં આવ્યો. તુતક ઉપર બેચાર જ માણસો દેખાતાં હતાં તેને બદલે સોએક હથિયારબંધ માણસોનાં હથિયારો ઝણઝણાટ કરવા લાગ્યાં: મોટું પુનરાવર્તન થયું. ખંડેર જેવું લાગતું વહાણ જરાવારમાં હથિયારબંધ સાજુંતાજું વહાણ બની ગયું ને બનતી ઝડપે દરિયાદોલતને ભેટવા છૂટયું.

જુસબની ચકોર આંખને સ્થિતિ સમજી લેતાં વાર લાગી નહિ. 'અરે ! ધગો બેએલીડા ! માશાલ્લા ! ઇ તો જાસમી કુત્તા લગતાં ! છાબારા છોરાંઉં ઇની કુત્તેકે દોજખજો રસ્તો બતાયોં.'

તરત જ ખલાસીઓ ભંડારિયામાંથી પોતાનાં હથિયારો લાવવા દોડ્યા ને દારૂગોળો તૈયાર કર્યો. હથિયારોનો ખણખણાટ ચારે તરફ થઇ રહ્યો. જુસબે સુકાન પોતાના હાથમાં લીધું અને વહાણ ચકરાવે નાખી છટકી જવા પ્રયત્ન કર્યો. પરંતુ ચાંચિયો સાવધ હતો. જેમ નીચે ઊડતી ચકલી ઉપર શકરો ઓચિંતી તરાપ મારી તેને પંજામાં પકડી લેવા પ્રયત્ન કરે તેમ ચાંચીઆએ પોતાના વહાણને ઝડપથી આ ચકરાવામાં પડતા વહાણના રસ્તાની વચ્ચે આંતર્યું; અને જોતજોતાંમાં તેના એ વહાણમાંથી લોઢાનાં કડાવાળો રસો પસાર થતા દરિયાદોલતની ખૂંપમાં જઇને પડ્યો. બંને વહાણો સાથે ઘસડાયાં અને એકબીજાની બાજુમાં ચાલવા માંડ્યાં. પરંતુ જુસબે સમયસૂચકતા વાપરી પોતાના જંગી કુવાડાને બંને હાથે ફેરવીને એક ભારે ઘા કર્યો. રસો કપાઇ બે કટકા થઇ ગયા. બંને વહાણો છુટાં પડી ગયાં. દરિયાદોલતના ખલાસીઓએ વિજયનો ચિત્કાર કર્યો.

પરંતુ ચાંચિયાઓનું વહાણ એમ શિકારને છોડી દે તેમ નહોતું. તેણે તરત જ દરિયાદોલતનો પીછો પકડ્યો. હમણાં જ બીમારીમાંથી ઊઠેલું વેપારી વહાણ ઝડપમાં ચાંચિયાઓના વહાણને પહોંચે તેમ નહોતું. થોડી જ મિનિટોમાં ચાંચિયાઓનું વહાણ 'અલ હસન' પાછું નજદીક આવી પહોંચ્યું. પણ એટલામાં તો




ગામડાંના શણગાર
ચિત્રકાર • રસિકલાલ પરીખ



વિચારવમળ

ફોટો • રામપ્રસાદ વ્યાસ

આ અંકની ફોટોગ્રાફી હરીફાઈમાં બીજું ઈનામ મેળવનારું ચિત્ર



વહાણની હીલચાલ પડતી મૂકી ખલાસીઓ પોતાનાં હથિયારો સંભાળી વહાણનું રક્ષણ કરવા તત્પર થયા.

જુસબે પોતાની લાંબી નાળવાળી અરબ્બી બંદુકની ચોકસાઇથી નેમ લીધી અને બીજા હાથમાં રાખેલી જામગરીથી એને દાગ દીધો. બંદૂકે જરા આંચકો ખાધો. તેમાંથી સનસનાટ કરતી ગોળી છૂટી અને 'અલ હસન'ના સુકાનીના માથામાં પ્રવેશ કરી ગઇ! તરત જ એ આરબ સુકાની બે હાથ ઊંચા કરી 'યા! અલ્લાહ' કરતો નીચે ઢળી પડયો. સુકાનના નિયંત્રણમાંથી આમ અચાનક છૂટું થએલું વહાણ બીજી જ દિશા તરફ વળી ગયું. અને દરિયા દોલતને છટકી ભાગવાનો લાગ મળ્યો. બંને વહાણોમાંથી દેશી બંદુકોમાંની ગોળીઓ છૂટી ધણધણાટ અવાજ કરતી ચારે તરફ ઊડવા લાગી. બંને વહાણોમાં કોઇકોઈ ખલાસી ઘાયલ પણ થયા. 'અલ હસન'ને બીજી તરફ વળી ગએલું જોઇ વેપારીના ખલાસીઓએ ફરીથી જયનાદ કર્યો.

અલ હસનના સુકાનનો તરત બીજા આરબે કબજો લઇ વહાણને ઠીક કર્યું ને ફરી પાછી દરિયાદોલતની પૂંઠ પકડી. હવે શિકાર છટકી શકે તેમ નહોતું. 'અલ હસન' સાવચેતીથી પણ મક્કમતાથી આગળ વધતું હતું. જુસબે સુકાન પોતાના હાથમાં લીધું અને નજદીક આવતા ચાંચિયાને સફાઈથી તે પોતાના વહાણથી દૂર રાખવા માંડયો. બંને વહાણોના સુ ાનીઓ વચ્ચે વહાણ ચલાવવાની ચતુરાઈની હવે જીવતોડ હરીફાઇ ચાલી. એક ચપળ પરંતુ માંદગીમાંથી તરતના ઊઠેલા યુવકને અને એક મજબૂત અને જોરાવર સ્નાયુવાળા રાક્ષસની સાથે કુર ી થતાં યુવક જેમ પોતાની ચપળતા ને શૌર્યથી વધારે મજબૂત યોદ્ધાને હંફાવવા પ્રયત્ન કરે તે પ્રમાણે આ યુદ્ધમાં થયું. જુસબ પોતાના હળવા હાથથી સુકાન ફેરવી દરિયાદોલતને આડુંઅવળું ભમાવવા લાગ્યો.

પચાસપચાસ વરસો સુધી તેણે દરિયો ખેડયો હતો. માત્ર સૂતાનાં નસકોરાંભર પવન હોય તોપણ સઢ પવન ભરી લે એવા હળવા હાથે એ સુકાન ઝાલતો. કોઇ મદારી પોતાના શીખવેલા પાળેલા વાંદરાને જેમ આંગળીને ઇસારે નચાવે તે મુજબ જુસબ પોતાના વહાણને દરિયાની પીઠ ઉપર ઇસારા મુજબ ફેરવવા લાગ્યો. ચાંચિયાનાં ઘણાં આક્રમણો એણે પોતાની હોશિયારીથી વિફળ કર્યાં. બંને વચ્ચે ચતુરાઇભર્યા અટપટા દાવપેચ ચાલી રહ્યા. જુસબ સમય લંબાવ્યે જતો હતો. આખરે તો પોતે મજબૂત ને બળવાન હરીફની સામે બહુ લાંબો વખત ટકી શકશે નહિ એમ તેને જણાયું હતું; છતાં લંબાવવાથી વખતે કદાચ કોઇ પસાર થતું વહાણ કે ફતેહમારી મદદે આવી ચડે એવી તેને ઉમેદ હતી. તેના ખલાસીઓ પણ ચપળતાથી તેના હુકમ મુજબ સઢની વારફેર કરતા હતા.

પવન મંદમંદ વાતો હતો. દરિયાનાં કાળાં પાણી સૂર્યપ્રકાશમાં ચળકાટ મારતાં હતાં. વહાણોના સઢોમાં પવન ભરાયો હતો. બંને અતિ ઝડપથી વારંવાર દિશાઓ બદલી આગળ વધતાં હતાં. ઓચિંતું 'અલ હસન' આડી દિશા લઇ આગળ નીકળી ગયું અને જેવી રીતે બાજ પક્ષી આગળ વધી નીચે ઊડતી ચકલીની પીઠ ઉપર તૂટી પડે તેમ ચાંચિયાએ આગળ વધી ઓચિંતી દરિયાદોલત ઉપર તરાપ મારી. એ તરાપની ઝડપમાંથી દરિયાદોલત આગળ વધીને નીકળી શકે તેમ નહોતું; પાછળ હઠીને બીજો માર્ગ લેવા જેટલો સમય નહોતો. કોઇ રીતે એ ઝડપભરેલી તરાપમાંથી બચવાનો રસ્તો નહોતો. છતાં જુસબે પોતાના હસ્તલાઘવથી સુકાનને એકદમ ફેરવી, આવતા શિકારી સામે જ મોરચા માંડી દોટ મૂકી ને દોડી આવતા દુશ્મનનો બરાબર સામનો કર્યો. શિકારને સામી તરાપ મારતો જોઇ તરાપ મારનાર શિકારી જરા ખંચાયો. અને એ તકનો લાભ જુસબ સફાઇથી સુકાન ફેરવી પડખેથી નીકળી ગયો! તેના ખલાસીઓએ ફરીથી જયઘોષ બોલાવ્યો. આ રીતેની પટાબાજી ઘણા કલાકો સુધી ચાલુ રહી.

પરંતુ ઇશ્વરે જુદું જ ધાર્યું હતું. સાંજ પડવા આવી હતી. આ રમત રાત સુધી લંબાય તો અંધારામાં શિકારને છટકવાનો સંભવ હતો. પરંતુ એવામાં એક અકસ્માત થયો. 'અલ હસન'ના સામનામાંથી છટકવા દરિયાદોલતે ખેવડ ખાધી. એ ખેવડ ખવડાવતાં બીજા સઢનો સાંધેલો રસ્સો તોપના ગોળાની પેઠે ભારે અવાજ કરતો તૂટ્યો. વહાણે લથડિયું ખાધું. સઢને પકડી તરત બીજો રસ્સો બાંધીને સરખો તો કરવામાં આવ્યો, પરંતુ એટલામાં દુશ્મનને પૂરતો સમય મળી ગયો. તેણે ઓચિંતા આવી જમણી બાજુની ખૂંપમાં લોઢાનો આંકડો ભેરવી દીધો. જરા વારમાં બંને વહાણો લગોલગ થઇ ગયાં. ચાંચિયાઓએ બેય વહાણોને બે છેડે ભેગાં બાંધી લીધાં. બંને સાથે તણાવા લાગ્યાં!

અને હથિયારબંધ ચાંચિયાઓ દરિયાદોલતના તુતક ઉપર કૂદી પડવા પડાપડી કરવા લાગ્યા. જુસો માલમ ચેતી ગયો. તેણે પોતાની તલવાર મ્યાનબહાર કરી. તેના ખલાસીઓ પણ વહાણની હીલચાલને પડતી મૂકી પોતાનાં હથિયારો ઉપાડી વહાણનું રક્ષણ કરવા તત્પર થયા.

'ખુદા હાફિઝ બેલીડા! અજ આંજી માંયે! જો દૂધ પીધાં અયો સે ઇની કુત્તેકે બતાઇ દીજા. બેલીડા! જીવતે હથમે આયા તો દોજખમેં પે જેડા હાલ થીધાં. છાબાશ મંજે ભચલેંકે! (શાબાશ મારા બચ્ચાઓને!)' જુસબે પોતાના ખલાસીઓને પડકાર કર્યો. 'હાદે ઓઆદમ કતલુ, લાધાઈ હઈ (કોઇ લડવૈયાને જીવતો જવા દેશો નહિ.' આરબ સરદારે અરબ્બી ભાષામાં બૂમ નાખી.

દેશી બનાવટની બંદુકો અને પિસ્તોલોનો ચાલુ ગોળીબાર બંધ થયો ને તેને બદલે સેંકડો ઉગામેલી તલવારોનો ખણખણાટ થઇ રહ્યો. જુસા માલમે પોતાનાં માણસોને જુદાંજુદાં સ્થળોએ રક્ષણ કરવા ઊભા રાખ્યા અને પોતે દસ માણસો લઇને ચાંચિયાઓનો ધસારો ખાળવા વચ્ચે ઊભો રહ્યો.

ધસ્યા આવતા પ્રવાહની પેઠે આરબ ચાંચિયાઓએ મજબૂત ધસારો કર્યો. પરંતુ બહાદુર ખલાસીઓએ તેમને હેતભર વધાવી લઇ યોગ્ય માન આપ્યું. ચારે તરફથી ચાંચિયાઓ ધસ્યા. 'મારો મારો'ના પોકારો થઇ રહ્યા. હથિયારોના અવાજો અને ઝણઝણાટોથી વાતાવરણ ભરાઇ ગયું. તલવારે તલવાર મળતાં અગ્નિ ખરવા માંડયો. ખલાસીઓ જાણતા હતા કે જો જીવતા આ ક્રૂર મનુષ્યોના હાથમાં સપડાયા તો પાછા ઘરભેગા થવાશે નહિ, એટલું જ નહિ પણ જીવતાં નરકવાસ ભોગવવો પડશે. તેઓ જીવનની આશા મૂકી લડવા

લાગ્યા. આરબોની સાથેના સેંકડો ગોલાઓ (હબસી ગુલામો) એકબીજાને ધક્કા દઇ સામેના વહાણ ઉપર પગદંડી મેળવવા માટે ભારે પ્રયત્ન કરવા લાગ્યા. જુસા માલમે તલવારથી એક હબસી ગોલાની છાતી ઉપર ઘા કર્યો. બીજાનો હથિયારવાળો હાથ કાપી નાખ્યો. વહાણના તુતક ઉપર પગ મૂકવા જનાર ત્રીજાના પગ ઉપર ઘા કર્યો. આમ જ્યાંજ્યાં હલ્લાનું વધારે જોર હોય અને પોતાનો પક્ષ હલ્લાને ઝીલી શકતો ન હોય ત્યાંત્યાં તે પહોંચી જતો અને હથિયારબંધ ગોલાઓને પાછા હઠાવતો.

પરંતુ છેવટે ઘણાં માણસોનો એ મજબૂત ધસારો ખલાસીઓ ખાળી શકયા નહિ. તેઓને પાછા હઠવું પડ્યું. દરિયાદોલતના તુતક ઉપર કાળા પગોનો પગરવ થયો. જુસા માલમે આ જોયું. તેની તલવાર એક સીદીની સાથે લડતાં ભાગી ગઇ હતી. જુસો માલમ જીવ ઉપર આવી ગયો. તેણે વહાણનો મોટો હથોડો ઊપાડી બે હાથે આડા ને અવળા ઘા મારવા માંડ્યા. જેના આવ્યા તેના હાથ. પગ, માથું છાતી ઉપર તે આંધળીઆં કરીને હથોડા ઠોકવા માંડયો. તેનામાં અનેક મનુષ્યોનું બળ આવી ગયું. તેની દૃષ્ટિ આસપાસનું સર્વે ભૂલી જઇ માત્ર કાળા સીદીઓ જ જોવા લાગી. તેમને મારી હઠાવવા સિવાય તેને બીજો કોઇ વિચાર સૂઝતો નહોતો. તલવારોના ઘાને ચુકાવતો અહીંતહીં ઘૂમતો તે હબસીઓનાં માથાં ભાંગવા લાગ્યો. મરણિયા થઇ તેણે પોતાની આસપાસ મુડદાંઓનો ઢગલો કરી મૂકયો. તેનું શરીર અનેક જખમોથી છવાઇ ગયું.

ચાંચિયાઓનો સરદાર મરઝુક બિન અબુનાલેબ પોતાના ચાંચિયાઓને ઉશ્કેરતો વહાણને જલદી સર કરવા ઉત્સાહ આપતો હતો. જુસા માલમના આ અતિમાનુષી પરાક્રમોથી તેના માણસો પાછા હટવા લાગ્યા ને શત્રુના તુતક ઉપર મેળવેલો કાબૂ ગુમાવવા જેવું થયું. તે તરત જ મોખરે આવ્યો. હોશિયારીથી કૂદી તેણે જુસાના હથોડાનો ઘા ચુકાવ્યો અને પાછા કૂદી એણે સફાઇથી પોતાની મોટી તલવારનો ઘા કર્યો. પરંતુ જુસો નીચે પડી તે ચુકાવી એકદમ તેના પગે બાઝી પડયો. તલવાર હવામાં જ વીંઝાઇ અને જુસાએ એના પગોને મડાગાંઠ વાળી દીધી. બંને નીચે પડયા અને બીજો કોઇ બચાવવા જાય તે પહેલાં તો વહાણના તુતક ઉપરથી બંને મહાસાગરના મહેમાન બન્યા.

જરાવાર લડાઇ બંધ રહી. બંને લડવૈયાઓએ સમુદ્રમાં પડતાં પોતાની ખેંચતાણ મૂકી નહિ. પાણીનાં મોજાંઓ ઉપર તેઓની ભીષણ બાથાબાથી જામી. બંને એકબીજાને સમગ્ર બળથી બાઝી પડ્યા. હિંદી મહાસાગરના પારદર્શક જલમાં પાણીના ગૂંગળામણને ન ગણકારતાં એકબીજાનું ગળું ભીંસતા, માત્ર મારવું કે મરવું એવી એક જ વૃત્તિવાળા એ બંને યોદ્ધાએ બીજાઓ તેમને બચાવવા પહોંચે તે પહેલાં જ જળસમાધિ લીધી ને થોડીવારમાં સમુદ્રની સપાટી પર થોડા પરપોટા સિવાય તેમનું નામ નિશાન રહ્યું નહિ.

બંને તરફના લડવૈયાઓ અવાક્ થઈ એકાગ્ર ચિત્તે અજાયબીથી આ દ્વંદ્વ યુદ્ધ જોતા હતા. હબસી ગુલામોનો ઉપરી ભીમકાય કાસમ એકદમ સચેત થયો. તેણે પોતાની મોટી તલવારથી એક સામેના ખલાસીને જનોઈવઢ કાપી નાખ્યો. આરબો આથી ઝનૂનમાં આવી ગયાઅને હવે કાસમની સરદારી અને અગેવાની નીચે તેમણે સામા ખલાસીઓ ઉપર ભયંકર ધસારો કર્યો. આ ઝનુની ધસારાને ઝીલવા ખલાસીઓએ ઘણા યે પ્રયત્ન કર્યા; પરંતુ ખલાસીઓનો આગેવાન સમુદ્રને ખોળે સૂતો હતો. બીજા બધા ખલાસીઓમાંથી દરેકે દરેક ઘવાયો હતો. જુસાના બે દીકરા અને એક ભત્રીજો જુસાની સાથે પરવરદિગારની તહેનાતમાં સીધાવ્યા હતા. પાંચસાત ખલાસીઓનાં પ્રાણ વગરનાં ખોખાં તુતક ઉપર પડ્યાં હતાં. આમ આગેવાન વગરના ઘવાએલા અને છિન્નભિન્ન ખલાસીઓ કાસમના આ ભયંકર હલ્લાને ખાળી શકયા નહિ. કાસમ અને તેના ગુલામોએ દરિયાદોલતના તુતકનો કબજો લઇ લીધો.બાજી હાથથી ગઈ જાણી બાકીના ખલાસીઓ શરણે આવ્યા.

ચાંચિયાઓએ માર્યા ગએલા ખલાસીઓના મૃતદેહોને સાગરમાં હોમ્યા. જે બેત્રણ સખ્ત ઘાયલ થયા હતા એમને પણ માછલાંઓના ખોરાક માટે સાગરને સોંપ્યા! કાસમ મુસાફરોના ભંડારીઆમાં પેઠો અને ત્યાંથી કાંઇક હાથફેરો કરી લીધો. પછી મુસાફરોને ત્યાંથી કાઢી 'અલહસનાના' ભંડારીઆમાં પૂરવામાં આવ્યાં. વહાણમાંની દરેક કિંમતી વસ્તુ લૂંટી લેવામાં આવી. ઘાયલ થએલા ખલાસીઓને એવી જ હાલતમાં

(અનુસંધાન આગળ પાન ૩૩૫માને છે)

એક પંખીનું વેર . . .

'JOCK of the Bushveld' (જૉક ઑફ ધ બુશવેલ્ડ) નામના એક અંગ્રેજી પુસ્તકમાંના એક ભાગનું આ ગુજરાતી રૂપાંતર છે. એના લેખક સર પર્સી ફિટ્ઝર્પૅટ્રિકે આ વાર્તા પોતાનાં નાનાં બાળકોના આનંદ ખાતર લખી છે. જૉક નામનો કુતરો લેખકના જીવનમાં શો ભાગ ભજવી ગયો, એ તે વાર્તાનું મુખ્ય વસ્તુ છે. પરંતુ એની સાથે આફ્રિકાનાં જંગલોમાં લેખકે ગાળેલું જીવન, શિકારી તરીકે અને માલ લઇ જનાર ગાડીવાન તરીકે એને થએલા વિવિધ અનુભવો વગેરે એવી તો સુંદર રીતે એમાં ગૂંથ્યા છે કે એક વખત પુસ્તક શરૂ કર્યા પછી હાથમાંથી હેઠું મૂકવું ગમતું નથી. જંગલની વિવિધરંગી પ્રાણીસૃષ્ટિનાં એમાંનાં સ્વભાવવર્ણન સર્વાંશે સાચાં હોઇ આ ગ્રંથ આફ્રિકાના પ્રાણીશાસ્ત્રની પ્રવેશિકાની ગરજ સારે છે. દેખીતારીતે તો નાનાં બાળકો માટેનો આ વાર્તાગ્રંથ છે, પણ પુખ્ત વયવાળા તેમજ પરિપક્વ અનુભવીને પણ એમાં ખૂબ રસ પડે તેમ છે. હાસ્ય, કરુણ, વીર વગેરે પૌરુષને પોષનાર રસોનું સુંદર સપ્રમાણ મિશ્રણ જીવન્ત પ્રસંગોથી લેખકે એમાં કર્યું છે.

'અલ્યા, ન્હોય એ તમારો ડોબાંચારૂનો ચુંવાળ. એ તો ભુરિયાનો મલક . . .'

એનું નામ સેંઘો. એનાથી બ્હીએ તે સેંધાજી દરબાર કહે. મૂળ સુંણસરનો વતની. જવાનીમાં એક લાકડીએ આખું ગામ હાંકતો. અને એનો મિજાજ? તાકાત છે કે એના ગામ વચ્ચે થઇને એની નજરે કોઇ ઘોડે બેસીને નીકળે? ઝાલી ટાંટિયો ને કરે ધૂળ ભેગો! પછી ભલેને તાલુકાનો ફોજદાર હોય. અને હિંમતવાન પણ એવો જ. ભર ઉનાળે ચુંવાળમાં બપોરે સીમમાં ન નીકળાય. ના'રનું * બહુ જોર. ભલભલા પણ થથરી જાય. પણ સેંઘો ડરે? સાત ના'રી કે નવ ના'રી મળે તો ય સેંઘો લાકડી જ લઇને સામો થાય એમ કહેવાતું. જીવતા ઝરખના તો એ કાન આમળે! અત્યારે એનાં વળતાં પાણી હતાં, તો ય રૂઆબ એવો ને એવો જ. માથે મોટું ધમાલું; હાથમાં ભાંગ્યા-તૂટ્યા મ્યાનવાળી પણ અસલ શીરોહીની પાણીદાર તલવાર; અને એની એ શકરા જેવી કરડી આંખ. જરા ચમલપાણી પણ લે. તોપમારૂ પણ જબરો. ધોળે દહાડે હાથમાં તારા દેખાડે. કામ પ્રસંગે હું બહુચરાજી ગએલો ત્યારે મને એનો ભેટો થએલો. ત્યાં ધરમશાળામાં કોઇની ભલામણથી ચોકીઆત બનેલો. રાત પડે કે પાંચદસની મંડળી જામે ને સૌ ઇધરઉધરનાં ગપ્પાં મારે. એમાં જો દરબારની જીભ છૂટી થઇ તો જોઇ લ્યો મજા! 'રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ' કરતી 'રાતલડી' વહે અને સાથે સેંધાની જવાનીનાં પરાક્રમની સ્મૃતિ-સરિતાની છોળ્યો ઊછળે. જરા અમલ વધારે લેવાયો હોય તો તો એ મૂર્તિમતી કાવ્યદેવી બની જતો! હું પહોંચ્યો ત્યારે રાત પડી ગઇ હતી. ધરમશાળાના ચોગાનમાં તાપણું સળગતું હતું. 'આવો આવો રામરામ' વગેરેના વે'વારમાંથી પરવારી મેં મારી પથારી એક ખૂણામાં પાથરી અને આડે પડખે પડ્યોપડ્યો તાપણાની ટોળીના ગપાટા સાંભળવા લાગ્યો.

'. . . . અલ્યા, એ તો ભુરિયાનો મલક . . . .'

વાત એમ હતી કે જવાનીમાં સેંધાનો હાથ હતો જરા લીસો; એટલે પોલીસ એની ખબર રાખતી! હોબાળો વધારે થયો એટલે એને ગામ ને સીમ છોડવાં પડ્યાં. ત્યાં કોઇએ કહ્યું કે, હેંડ'લ્યા આફ્રિકે; બધું ટાઢું પડ્યે પાછો આવજે. એને તો એટલું જ જોઇતું હતું, એટલે ઊપડ્યો. પેટ ભરી ખાવા મળે એટલે થયું. ઘેર દીકરાળાંની પીડા નહિ. એટલે ચારપાંચ વરસ દેશવટો ભોગવ્યો. તેટલામાં તો આખો આફ્રિકા ખૂંદી વળ્યો. કદિક ખેતરમાં કામ કરે. ક્યાંક કારખાનામાં જાય. લાગ મળ્યે સફરીમાં સામેલ પણ થઇ જતો. અત્યારે એનાં આફ્રિકાનાં પરાક્રમની વાતો ચાલતી હતી.

'ભુરિયાના મલક'માં એક વખત સેંધાજી ઠાકોરને હની બર્ડની દોસ્તી જામેલી એની આ વાત છે. સવારનો વખત હતો. સેંઘો કેડે છરો અને હાથમાં બંદુક લઇ વગડામાં જતો હતો ત્યાં સામે મળ્યું હની બર્ડ. સેંધાને જોઈ પક્ષીએ ખુશાલીથી સીસોટી મારી. સામી એણે પણ મારી. એટલે બંને બન્યા દોસ્ત. આગળ પંખીને પાછળ સેંઘો, એમ બંને ચાલ્યા. ઊડતુંઊડતું હની બર્ડ એને લઇ ગયું જ્યાં હતું એક જૂનું ઝરખ ઝાડ. માંહ્ય હતો મધપૂડો. સેંધાને ભૂખ લાગેલી એટલે આખો હોઇઆં કરી ગયો. એ ખાતો હતો ત્યારે હની બર્ડ

એની આગળપાછળ ભમતું હતું. હમણાં થોડું મધ આપશે; થોડા ઢમઢોલ કીડા તો નાખશે જ; એમ આશામાં ને આશામાં એ પંખી તેની આસપાસ ઉડ્યા કરતું હતું. જેમજેમ સંધો મધ ખાતો ગયો તેમ પંખીનો ફડફડાટ વધતો ગયો. પણ સેંધો એના સામું યે શાનો જુએ? નસીબે એને ભૂલવ્યો, એટલે પરોપકારી પંખીને ભૂખ્યું મેલી આખો મધપૂડો હોઇઆં કર્યો અને હાશ કરી ઝાડેથી ઊતર્યો. હની બર્ડ બિચારૂં વલવલાટ કરતું રહ્યું અને સેંધો પોતાને પંથે પડ્યો. પણ એ ઘડીથી એની વેળા વંકી.

આખો દહાડો એ વગડેવગડો ખૂંદી વળ્યો. પણ શિકાર શેનો મળે? એકાદું જાનવર નજરે પડે, કે અહીં એનું રહેઠાણ છે એવી ગંધ આવે કે પેલું હની બર્ડ આગળ ને આગળ! ચીંચીં કરતું ને પાંખો ફફડાવતું એટલો તો શોરબકોર કરી મૂકે કે પેલું પ્રાણી ચેતી જઇને નાસી જાય અને સેંધો ખાલી હાથ ઘસે. આમ આખો દહાડો ચાલ્યું. રઝળીરવડી રાત પડ્યે એ પાછો વળ્યો. પેટમાં હાથનો ખાડો ને નસીબ બે ડગલાં આગળનું આગળ. ગામમાં પેસતાં જ ત્રણવાર ઘૂવડ ડાબું બોલ્યું; આડું ઊતર્યું શિયાળ; ઝૂંપડા ભેગો થયો ત્યાં લગી એક ઝરખ* એની પાછળપાછળ આવ્યું. આખા રસ્તે એના માથા ઉપર ચીબરી ઊડતી હતી. અને અંધારી રાતે, પવને ય ન હાલે એમ પાંખો ફફડાવતી ચીબરી ઊડતી અનુભવી હોય તેને જ એનાથી થતા થરથરાટની ખબર પડે.

સેંધો આખી રાત ઊંઘ્યો નહિ. શી રીતે ઊંઘે? પેટમાં કૂવો. ખૂણેખાંચરેથી વનવાગળાં ને કાનકઇડિયાં આવીને દાંતિયાં કરે. ખાટલામાંથી પગ હેઠો મૂક્યો કે સુંઉઉઉ કરતો દેખ્યો બે હાથનો સાપ! અને જ્યાં



પરિચય

હની ગાઈડ કે હની બર્ડ લક્કડફોડના વર્ગનું (Picarian) પક્ષી છે. એનું શાસ્ત્રીય નામ Indicator—'દર્શક'. એના કુલ નવ અંતર્વંશો છે. એમાંનો મોટો ભાગ આફ્રિકામાં વસે છે. એક વંશ હિમાલયમાં છે. કેટલાક બોર્નીઓ ને મલાયામાં વસે છે.

નરમાદા ઉભય દેખાવમાં એક જ જાતનાં હોય છે. લગભગ આપણી ચકલી જેવડો આકાર. રંગ ઝાંખો બદામી. માંહ્ય પીળા રંગની છાંટ. પાંખો અને પૂંછડીમાં સફેદી. હિમાલયમાં રહેતા હની ગાઈડનું શરીર પીઠ ઉપર કાળાશપડતું, નીચેનો ભાગ ભૂખરો. ગળું કાળું; પેટ પર પીળી છાંટ; પૂંછડી નીચે નારંગી છાયા; કપાળ સોનેરી. કોયલની પેઠે આ પક્ષી પણ બીજાં પક્ષીના માળામાં ઇંડાં મૂકી તેની પાસે સેવડા છે.

કહેવાય છે કે હની ગાઇડ, એનું નામ સૂચવે છે તે પ્રમાણે, વટેમાર્ગુને જ્યાં મધપૂડો હોય છે ત્યાં દોરી જાય છે. એના આ કહેવાતા સ્વભાવ વિષે મોટો મતભેદ છે. કેટલાક આ વાત પોતાની જાતે અનુભવ્યાનું કહે છે; બીજા એમાં કલ્પનાનું તત્ત્વ માને છે. એક પક્ષ કહે છે કે આ પક્ષીનો મુખ્ય આહાર મધમાખનાં ઈંડાં ને કીડા છે, એટલે કોઇ માણસને એ જુએ કે તેને મધપૂડો હોય ત્યાં લઇ જાય, જેથી મધ લઈ લીધા પછી ફેંકી દીધેલા ખાલી મધપૂડામાંથી એ આહાર મેળવી શકે. કદાચ કોઇ લોભથી આખો મધપૂડો લઇ જાય તો નિરાશ થએલું આ પંખી એનું વેર વાળવા ફરીથી મધપૂડાને બહાને જ્યાં દીપડા, સાપ વગેરે હોય છે ત્યાં એને લઈ જાય છે એવી માન્યતા છે. એ માત્ર માણસને જ લઇ જાય છે એવું નથી; ક્વચિત્ Ratel (Mellivora Capensis) 'વેંઝુ'*ને પણ એ ખેંચી જાય છે!

ધ્યાન ખેંચવાની એની ખાસ રીત છે. પહેલાં ઝીણી સીસોટી મારે. માણસ બેધ્યાન હોય તો પાંખોનો ફફડાટ પણ કરે. એ રહે છે જંગલમાં. ભર ઉનાળામાં પણ એ ઘણીવાર જળાશયથી ઘણે દૂર નજરે પડે છે. મધપૂડા માટેનો એનો ફફડાટ તથા આતુરતા નવાઇ પમાડનારાં છે. એનું આ આચરણ પરોપકારવૃત્તિનું પરિણામ નથી, પણ કીડાની આશાથી જ એ આટલી માથાકૂટ કરે છે. હિમાલયમાં જે Indicator થાય છે તેનો આવો સ્વભાવ છે કે કેમ તે જાણવામાં આવ્યું નથી.

* વેંઝુ, જરખ, નહાર વગેરે આ વાર્તામાં આવતાં પ્રાણીઓનો આવો જ વિસ્તૃત પરિચય આવતા અંકમાં.

નજર કરે ત્યાં દેખાય હની બર્ડ! મૂંગું પણ આંખો અંગારા ઝરતી. જાણે ખુશ થતું હોય એમ ચાંચ હલાવતું. ઊંઘ શેની, આરામ શેનો?

કાગડો બોલ્યે ઝટ ઊભો થયો. બંદુક લઇ હેંડ્યો ઊભે વગડે. આજ તો જેટલા મળે તેટલા મધપૂડા પાડીને હની બર્ડને ખવરાવું ને એ બલા ટાળું.

થોડે છેટે ગયો કે ખુશાલીનો પાર નહિ. સામેથી ઝીણી મીઠી સીસોટી સાંભળી. એનો જવાબ વાળે ત્યાં તો સામી ડાળેથી સરરર કરતું ઊડ્યું હની બર્ડ. એ આગળ રસ્તો દેખાડે ને પાછળ સેંધો. હેંડતાંહેંડતાં આવ્યો એક વહેંકળો. આ કિનારેથી પેલા કિનારે હની બર્ડ ભમતું જાય ને સેંધાને દોરતું જાય. આટલામાં ક્યાંક મધપૂડો છે એમ ધારી ઊંચે નજર રાખી વહેંકળામાં ઊતરે છે ત્યાં તો પગ આગળ સડક લેતે કે કંઇક સળક્યું! માર્યા બાપ! આ તો ખડચીતળો! અલ્યા આટલા સારૂ હની બર્ડ અહીં લાવ્યું કે? ભલા ભગવાન! આટલા નાના પંખીનું કંઇ ઝેરવેર? હોય. કરીને ખડચીતળાને ભોંય ભેગો કરી નાખ્યો. થેલી થશે કરી ચામડું ઉતારી લીધું. ઝેર ઉતારવા મહોરો કામ લાગશે ને દાંત કોઇનાં છોકરાંના ગળામાં બાંધવા આપીશ, નજર નહિ લાગે, એમ કરી એ પણ કાઢી લીધાં. અને વહેળામાંથી બહાર આવ્યો ત્યાં હની બર્ડ અલોપ!

થોડો આગળ ચાલ્યો કે સીઇઇ કરતું બીજું હની બર્ડ મળ્યું. એ લઇ ગયું એક વિશાળકાય વડની આગળ. એની ઘમ્મરઘટામાં હજાર માણસ સમાઇ જાય. હની બર્ડ થડથી ડાળે ને ડાળેથી થડ ઉપર ઊડે ને ચીંચીં કરે. ઝાડમાં મધપૂડો હશે એમ ધારી ટપ લેતેક બંદુક હેઠળ મૂકીને જેવો ચડવાનો લાગ શોધી ઊંચે નજર કરે છે કે કંઇક ઝળક્યું. અજગર જેવી વડની કાંધ પર હીરા જેવી આંખો ચળકાવતો દીપડો બેઠેલો. માથું મોટા કોડા જેવું. પૂંછડી ધીમેધીમે પટપટાવે. સેંધો ભડાક પાછો ખસ્યો ને આંખે આંખ મિલાવી પાછા પગ ભરવા માંડ્યા. ખસતાંખસતાં પગેથી ઉપાડીને બંદુક લીધી ને ભેખડેથી હેઠો ઊતરીને મૂકી દોટ. આંખો નીકળી પડે ને શ્વાસ તો માય નહિ તો યે ગાઉ બે ગાઉ ખેંચી કાઢ્યા. હાશ કરી હેઠો બેઠો ત્યાં ભાન આવ્યું કે આ તો ભૂખ્યા હની બર્ડનું વેર! હત્ તારીની.

કાંકરાવાળી ધરતી અને માથે તો ઘામ ધખે. પણ ઉચાટમાં હેંડ્યો જાય તો યે પણ મધપૂડો ક્યાંયે ન મળે. હવે આ બલા કાઢવી શી રીતે? એનો રસ્તો કેમ થાય? જો હની બર્ડ નહિ ધરાય—અરે ધરાય એનાથી સોગણું મધ નહિ આપું તો હવે મૂએ જ છૂટકો છે. નાનું ભાળી છેતર્યું એનાં આ ફળ!

આમ સવારથી તે સાંજ સુધી આખા રસ્તે હની બર્ડ મળ્યે જ જાય. પણ સેંધો હવે એની પાછળ ઓછો જ કંઇ જાય? એનો ભરોસો શો? વખતે કાળના મોંમાં ધકેલી દે. છતાં વળી એક વખત મરતાં સહેજમાં બચ્યો. બન્યું એમ કે રસ્તાની પડખે એક મોટા બાણ (રાફડા) ઉપર હની બર્ડ બેઠેલું. એમાં વખતે મધપૂડો હશે ધારી ઉપર ચડ્યો. આડું હતું એક ઝાંખરૂં. જેવું હાથેથી આઘું કરી જુએ છે કે ફૂઉંઉંઉં! મોટો લીલોછમ મામ્બા. ભાગ્યો! સાપ નિશાન ચૂક્યો એટલે જ બચ્યો. પછી તો એવી ભળાતી જગ્યાએ જવાનું એણે પણ લીધું.

આખો દહાડો ભમ્યો; ઝાડેઝાડ ને પાણપથરા ઢૂંઢી વળ્યો; પણ એક મધમાખ સરખી યે નજરે ન પડી. થાક્યોપાક્યો પરસેવે નીતરતો સેંધો પાછો વળ્યો. વચ્ચે આવી નદી. પેટ ભરી પાણી પીધું ને થાક ખાવા જરા આડે પડખે થઇ આંખ મીંચી ન મીંચી ત્યાં ચીંઇઇઇ! સામે કાંઠે બેઠેલું દીઠું હની બર્ડ. છેલ્લા પહોરથી એણે એક પણ હની બર્ડ દીઠું ન હતું. એટલે આ પેલું વેરી નહિ પણ બીજું કોઇ જ હની બર્ડ હશે ધારી ચડપ લઇને ઊભો થયો. નદી ઊતરી સામે જાઉં કરી પાણીમાં પગ મૂક્યો, ત્યાં એક ઉંદર ઘાસમાંથી ચમકીને નાઠો. આગળ એ ને પાછળ સેંધો. એમ એક પથ્થરથી બીજા પથ્થર પર ઉંદર કૂદતો જાય ને પાછળ પથ્થરે પથ્થરે પગ મૂકીને સેંધો ચાલે. અધવચ પહોંચ્યો ત્યાં નવાઇ જેવી વાત બની. પેલો ઉંદર એકદમ પાછો વળ્યો. પાછો વળીને દોડ્યો તે સેંધાના પગ વચ્ચે થઇને આવ્યો હતો તે દિશામાં નાઠો! સેંધો ઘડીભર થંભી ગયો. આમ કેમ, એ વિચાર કરે છે ત્યાં પાણી હાલ્યું, પગ આગળનો કાળમીંઢ પથ્થર હાલ્યો—હાલતો દેખાયો ને થયો સુસવાટો કે મૂઠી વાળીને નાઠો.

પગ મૂકવાનો એ પથ્થર ન હતો, પણ હતો આફ્રિકાનો જગજાણીતો માણસખાઉ મગર.

ચારચાર દિવસથી સોંઘો ઘેર છે. આજે કોઇ મધ વેચનાર આવે, કાલે કોઇ લાવે એમ મધપૂડાની વાટ જુએ છે. આખરે હરણનું ચામડું ને થોડાંક મરઘીનાં ઇંડાંના બદલામાં કોઇ સાહેબના ખાનસામા પાસેથી મધપૂડા લીધા. થોડા તાજા, બાકીના વાસી. બધા ય એમના એમ હની બર્ડના પેલા ઝાડ નીચે મૂકી આવ્યો.

તે દહાડાથી એને નિરાંત થઇ.

વાત બંધ પડી. થોડીવાર કોઇ બોલ્યુંચાલ્યું નહિ. આમાં કેટલું સાચું ને કેટલો મરી મસાલો એનો વિચાર કરતોકરતો હું સૂઇ ગયો.

'વનેચર'

દરિયાઈ શયતાન

અનુસંધાન પૃ ૩૩૧થી

લોઢાની બેડીઓ પહેરાવવામાં આવી. કોઇએ તેમના ઘા ઉપર પાટાપીંડી પણ બાંધી નહિ. તેમને લોઢાની સાંકળથી બાંધી વહાણના તુતકના નીચેના ભાગમાં પડી રહેવા દેવામાં આવ્યાં. આફ્રિકાના ખુલ્લા તડકામાં એ ઘાયલ, સંભાળ વગરના ખલાસીઓની હાલત બહુ જ દયાજનક હતી. ઉપરથી નિર્દય રાક્ષસો વારંવાર જતાં આવતાં એ બાંધેલા ખલાસીઓને ગડદાપાટુ મારીને પોતાની નિર્દયતાની વધુ સાક્ષી પૂરાવતા હતા.

દરિયાદોલતને રસ્સાઓથી અલહસનની પાછળ જકડી લેવામાં આવ્યું અને બંને વહાણો સાગરના શય-તાનોનાં આવાસ તરફ હંકારી ગયાં.

(આ રસમય સાગરકથાનો આગળનો હપતો આવતા અંકમાં)

પ્રાણાયામ

કોઈ વ્યાયામપ્રેમીને પૂછો કે કોઇ શરીરસ્વાસ્થ્યના હિમાયતીને મળો તો તેઓ પ્રાણાયામ ઉપર કાંઇ ને કાંઈ વિવેચન કરશે. પ્રાણાયામ એટલે વધારે વાર ઊંડો શ્વાસ લેવાની ક્રિયા ને પ્રતિ ક્રિયા. તમે એ કરો છો?

તમને કંટાળો આવે છે? કે એ કરવું ગમતું નથી? તમે દોડો છો, અખાડામાં જઇ દંડબેઠકો કરો છો, રમતો રમો છો, કામ કરો છો;–તો પછી પ્રાણાયામ કેમ નથી કરતા? તમને પ્રાણાયામ વગર ચાલે છે?

જીવન જીવો છો એટલે તમારો શ્વાસ તો ચાલે છે. એ શ્વાસ લીધા વિના તમને ચાલે છે? એક દિવસ મૂંગા રહી શકશો, એકાદ દિવસ ઉપવાસ કરી શકશો, એક દિવસ એમ બધી વસ્તુઓની કદાચ હડતાળ પાળી શકશો; પણ શ્વાસની હડતાળ પાડી શકાશે?

પ્રાણાયામ શરૂ કરો. તેમાં સાધન નથી જોઇતાં. તેમાં કલાક વીતવાના નથી. એમાં તો ફક્ત દસ જ મિનિટ જોઇશે. આખા દિવસમાં ક્યારેક તમે ખુલ્લા મેદાનમાં જતા હશો, મકાનની અગાશીમાં કે બારીએ ઊભા રહી પવનની લહેરો અનુભવતા હશો. તે વખતે દસ મિનિટ —ફક્ત દસ જ મિનિટ પ્રાણાયામ કરો.

તમે કદાચ અખાડામાં નહિ જઇ શકતા હો, દંડબેઠક નહિ કરી શક્તા હો, દોડતા નહિ હો, રમતો રમતા નહિ હો. ત્યારે પછી પ્રાણાયામ કરોને? દસ જ મિનિટ કરો.

આખો દિવસ ઘરમાં રહેનાર સ્ત્રીઓએ, શરમાળ યુવતીઓએ, માંદાં માણસોએ, કામધંધામાં રચ્યાપચ્યા રહેનાર માણસે, મોટરમાં સહેલગાહ કરનારે—બધાંએ પ્રાણાયામ કરવો. એક વાર શરૂઆત તો કરો.

અને શરૂઆત કરી એટલે તમને પ્રાણાયામથી શરીરના એકેએક અંગને પોષણ મળતું લાગશે. તમને અજીર્ણઅપચો દૂર થશે; તમારા જઠરાગ્નિને પ્રદીપ્તી મળશે. તમારા લોહીમાંથી વિકાર જશે ને નવીન તત્ત્વો આવશે. આખો દિવસ સ્ફૂર્તિમય વીતી જશે.

પણ પરિણામ જાણતા હો ને એની સાચી રીત ન જાણતા હો તો પરિણામ શૂન્ય જ આવવાનું. એકવાર ઉમંગમાં આવી શરૂઆત કરો ને આળસ આવી જાય તોપણ પરિણામ શૂન્ય. દસ મિનિટ શ્વાસ લીધો એટલે પ્રાણાયામ પૂરો થયો એમ માની રખે મલકાતા.

ખુલ્લા મેદાનમાં જાઓ, ફરવા જાઓ, અટારીએ જાઓ, બારીએ જાઓ; પુષ્કળ પવન આવતો હોય એવા સ્થળે જાઓ ને ઊંડો શ્વાસ લો. છાતીથી પેડુ સુધી ઊંડો શ્વાસ લો. થોડીવાર તે રોકી રાખો ને પછી ધીમે ધીમે તે છોડી દો. આમ દસ મિનિટ કરો. દિવસ હોય કે રાત્રિ, જાગૃત સ્થિતિમાં રોજ ઊંડો શ્વાસ લેવાની ટેવ પાડો. કંટાળશો મા. તમને ઊંડો શ્વાસ લેવાની કુદરતી ટેવ પડવા દો. અને એનો ચમત્કાર અદૃશ્ય જણાશે.

(ગુજરાત સમાચાર)

ધ્વનિ . . . . એ નામ નીચે શરૂ થતો કાવ્યવિભાગ

વર્ષો પહેલાં, શ્રી ભાઇશંકર કુબેરજી શુકલ (બોટાદકરના લગભગ સમકાલીન પણ તેમના જેટલા વિપુલ અને પ્રસિદ્ધ નહિ)નો કાવ્યસંગ્રહ જે નામથી બહાર પડયો હતો તે જ નામ-હૃદયરંગ-થી શ્રી હરિહર ભટ્ટનો કાવ્યસંગ્રહ હમણાં પ્રકટ થયો એ એક અકસ્માત છે. 'એક જ દે ચિનગારી' જેમની કીર્તિદા બની છે તેમના એ સંગ્રહનું અંતિમ કાવ્ય આ નીચે ઉતાર્યું છે. હૃદયને ત્વરાથી સ્પર્શીને વિલીન થતા દિવ્ય ભાવોને ઉતારવાના પ્રયત્નની કૃતકૃત્યતા જે રોચક રીતે ગણાવી છે તેની સાથોસાથ એ ભાવોને આપેલું સમડીની ચિલ-ઝડપનું રૂપક તમને કેવું લાગે છે?

વિદાય

· પૃથ્વી ·

વિદાય!—કટુ એ દિસે સુખન સર્વને, તે છતાં
'વિદાય' સઘળા સમાગમ પછી કહેવું પડે!
ઊડે સમડી કો ઊંચે, ઝટ દઈ ધસે ભૂ પરે,
ગ્રહી કંઇક ચાંચમાં સડસડાટ ઊંચે ચડે;
ક્વચિત્ હૃદયને ય ભાવ ત્યમ દિવ્ય સ્પર્શી જતા,
રહે હૃદય નાચતું તરલ સ્પર્શના તાલમાં:
મથ્યો કંઇ ઉતારવા અગમ નૃત્ય એ શબ્દમાં,
પરંતુ અતિશે અયોગ્ય મુજ શબ્દ ભાસ્યા મને;
પૂર્યો તુજ હૃદે જરાક પણ તાલ એ તાલમાં
ન તો વિફલ હું ગણું હૃદયનૃત્ય આ માહરૂં.

હરિહર ભટ્ટ

અનેક પ્રયત્ન, અનેક મથામણ અને વેદના છતાં અંતરમાં રહેલું અણકથ તત્ત્વ વ્યક્ત ન કરતાં દમી રહે છે તે વેળાની ઉરની અપૂર્ણતાની વ્યથા ગાતું ગાન:

અપૂર્ણ ગીત

· પૃથ્વી ·

તરંગ સમ સિંધુના રજની ને દિનો વ્હે જતાં
કરૂં યતન તોય ના કહી શકું જરી હૃદ્‌કથા;
હસું કદિક વા રડું અકલ વ્યક્ત થાશે ગણી,
થતાં અફળ એ અને પ્રતિદિને વધે છે વ્યથા.

અનેક રજની જતી નયનપોપચાં ના ઢળે,
ત્યજી સકલ કાજને દિન વિતાવીઆ છે ભમી;
વિરામહીન ચિત્તને ધરણી આભ ના કૈં ગમે,
થયું ન હજુ વ્યક્ત જે નિશદિને રહે એ દમી.

પ્રકાશ જલ પૃથ્વી ને મનુજ હર્ષનાં આંસુનાં
અનેક ગીત ગાઉં ને સૂર હજુ શમે ના શમે;
વહે અકલ વેદના ઉર થકી, નહિ સૂર એ,
નહિ શબ્દ વા નહિ કથન પૂર્ણ તું જે કહે.

નહિ કદિ ય પામશે શબ્દ સૂર એ પૂર્ણતા?
હમેશ સહવી ઉરે બસ અપૂર્ણતાની વ્યથા?

પ્રહ્લાદ પારેખ

વર્ષાઋતુ તો ક્યારની વીતી ગઇ છે, છતાં મોડામોડા બહાર પડતા આ ભાદરવા અંકમાં એને લગતું કાવ્ય તો પ્રકટે જ છે. વરસાદ વરસે છે તે આકાશમાંથી માત્ર પાણી પડે છે એમ નહિ, પણ પવને ફૂંકાઇને મધુ સ્વપ્નમાં પડેલા વિરાટનાં સપ્તરંગી વસનો ઉડાડી એને જગાડયો, અને તેણે લાંબા કાળથી શાંત પડી રહેલી પોતાની રુદ્રવીણાને સમારી તેના પર મલ્હાર રાગ છેડયો એ ગાન છે, એવી નીચેના કાવ્યમાંથી કલ્પના તમને ગમે છે?— ને ગમતી હોય તો કબૂલ છે?

વિરાટની રુદ્રવીણા

· ઉપજાતિ-વસંતતિલકા ·

વિરાટ કેરી શુચિ રૂદ્રવીણા
કૈં કાળથી શાંત પડી રહી'તી;
ને પૃથ્વીતુંબી થકી તાર સહુ તૂટીને
વીંટી વજ્યા વિયત તારક ખીંટીઓ પે!

વિરાટને એ મધુસ્વપ્નમાંથી
આવી ઉઠાડયો પવને ફૂંકાઇ;
ને સપ્તરંગી વસનો નભમાં ઉરાડયા,
એ જોઇ તુંબી થકી તાર સહુ તૂટેલા

વિરાટ બેઠો ધરી દંડિકાને
પ્રખ્યાત ઉસ્તાદ મહા ગવૈયો;
ને નોમથોમ કરી રાગ મલ્હાર કેરો
ગાઇ રહ્યો મૃદુલ એ બીનને બજાવી.

ન માનતો હું વરસાદ વર્ષે;
કિંતુ અહો, એ શુચિ રુદ્રવીણા—
ના તાર પે ત્વરિત અંગુલિઓ ચલાવી
રેલી રહ્યો મધુર રાગ મલ્હાર વિશ્વે!

ચન્દ્રકાન્ત શાસ્ત્રી

પ્રો. રામચંદ્ર . . . .

અનુસંધાન પૃ. ૩૨૫થી

મનની સ્થિતિ ડામાડોળ બની રહી હતી. પણ કોઇ કોઇ વિદ્યાર્થી વટલી ખ્રિસ્તી થયો હોય એવું તો આ પછી ઘણા વખત બાદ બન્યું. પરંતુ આ અગાઉ ઘણા સમયથી સ્પષ્ટ જોવામાં આવતું હતું કે ઘણાખરા હોશિયાર વિદ્યાર્થીઓની મનોવૃત્તિ એ બાજુ ઢળતી હતી. જે કુટુંબોમાં ધાર્મિક રૂઢિચુસ્તતા વધી પડી હતી ત્યાં તો આ રામચંદ્ર ખ્રિસ્તી થયાની વાતથી ભારે ખળભળાટ મચી રહ્યો. અંગ્રેજી અભ્યાસમાં પ્રો. રામચંદ્ર ઘણા આગળ વધેલા હતા, તેથી વધુ અંગ્રેજી ભણેલો માણસ ખ્રિસ્તી થઇ જાય એવી માન્યતા પ્રસરી અને તેના સમર્થનમાં પ્રો. રામચંદ્રનું દૃષ્ટાંત ઠેરઠેર અપાવા લાગ્યું. જાહેર રીતે વટલી પરાયો ધર્મ અંગીકાર કરવો તે હિંદુ સમાજમાં કંઇ સહેલું નથી. તેમ કરવામાં બહુ મુશ્કેલીઓ આવી પડે છે. પ્રો. રામચંદ્રને માથે એ બધું આવી પડ્યું. પોતાની માતાનો, સ્ત્રીનો, બચ્ચાંનો, ભાઇઓનો તથા સગાં સંબંધીઓનો ત્યાગ કરવો પડશે તેમજ નાતીલાઓ તરફથી તો ખૂબ જ વૈમનસ્ય ઊભું થશે એમ તેમને ખબર હતી. છતાં ઉત્સાહમાં જ આ નવો ધર્મ પોતે સ્વીકારી લીધો અને ૧૮૫૨ના માર્ચની ૧૧મી તારીખે જાહેર રીતે એમણે 'બૅપ્ટિઝમ' લીધું. નવા વટલેલા માણસો અન્યને પોતાના જેવા બનાવવામાં બહુ ઉત્સાહ ધરાવે છે તેમ જ પ્રો. રામચંદ્ર ખુલ્લી રીતે જે મળતા તેને કહેતા: 'હું માનું છું કે ખ્રિસ્તિધર્મ સાચો છે અને હિંદુ ધર્મ ખોટો છે!' જૂની હિંદુ કૉલેજમાં શિક્ષક તરીકે તો તે ચાલુ રહ્યા, પણ પોતાનો બચત વખત હવે ધાર્મિક અભ્યાસમાં તથા આધ્યાત્મિક વિષયની ચર્ચામાં જ ગાળવા લાગ્યા.

પણ સમય બદલાઇ જતાં વાર નથી લાગતી. ૧૮૫૭માં હિંદી સિપાઇઓનો બળવો જાગ્યો અને દેશી ખ્રિસ્તીઓ મુઆ પડ્યા! આ વટલેલા ખ્રિસ્તીઓ પર હિંદુ તેમજ મુસલમાનો એકસરખી રીતે તૂટી પડ્યા અને ઘણા નિર્દોષ દેશી ખ્રિસ્તીઓ બળવાખોરોના જુસ્સાનો ભોગ બન્યા. અલબત્ત એ ખરૂં કે એ સમયમાં દેશી ખ્રિસ્તીઓ પણ અમે યુરોપીઅન છીએ એવો ડોળ કરી રોફ મારી ખાતા ને લોકને બહુ જ હેરાન કરતા; પણ બધા એવા નહોતા. છતાં આવા અંધકારના કાળમાં કોણ કેવું છે તે પ્રશ્ન જ કોઇ વિચારતું નહિ. પ્રો. રામચંદ્ર પોતે પણ જોખમમાં આવી પડ્યા, પણ તેમના હિંદુ ભાઇએ પોતાના ઘરમાં તેમને સંતાડી રાખ્યા. પરંતુ એ વાતની બહાર ખબર પડી ગઇ અને ત્યાં પણ રહેવાય તેવી સ્થિતિ ન રહી, એટલે વેશબદલો કરી પોતે શહેરમાંથી બહાર નીકળી આવ્યા અને ખૂબ જોખમ ખેડી દિલ્હીની બહાર જ્યાં અંગ્રેજ સૈન્ય પડ્યું હતું ત્યાં માંડમાંડ પહોંચ્યા.

પ્રો. રામચંદ્ર અને તેમના શિષ્યો વચ્ચે તો ખૂબ સ્નેહભાવ હતો. ખાસ કરી બળવાના સમયમાં પ્રો. રામચંદ્રની કેવી સ્થિતિ હતી તેનું રસિક વર્ણન મિ. ઍન્ડ્રયુઝે આપ્યું છે: 'બહાર એવી અફવા સજ્જડ ફેલાઇ હતી કે રામચંદ્રનો પ્રિય શિષ્ય ઝકા-ઉલ્લા પણ ખ્રિસ્તી થઇ જવાનો છે. પણ તે તો બનવા સંભવ જ નહોતો. સાચી વાતની ગેરસમજુતી થઇ હતી. બુદ્ધિના વિષયમાં એ બંને મિત્ર હતા. એક જ વિદ્યામાં રસ લેનાર વિદ્વાનોની અગર વૈજ્ઞાનિક સત્યની શોધમાં લાગેલા માણસોના જેવી તેમની મિત્રતા હતી; કેમકે પ્રો. રામચંદ્રને તથા તેમના એ યુવાન શિષ્યને પાશ્ચાત્ય વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રમાં સરખો જ રસ આવતો. આમાં કંઇ આધ્યાત્મિક શિષ્યભાવ નહોતો. અલબત્ત કોઇકોઇવાર ધર્મની ચર્ચા પણ થતી ખરી, પણ એ વેળા તો પ્રો. રામચંદ્રના વિચાર ધાર્મિક વિષયમાં બહુ ઉદાર થયા હતા. આ કારણથી જ એ શિષ્યમાં પણ સહિષ્ણુતાનો ભાવ આવ્યો અને તે ઉદારમતવાદી બન્યો. આથી પાછળથી તેમના દિલમાં સર્વ પ્રત્યે સમાન ભાવ જાગ્યો.

પ્રો. રામચંદ્ર નીડર અને સાચા દિલના ગૃહસ્થ હતા. જોકે હિંદુ સગાંસંબંધીઓનાં સગપણ ધર્મભેદથી છૂટી ગયાં અને પોતે ખ્રિસ્તી બન્યા તેને પરિણામે હિંદુ સમાજ તરફથી એમને ખૂબ સહન કરવું પડેલું તેથી તે કંઇક સખત તથા સાહસિક બન્યા હતા. આથી ઘણીવાર બીજાઓ જોડે વાદવિવાદમાં ઊતરતાં કડવાશ વહોરતા, પણ એમનું અંતઃકરણ ઘણું જ પ્રેમાળ હતું અને જીવન બહુ જ પ્રામાણિક હતું.'

પણ શિષ્યનો કંઇ ગુરુ પ્રત્યે ઓછો ભાવ નહોતો. બળવાખોરો વચ્ચેથી પ્રો. રામચંદ્રને કેમ ઉપાડી ગયા તેનું વર્ણન મિ. ઍન્ડ્રયુઝ પોતે આપે છે: 'જ્યારે બળવાખોર લોકોના હાથમાં શહેરનો કબજો ગયો ત્યારે પ્રો. રામચંદ્ર ખ્રિસ્તી હોવાથી બહુ ભયમાં આવી પડ્યા. ડૉ. ચમનલાલ નામે એક બીજા દયાળુ ખ્રિસ્તી ભાઇ

હતા. તે પરોપકારી કામ કરતા છતાં બળવાખોરોએ તેમને એકાએક નિર્દયપણે મારી નાખ્યા. પછી પ્રો. રામચંદ્ર તથા રાય પ્યારેમોહન સાહેબની તલાશમાં બળવાખોરો નીકળ્યા. એ રાય પ્યારેમોહને પોતે મને આ વાત કહી છે કે બળવાખોરો મીરતથી દિલ્હી આવ્યા તે સવારમાં તો તે લોકોએ કાળો કેર વર્તાવ્યો. દસ વાગ્યે ઝકા-ઉલ્લા જીવના જોખમે દિલ્હી કૉલેજમાં પ્રો. રામચંદ્રને બચાવી લેવા માટે દોડયો જતો હતો. તેણે કૉલેજમાં જઇ તપાસ કરી, પણ ખબર મળ્યા કે એક શિષ્યે તેમને અગાઉથી ચેતવી દઇ બહાર મોકલી દીધા હતા. આ અણીને સમયે ઝકા-ઉલ્લા પોતે મદદ કરવા તૈયાર હતો. પ્રો. રામચંદ્ર થોડા દહાડા તો સંતાઇ રહ્યા, પણ પછીથી પોતાના શિષ્યોની મદદથી વેશબદલો કરી શહેર બહાર નીકળી આવ્યા અને સહી-સલામત અંગ્રેજ છાવણીમાં પહોંચ્યા. આ સમયે તેમણે ખૂબ ચિંતા તથા દુઃખ અનુભવ્યાં.

બળવો શમી ગયા પછી પ્રો. રામચંદ્ર ૧૮૫૮માં રૂરકી સરકારી ઇજનેરી કૉલેજમાં ગણિતના અધ્યાપક નીમાયા, અને ત્યાર બાદ એ જ વર્ષને અંતે દિલ્હીમાં નવી સ્થપાએલી સરકારી સ્કૂલના હેડમાસ્તર તરીકે ગયા. આ વેળા જેમણેજેમણે તેમનું જીવન બચાવવા વખતસર સૂચના આપી મદદ કરી હતી તે સર્વ મિત્રોના તથા યુવાન શિષ્યોના ઉપકારનો કંઇક બદલો વાળવા પોતે પ્રયત્ન કર્યો. આવા કેટલાયે મિત્રો તથા શિષ્યો માટે તેમજ તેમનાં કુટુંબો માટે દિલ્હી શહેરમાં પેસવાનો લશ્કરી પરવાનો મેળવી આપવામાં આવ્યો અને બીજાં પણ સેવાનાં ઘણાં કામ પોતે કર્યાં.

પતિયાળામાં

પાંચ વર્ષ પછી તેમની નીમણૂક પતિયાળાના સદ્‌ગત મહારાજાના શિક્ષક તરીકે થઇ. આ કામ તેમણે એવું સારૂં બજાવ્યું કે પાછળથી એ રાજાના કુમારોના પણ શિક્ષક તરીકે તેમને ઘણીવાર બોલાવ્યા હતા. ૧૮૬૩ પછી પાંચ વર્ષ લગી તે પતિયાળામાં જ રહ્યા. ત્યાર બાદ દિલ્હી આવી તેમણે ગણિતનું બીજું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. દોઢ વર્ષ પછી પતિયાળાના મહારાજાએ તેમને ફરીથી બોલાવ્યા અને તે ગાદીએ બેઠા ત્યારે તેમની ઉત્તમ નોકરીના બદલામાં ખિલાત તથા જાગીર બક્ષિશ કરી અને એ રાજ્યના નવા સ્થપાએલા કેળવણીખાતાના મુખ્ય અમલદાર તરીકે એમની નીમણૂક કરી. પ્રો. રામચંદ્રને આ અધિકાર મળ્યા પછી કેળવણીના ક્ષેત્રમાં તેમણે શરૂઆતનું કામ બહુ સારૂં કર્યું અને સંગીન તથા ઉત્તમ કેળવણીનો પાયો નાખ્યો. તેમના પ્રત્યે મહારાજાને જોકે ઘણો સારો ભાવ હતો છતાં હિંદુ રાજ્યમાં ખ્રિસ્તી વિદ્વાન ઊંચી પદવી પર હોય તેને ખૂબ મુશ્કેલીઓ તે સમયમાં નડતી. પણ પ્રો. રામચંદ્રની વફાદારી, ઉત્સાહ તથા સમાનભાવ જાળવી રાખવાની નિષ્ઠાથી તે સરસ કામ કરી શકયા. એ રાજ્યની તથા મહારાજાની લગભગ દસેક વર્ષની સેવા બાદ ૧૮૭૫માં તેમણે પતિયાળા છોડયું.

પણ પતિયાળા રાજ્ય જોડેનો તેમનો સંબંધ જલદી તૂટે તેવો નહોતો; કેમકે મહારાજાના મૃત્યુ પછી નવા મહારાજાના શિક્ષક તરીકે તેમને ફરીથી બોલાવ્યા. તેથી વળી તે ત્યાં ગયા, પણ ૧૮૭૯માં તેમને લકવો થયો તેથી નોકરીમાંથી નિવૃત્ત થઇ ઘેર આવ્યા. પતિયાળાથી પાછા આવ્યા પછી તે છેક જ નંખાઇ ગયા ને સવાએક મહિનો માંદા રહ્યા. છેલ્લા દિવસોમાં તો તેમને અનહદ પીડા થતી, પણ તે શાંતિથી સહી લેતા. તેમની વિનતિથી પ્રાર્થનામાળામાંથી તેમને પથારીમાં બાઇબલનાં ગીતો વાંચી સંભળાવવામાં આવતાં હતાં. સાતેક દહાડા પછી ૧૯૮૦ના ઑગસ્ટ માસની દસમી તારીખે તે મૃત્યુ પામ્યા.

આટલો ટૂંકો પ્રો. રામચંદ્રનો જીવનવૃત્તાંત છે. તેમણે ત્રીસ વર્ષ લગી પોતાના સમકાલિનોને લાભ આપ્યો છે. એક પવિત્ર ખ્રિસ્તીની જેમ આ બધો સમય પોતાની જીભ, કલમ તથા ધનનો બનતો ઉપયોગ પોતે માનેલા સત્યને ખાતર તેમણે કર્યો અને જે ધર્મમાં પોતાને શ્રદ્ધા બેઠી હતી તે ધર્મના પ્રચારાર્થે આખ્યાન તથા લેખથી પોતાથી થાય તેટલું તેમણે કર્યું પણ ખરૂં. તેમણે ઘણાં ગુપ્ત દાન પણ કર્યાં છે. દર વર્ષે લાહોરનાં ગરીબ માણસોને વહેંચી આપવા માટે ત્યાંના બિશપને હજાર રૂપિયા તે મોકલી આપતા. માત્ર ખ્રિસ્તીઓને જ દાન દેતા એમ નહિ, પણ સર્વકોઈ ગરીબ દુઃખી માણસોને તે મદદ કરતા, આથી તેમના પડોશીઓ તેમને ખૂબ સંભારતા. પણ દાનધર્મ કરતાં ગણિતની શોધ-ખોળથી તેમની ઘણી સારી પ્રતિષ્ઠા જામી. પ્રતિભા-શાળી વિદ્વાન ગણિતશાસ્ત્રી તરીકે એમણે એ કાળના

વિદ્વાન જગતમાં નામ કર્યું છે. એ કામ પાસે તેમની અન્ય પ્રવૃત્તિઓ બહુ ઝાંખી પડે છે અને તેથી ગણિતના રસિયા સિવાય અન્ય હિંદવાસીઓ આજે તેમને ભૂલી ગયા છે. પ્રો. રામચંદ્ર મહાન ગણિતશાસ્ત્રી ઉપરાંત તથા મૂળ સબળ વિચારક પણ હતા.

મહાન ગણિતવેત્તા


પ્રો. રામચંદ્રનું 'મોટામાં મોટી ને નાનામાં નાની સંખ્યાના કોયડા'નું પુસ્તક ૧૮૫૦માં પ્રસિદ્ધ થયું હતું તે આપણે જોઇ ગયા. પ્રો. રામચંદ્ર એક પત્રમાં લખે છે કે 'મેં આ પુસ્તક પૂરૂં કર્યું ત્યારે મેં હવાઇ કિલ્લા બાંધ્યા હતા. પણ કલકત્તાના ટીકાકારોએ તે સર્વ તોડી પાડયા. છતાં મને કોઇ અણધારે સ્થળેથી જ મદદ મળી. દિલ્હી કૉલેજના આગલા પ્રિન્સિપાલ ડૉ. સ્પ્રેન્જરે મને સુપ્રીમ કાઉન્સિલના સભ્ય ઑાન. જે. ઇ. ડ્રિંકવૉટર બેથુનની ઓળખાણ કરાવી. તેમણે મારા પુસ્તકની ૩૬ નકલ લીધી અને મને ૨૦૦ રૂપિયા આપ્યા. બેથુને એમાંની ઘણીક નકલ ઇંગ્લંડ મોકલી અને સૂચના કરી કે પ્રખ્યાત માણસોને તે ભેટ મોકલવી, એમાં ઓગણીસમી સદીના પ્રખ્યાત અંગ્રેજ ગણિતશાસ્ત્રી ઑાગસ્ટસ ડી. મૉર્ગનને પણ એક પ્રત મોકલી હતી. તેણે એ પુસ્તક વાંચી અભિપ્રાય આપ્યો કે પુસ્તક ઘણા ઉત્તેજનને લાયક છે એટલું જ નહિ પણ તેમાં એવા ગુણ છે કે જેથી એને ઉત્તેજન મળતાં હિંદની સાચી પ્રતિભા ખીલી આવી તેની યોગ્ય કદર થાય. થોડા વખત બાદ ડી. મૉર્ગને રામચંદ્રના આ પુસ્તક તરફ કોર્ટ ઑાફ ડિરેકટર્સનું ધ્યાન દોર્યું કે જેથી એ લાયક માણસને લાયક માનપાન મળે. ઈંગ્લંડના તથા હિન્દના અધિકારીઓ વચ્ચે ખૂબ પત્રવ્યવહાર ચાલ્યા પછી ડી. મૉર્ગને પ્રો. રામચંદ્ર પ્રત્યે યુરોપના પણ વૈજ્ઞાનિક વિદ્વાનોનું લક્ષ ખેંચ્યું. ૧૮૫૮ના માર્ચની તા. ૧૮મીના એક પત્ર પરથી પ્રતીત થાય છે કે તેણે પ્રો. રામચંદ્રને યોગ્ય પારિતોષિક અપાવવા તથા હિન્દુઓ પણ બુદ્ધિવિકાસમાં જરા યે પાછળ પડે તેવા નથી તે બતાવવા ખાતર એ પુસ્તકનો યુરોપમાં પ્રચાર કરાવવા માટે ખૂબ પ્રયત્ન કરેલો. આ વિષયમાં વિસ્તારથી પોતાનો મત લખી તે પુસ્તક જોડે જ સર્વને મોકલવા તેમણે ગોઠવણ કરી. કોર્ટ ઑાફ ડિરેકટર્સે પણ આ બાબતમાં આનંદ જાહેર કર્યો અને હિન્દની કેળવણીના વ્યવસ્થાપકોને અભિનંદન આપ્યાં તેમજ તે પુસ્તકની બીજી આવૃત્તિ લંડનથી બહાર પડી. એ ઉપરાંત તેમને ખિલાત પણ આપી અને બે હજાર રૂપિયાનું ઇનામ આપવાનું જાહેર કર્યું.

આ આવૃત્તિની પ્રસ્તાવના ડી. મૉર્ગને લખી છે. તેમાંથી થોડો ભાગ નીચે આપ્યો છેઃ 'કુતૂહલથી મેં પ્રો. રામચંદ્રનું પુસ્તક લીધું અને થોડાંક જ પાનાં વાંચતાં બહુ રસ પડયો. હિન્દુ તર્કશક્તિના પુનઃ ઉદ્દ્‌ઘાટન વેળા મેં હિન્દુથી ખાસ કરી ભિન્ન એવી ગ્રીક સંસ્કૃતિનાં બે લક્ષણ જોયાં છે. એક લક્ષણ આ પુસ્તકના લેખકમાં તેના યુરોપીઅન શિક્ષકોએ કેળવ્યું હશે, પણ બીજું તો સ્વયંભૂ લાગે છે. પહેલું લક્ષણ એ છે કે તેને ભૂમિતિ તરફ અનુરાગ છે. હિન્દની મહાન શોધ બીજગણિતની છે; ગ્રીક લોકોની મહાન શોધ ભૂમિતિની છે. પણ પ્રો. રામચંદ્ર બીજગણિતના ઉત્પાદક ભાસ્કરાચાર્યના દેશના છે છતાં તેમને ભૂમિતિ તરફ આટલો પ્રેમ છે તે જોઇ સૌને આશ્ચર્ય થશે. બીજું ચિહ્‌ન એ જોવામાં આવે છે કે જે કલ્પનાથી ગ્રીસના વિજ્ઞાનનો વિકાસ થયો છે તેનો ઉપયોગ તેમણે છૂટથી કર્યો છે.'

રામચંદ્રનું બીજું પુસ્તક

આ પ્રશંસાથી ઉત્તેજિત થઇ પ્રો. રામચંદ્રે બીજું ગણિતનું પુસ્તક 'ડિફરેન્શયલ કૅલ્કયુલસની નવી પદ્ધતિ' નામનું ઇ. ૧૮૬૧માં પ્રસિદ્ધ કર્યું. તે દહાડે આ પ્રકારનું ગણિત કરવાની ચાર ભિન્ન ભિન્ન રીતો પ્રચલિત હતી. આ ચારે રીત સામે કેટલાક વાંધા ઊભા થતા હતા અને મુસીબતો નડતી હતી. અલબત્ત, દરેક રીતમાં કંઇક સારૂં તો હતું જ. પ્રો. રામચંદ્ર આ ચારે રીતની મુસીબતો તથા લાભ પૂરા જાણતા હતા. પણ આ ચારે રીતના વાંધા ને મુસીબતો દૂર કરી લાભ ચાલુ રહે તેવો રસ્તો ખોળી કાઢવા તે બેઠા. તેમણે ખોળી કાઢેલી રીત એટલી બધી સુન્દર નથી, પણ બધી રીતો ઝીણવટથી તપાસી નવો રસ્તો શોધી કાઢવામાં જ ખરી કસોટી છે. આ પરથી ગણિતશાસ્ત્ર પર તેમનો કેટલો કાબુ હતો તે જણાઇ આવે છે. તેમનું મગજ ઘણું જ સારૂં હતું અને ગણિતના જ્ઞાન માટેની તૃષાનો જે ગુણ આજના હિન્દી ગણિતશાસ્ત્રીઓમાં ક્વચિત્ જ જોવામાં આવે છે તે તેમનામાં ખાસ તરી આવતો હતો.


રેવાશંકર ઓ. સોમપુરા



રબ્બર સ્ટૅમ્પ બનાવવાનો હુન્નર

૪ • • • • • • સ્ટૅમ્પ બનાવવાનું મશીન

સ્ટૅમ્પ બનાવવાનું મશીન મુખ્યત્વે નીચે બતાવ્યું તેવા આકારનું હોય છે. જુદીજુદી બનાવટનાં મશીનોમાં થોડો થોડો આકાર ફેરફાર જરૂર હોય છે. નં. ૧, ૨ તેના પગ અથવા પાયા બતાવે છે. આ પાયા, તેની નીચે મશીનને અડકયા સિવાય સ્ટવ કે સગડી મૂકી લઈ શકાય તેટલી ઊંચાઇના હોય તો કામ કરવાને ઘણી સરળતા પડે છે નં. ૩ મશીનની નીચેની પ્લેટ બતાવે છે, આ પ્લેટ પાયા સાથે ચોડેલી હોય છે. નં. ૪ એ ઉપરની પ્લેટ છે. તેમાં એક મોટો સ્ક્રૂ લાગેલો હોય છે અને આ સ્ક્રૂ ફેરવવાથી તે પ્લેટ ઉપર કે નીચે જેમ રાખવી હોય તેમ રહે છે. નં. ૫, ૬ એ નીચલી પ્લેટની પાસે વચલા ભાગે ચોડેલા બે થાંભલા છે. નં. ૭ તેના ઉપર સ્ક્રૂ જેની અંદર રહે તેવા આંટાવાળો આડો પાટો છે. નં. ૮ સ્ક્રુ છે. નં. ૯ ઊંચોનીચો કરવા માટે ફેરવવાને સ્ક્રૂ ને હેન્ડલ છે. આ પ્રમાણે મોટે ભાગે ૧૦ ભાગનું બનેલું સ્ટૅમ્પ મશીન હોય છે. કોઇકોઇ સ્ટૅમ્પ બનાવનારા, ઑફિસોમાં વપરાતા કૉપીઈંગ પ્રેસની નીચે પાયા ચોડાવી તેને ઉપયોગમાં લે છે. કોઇ બનાવટના પ્રેસમાં ભાગ નં. ૫, ૬, ૭ જુદા હોતા નથી પણ તેને બદલે અંગ્રેજી ઊંધા યુ ના આકારનો એક જ ભાગ હોય છે.



ટેબલ ઉપર મૂકેલું રબ્બરસ્ટૅમ્પ બનાવવાનું મશિન. તેની બાજુમાં ટેબલ ઉપર શાહીનો રોલર પ્લેનર, છરી, સોયો વગેરે સાધનો પડયાં છે.

મશીનની આ ચારે પ્લેટો લેથ કે ચિપિંગ મશીન પર બરાબર સાફ કરેલી હોવી જોઇએ. કંપોઝ પ્લેટ ઉપર બેસાડેલો ચેસ પણ એકસરખી જાડાઇનો હોવો જોઇએ. પ્લાસ્ટર પ્લેટ તથા સ્પ્રિંગોના છેદ તથા સ્ટડ તથા સ્પ્રિંગો કે જે કંપોઝ પ્લેટમાં રહે છે તે બધાં સારાં અને સરખાં હોવાં જોઇએ. નં. ૪ ના ભાગમાં જે નાની ભૂંગળી જેવું હોય છે તેમાં થર્મોમીટર અથવા ઉષ્ણતામાપક યંત્ર મૂકવાનું હોય છે. આ પ્રમાણે સ્ટૅમ્પ બનાવવાના મશીનનું ટૂંકું વર્ણન આપ્યું છે, કે જેથી તે વિષે જોઇતો ખ્યાલ આવી શકે. આવાં મશીનો દેશી ને પરદેશી બંને બનાવટનાં મળે છે.

૫ • • • • • • સ્ટૅમ્પ બનાવવાની દવાઓ

રબ્બરસ્ટૅમ્પ બનાવવામાં મુખ્યત્વે નીચેના પદાર્થો વપરાય છે: ૧ પ્લાસ્ટર ઑફ પારીસ. ૨ મોલ્ડિંગ કૉમ્પોઝિશન ૩ ડેક્સ્ટ્રીન અને ૪ ફ્રેંચ ચૉક.

પ્લાસ્ટર ઑફ પારીસ ઘટા છાપનું સર્વોત્તમ ગણાય છે. બીજું એક સાથિયા છાપનું પણ મળે છે; પણ એ હમેશાં ઘંટા છાપ જેટલું સંતોષકારક નીવડતું નથી. પ્લાસ્ટર ઑફ પારીસમાં જલદી સુકાઇ જવાનો ખાસ ગુણ છે. બજારમાં દવાવાળાઓને ત્યાં એ મળી શકે છે.

મોલ્ડિંગ કૉમ્પોઝિશન એ પણ એક જાતની સુંવાળી તથા નરમ માટી છે. પ્લાસ્ટર ઑફ પારીસનું બરડપણું, છિદ્રાળુપણું વગેરેની અસર ઘટાડવાને માટે તેમાં આનું મિશ્રણ કરવામાં આવે છે. રબ્બરસ્ટૅમ્પનો

(અનુસંધાન આગળ પાન ૩૫૨મે)

જગતના ત્રણ જળમાર્ગ

આપણા દેશનો પ્રાચીન વેપાર જમીનમાર્ગે કરતાં જળમાર્ગે વધારે પ્રમાણમાં ચાલતો હતો. જળમાર્ગે એ વખતમાં વહાણો અને હોડકાંનો ઉપયોગ થતો હતો, પરંતુ આજે તો વરાળયંત્રથી ચાલતી આગબોટ અને એવાં બીજાં દરિયાઇ વાહનોનો ઉપયોગ થાય છે. સાધારણ રીતે મોટી આગબોટ ૨૪ કલાકમાં ૫૦૦ માઇલ મુસાફરી કરે છે અને એક ડઝન રેલવે ટ્રેઇનોમાં સમાય તેટલો ભાર એ લઇ જાય છે, છતાં પણ એનું ભાડું સસ્તું પડે છે.

પરંતુ વ્યાપાર-વ્યવહારના મોટા ધોરી જળમાર્ગોમાં જો વચ્ચે નાનીસરખી પણ જમીન આવી જાય છે તો એટલા કટકા માટે બહુ મુસીબત વેઠવી પડે છે, અને પરિણામે ચકરાવો લઇને વહાણોને જવું આવવું પડે છે. આ મુસીબત ટાળવા માટે એ મોટા જળમાર્ગોને જોડવા સારૂ જમીન ખોદીને કેટલીક જગ્યાએ નહેરો બાંધવામાં આવે છે. આવી ખોદેલી નહેરોમાં સુએજ, પનામા અને કીલ મુખ્ય છે.

સુએજની નહેર

દુનિયામાં વેપારને માટે ઘણા મોટા ધોરી માર્ગ છે, પરંતુ સુએજની નહેર ખોદાયા પછી પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ઉઘડેલા વેપારના એ માર્ગે બીજી પ્રજાઓના ભવિષ્ય ઉપર જે અસર કરી છે તેવી અસર બીજા કોઇ માર્ગે કરી નથી. સુએજની નહેર ન હોત તો મિસર દેશ અને હિંદુસ્તાન આજે અંગ્રેજોના આટલા કબજામાં ન હોત. પૂર્વ અને પશ્ચિમના વ્યવહાર માટે અત્યારે આ એક જ માર્ગ છે. આ માર્ગ ખુલ્લો થયો તે પહેલાં વાસ્કો ડ ગામા આફ્રિકાની પ્રદક્ષિણા કરી હિંદુસ્તાનમાં આવ્યો હતો. પણ હવે એ માર્ગ હમેશને માટે છોડી દેવામાં આવ્યો છે.

પૂર્વથી પશ્ચિમ જતી આગબોટો પ્રથમ એડન બંદર ઉપર લંગર કરે છે. એડનથી રાતા સમુદ્ર (Red sea)માં થઇને આગબોટ પ્રથમ સુએજ બંદર ઉપર અટકે છે. આ બંદર એ સુએજની નહેરનો પૂર્વનો દરવાજો છે. ત્યાંથી લગભગ ૮૭ા માઇલની એ નહેર શરૂ થાય છે અને એટલી નહેર ઓળંગતાં સત્તરથી અઢાર કલાક લાગે છે. નહેરમાં મોટી આગબોટો તો કલાકના પાંચ માઇલના વેગે જ ચાલે છે, કારણકે નહેર રેતીમાંથી ખોદી કાઢેલી હોવાથી આગબોટ જો જોરથી ચાલે તો કિનારા ઉપરની રેતી ધોવાઈ જઇ અંદર ગરી પડે. આટલી સંભાળ રાખતાં છતાં નહેરમાં રોજ રેતી તો પડે જ છે, અને એ રેતી કાઢવા માટે ખાસ આગબોટો—જેને ડ્રેજર (Dredger) કહે છે તે—ફરતી રાખવી પડે છે. આ નહેરની ઊંડાઇ બહુ નથી, તેથી આજના જમાનમાં બનતી બહુ મોટી આગબોટો આ રસ્તે આવી શકતી નથી. પરિણામે પૂર્વમાં સફર કરતી વેપારી સ્ટીમરોનું ટનેજ (Tonnage—ટનમાં વજન) ૧૬૦૦૦ ટનથી વધારે નથી હોતું.

સુએજની નહેરના રસ્તામાં પાંચ મોટાં તળાવો (સરોવર) આવે છે. આ સરોવરોનો ઉપયોગ સામસામી આવતી સ્ટીમરોને ઊભી રહેવા માટે કરવામાં આવે છે. નહેરને બીજે છેડે પોર્ટ સૈયદ નામનું બંદર છે. પોર્ટ સૈયદ આગળ ત્રણ મહાન ખંડો–એશિયા, આફ્રિકા અને યુરોપ મળે છે. આવા મહાન આ ધોરી રસ્તાને ગૌણ કરી નાખવાના ઉપાયો ચાલે છે. એક તો બગદાદ રેલવેથી જમીનમાર્ગનો મોટો રસ્તો ખુલ્લો થવાનો; અને બીજું વિમાનમાર્ગે પૂર્વ તથા પશ્ચિમ વચ્ચેનો વ્યવહાર જારી થવાનો. હવાઇ રસ્તાનો કાબુ આજે તો કોઇ પ્રજા પાસે નથી, પણ માર્ગમાં વિમાન માટે પેટ્રોલ લેવા તો અમુકઅમુક સ્થળે ઊતરવું જ પડવાનું; એટલે એ સ્થળોના પ્રમાણમાં આકાશના માર્ગ ઉપર કોઇ ને કોઇ પ્રજાનો અંકુશ રહેવાનો.

સુએજની આ નહેર કોણે બાંધી અને એનો કબજો અંગ્રેજો પાસે કેવી રીતે આવી ગયો તેનો ઇતિહાસ પણ જાણવા જેવો છે. બહુ જૂના વખતથી આ

નહેરનો વિચાર લોકોને સૂઝેલો તો ખરો જ; અને નહેરની વચમાં આવતાં સરોવરો આગળથી નાઇલ નદીની સાથે જોડાણ કરીને કેટલાક ભાગનો જળ-માર્ગ તરીકે ઉપયોગ થતો પણ ખરો; પણ પાછળથી રણની રેતીના ઊડતા ઢગથી એ માર્ગ પૂરાઇ ગયો. તે ઇતિહાસકાર કહે છે કે સુએજથી નાઇલ નદી એક નહેર ખ્રિસ્તપૂર્વ કાળમાંના ઇજિપ્તના એક રાજાએ બાંધી હતી અને તે ઇરાનના ડેરિયસ નામના રાજાએ પૂર્ણ કરી હતી; પરંતુ પાછળથી ઇ.સ.ના નવમા સૈકામાં ખલીફા અને મન્સૂરના હુકમથી એ નહેર પૂરી નાખવામાં આવી. પણ પછી દક્ષિણ આફ્રિકાની અંત્ય ભૂશિર કેઇપ ઑફ ગુડ હોપ (cape of Good Hope)નો સળંગ જળમાર્ગ વાસ્કો ડ ગામાને હાથ લાગવાથી વેનિસ વગેરે શહેરોના વેપારને મોટો ધક્કો લાગ્યો, અને તેથી જ આ નજીકનો જળમાર્ગ ફરી શરૂ કરવાનો વિચાર વેપારીઓના મનમાં આવ્યો. પણ વિશેષત: તો ઇજિપ્ત-ને જીતી લઇ નહેરનો પુનરૂદ્ધાર કરી રાજકીય સત્તાનો બની શકે તેટલો પ્રચાર કરવાનો સત્તાલોભ જાગ્યો અને સૌ પહેલી નેપોલિયને આ યોજના ઊંચકી લીધી. પરંતુ નાઇલ નદીના યુદ્ધમાં તેની હાર થવાથી તે કાંઇ કરી શકયો નહિ. ત્યાર બાદ ઇ.સ. ૧૮૩૩માં તથા ઇ.સ. ૧૮૪૬માં એ વિચાર ફરી સજીવન થયો અને સુએજની નહેર બાંધવા માટે એક કંપની ફ્રેંચ લોકો તરફ-થી ઊભી કરવામાં આવી. આથી આખા યુરોપના અને ખાસ કરીને ઇંગ્લંડના ઇજનેરોનું ધ્યાન એ તરફ ખેંચાયું.

વરાળ એન્જિનની શોધ કરનાર અને પહેલી રેલવે બાંધનાર અંગ્રેજ ઇજનેર રૉબર્ટ સ્ટિવન્સને આ રસ્તા-ની માપણી કરી. તેણે નહેર ખોદવાની વિરૂદ્ધ અભિપ્રાય આપ્યો; અને તેના બદલામાં સુએજ તથા ઍલેક-ઝાંડ્રિયાનાં બંદરો વચ્ચે રેલવે બાંધવા સૂચવ્યું. એ પ્રમાણે રેલવે બંધાઇ પણ ખરી, પરંતુ સ્ટિવન્સનનો મત વિરૂદ્ધ છતાં ફ્રેંચ ઇજનેર મંસીય લેસેપ્સે નહેર બાંધવાનો નિશ્ચય કાયમ રાખ્યો અને ઇ.સ. ૧૮૬૦માં તે બાંધવાની શરૂ કરી.

પણ લોકોને આ વાત પસંદ નહોતી, તેથી તેમણે લેસેપ્સના કામમાં ઘણી અડચણો નાખી. છતાં લેસેપ્સે તો એ કાર્ય ચાલુ જ રાખ્યું અને પૂરું કર્યે જંપ્યો. ઈ.સ. ૧૮૬૯માં નહેર ખુલ્લી થતાં પચાસ વહાણનો કાફલો તેમાં દાખલ થયો અને પૂર્વનો દરવાજો ઊઘડ્યો. આમ પૂર્વ તથા પશ્ચિમ વચ્ચેનો વ્યવહાર સહેલો થયો ખરો, પણ પૂર્વના દેશોની સ્વતંત્રતા એથી જોખમમાં આવી પડી. આ નહેર બાંધી ભલે ફ્રેંચ લોકોએ, પણ અંગ્રેજ લોકોને તે જેટલી ઉપયોગી હતી તેટલી ફ્રેંચોને તે ન હતી. તેથી તેમનું લક્ષ તેના તરફથી ઓછું થતું ગયું, જ્યારે અંગ્રેજોએ નહેરનો કબજો લેવા બની શકે તેટલા પ્રયત્નો કર્યા. ઈ.સ. ૧૮૭૦માં લેસેપ્સને આદરપૂર્વક લંડન બોલાવીને ઇંગ્લંડના મુત્સદ્દીઓએ તેનું સન્માન કર્યું. નહેરનું કામ થયું હતું તો કંપની મારફત, પણ તેના શેરોનો મોટો ભાગ ઇજિપ્તના રાજા—જેને ખેદિવ કહે છે—તેનો હતો. આ વખતે ડિઝરાએલી ઈંગ્લંડનો વડો પ્રધાન હતો. તેની ચાણક્ય-બુદ્ધિને પરિણામે ઇ.સ. ૧૮૭૫મા અંગ્રેજોએ ખેદિવ પાસેથી એ બધા શેરો ચાળીસ લાખ પાઉંડની કિંમતે ખરીદી લીધા. વસ્તુત: એ શેરો વેચતાં મિસર વેચાયું અને સુએજની નહેર અંગ્રેજોના કબજામાં ગઇ!

આ નહેરનો વહીવટ કરનારી કંપનીની મુખ્ય કચેરી પારીસમાં રૂ દ અસ્ટોર નામના વિભાગમાં છે. આ કંપનીનો પ્રમુખ ફ્રેંચમૅન હોવો જોઇએ. તેવી જ રીતે ડાયરેકટર બોર્ડના વીસ ડાયરેકટર અને કંપનીના સેક્રેટરીએટ તેમજ ઇતર ઑફિસોમાંના નોકર તેમજ અધિકારી બધા ફ્રેંચ લોકો જ હોય છે. ઉપરાંત હૉલંડનો પણ એક પ્રતિનિધિ આ બોર્ડમાં છે, અને મહાયુદ્ધની પહેલાં જર્મની તરફથી પણ એક ડાયરેકટરને લેવામાં આવતો હતો. કંપનીના ડાયરેકટર મંડળની સભા દર મહિને ભરાય છે, અને તેના કાર્યકારી મંડળની સભા દર અઠવાડીએ ભરાય છે. કંપનીનું પ્રત્યક્ષ કામ ઇજિ-પ્તમાં જ થાય છે. કેરોમાં સુપીરીઅર એજન્ટ તરીકે કંપનીનો મુખ્ય કાર્યકારી માણસ હોય છે. એના હાથમાં બે ખાતાં હોય છે: એક વેપારનું (Traffic Department) અને બીજું ઉદ્યોગનું (Works Department). આ બંને ખાતાંની મુખ્ય ઑફિસો પોર્ટ સૈયદ અને સુએજની વચ્ચોવચ્ચ આવેલા ઇસ્માઇલિયા નામના શહેરમાં છે ને બ્રાન્ચ ઑફિસો પોર્ટ સૈયદ તથા પોર્ટ ટયુફિકમાં છે.

નહેરને કિનારેકિનારે સર્વ ઠેકાણે તારયંત્રો અને ટેલીફોનની વ્યવસ્થા હોઇ પ્રત્યેક પાંચપાંચ ૭૭ મા-



સુએજની નહેરનો નકશો

ઇલને અંતરે તાર અને ટેલીફોનની ઑફિસો પણ છે ને તે દિવસરાત ખુલ્લી હોય છે. આથી પ્રત્યેક જહાજની હાલચાલ કિંવા નહેરના કાંઠાને જરા સુદ્ધાં પણ અપઘાત થાય તો એ માટેની ખબર માત્ર થોડી સેકંડની અંદર નહેરના અધિકારીઓને મળી શકે છે. કૉન્ટ્રાકટથી આપેલાં મોટાં કામ પરનાં માણસો સિવાય માત્ર કંપનીની જનોકરીમાં આસરે ત્રણહજાર ઉપરાંત લોકો છે.

નહેરની પહોળાઇ અને ઊંડાઇ પહેલાં અનુક્રમે ૧૧૮ ફૂટ અને ૩૩ ફૂટ હતી, પરંતુ હવે પહોળાઇ વધારીને ૧૪૮ ફૂટની કરી છે. પહેલાં સર્ચલાઇટ ન હોવાથી રાતને વખતે આગબોટને દાખલ થવા દેવામાં આવતી ન હતી, પરંતુ હવે સર્ચ લાઇટથવાથી રાતને વખતે પણ આગબોટ નહેરમાં મુસાફરી કરી શકે છે.


સુએજની નહેર ખોદી રહ્યા પછી પનામાની નહેર ખોદવાનું બીડું મંસીય લેસેપ્સે ઝડપ્યું.

પનામા નહેર

પૃથ્વીના નકશા પર આપણે નજર નાખીએ તો ઉત્તર અને દક્ષિણ અમેરિકા જેવડા એ મોટા ભૂમિખંડ વચ્ચે જમીનનો કેવળ એક નાનો ટુકડો વળગી રહેલો દેખાય છે. તેની એક બાજુએ પૅસિફિક મહાસાગર ને બીજી તરફ ઍટલાન્ટિક મહાસાગર ઘૂઘવે છે. આ સંયોગીભૂમિ તે પનામાની. પણ સુએજના રેતાળ પ્રદેશ આગળ જેમ ત્રણ ખંડોના રાજમાર્ગ ભેગા થાય છે તેમ અહીં નથી. સુએજ પ્રદેશ ઉપરથી તો ત્યાંની નહેર થયા પહેલાં પણ અનેક પ્રજાઓ આવી અને ચાલી ગઈ. એ તો પુરાતન રાજમાર્ગ છે. ત્યાંની નહેર થયા પછી બે જળમાર્ગો વચ્ચેની માત્ર આડ કપાઇ અને માર્ગ સરળ થયો, એટલું જ. બાકી તે પહેલાં પણ દુનિયાની મહાન પ્રજાઓ જમીનમાર્ગે પણ આ રસ્તેથી આવતી જતી ખરી. પરંતુ પનામાની નહેરનો ઇતિહાસ એવો નથી. ત્યાં પહેલાં વેપારમાર્ગ ન હતો, તેમ એ માર્ગ કોઇ મહાન પ્રજાના ધોરી માર્ગમાં પણ ન હતો. યુનાઇટેડ સ્ટેટ્સની અમેરિકન પ્રજા જયારે અંગ્રેજ પ્રજાને તાબે હતી ત્યારે અંગ્રેજ લોકોએ અમેરિકા સાથે એવા કોલકરાર કર્યા હતા કે ઍટલાન્ટિક અને પૅસિફિકને જોડતો કોઈપણ દરિયાઈ માર્ગ ઉઘાડવામાં આવે તો તેમાં અંગ્રેજોનો હક્ક અમેરિકાના જેટલો જ રહે. પણ પાછળથી જયારે અમેરિકન પ્રજા સ્વતંત્ર થઈ ત્યારે આ કોલકરાર રદ કરવામાં આવ્યા. તે પછી દિનપ્રતિદિન અમેરિકાનો વેપાર તો વધતો જ જતો હતો. તેથી બંને મહાસાગરો જોડવાની તેમને તીવ્ર ઇચ્છા થઈ, પરંતુ એ જબ્બર સાહસ માથે લેવા કોઈ તૈયાર ન હતું.

ઈ.સ. ૧૮૬૯માં સુએજની નહેર ઊઘડી એટલે પનામાનું સાહસ કરવા તરફ ફ્રેંચોની નજર પડી. મંસીય લેસેપ્સે તેની માપણી કરી નકશાઓ બનાવ્યા અને કરોડો ફ્રાન્કની થાપણવાળી કંપની ઊભી કરીને ઇ.સ. ૧૮૮૧માં કામ શરૂ પણ કર્યું. લેસેપ્સને આ કામ બહુ સહેલું લાગતું હતું. તેણે ફ્રાન્સથી મજૂરો, મોજણીદારો અને ઇજનેરો વગેરેને બોલાવ્યા. પરંતુ થોડા જ સમયમાં પનામા ઉપર આવેલી વસ્તીમાં મૅલેરિયા ફાટી નીકળ્યો. તેથી ખોદાણકામ ઓછું થવા માંડ્યું. બીજી તરફથી ત્યાં લખલૂટ ખર્ચ થયો અને કંપનીની મૂડી પણ ઉચાપત થવા માંડી. આ બધાં કારણોથી કંપની ડૂબી ગઇ ને લેસેપ્સ તારાજ થઇ ગયો. આ નહેરમાં ફ્રાન્સે ઘણું ખોયું. એક માઇલ નહેર ખોદવામાં તેનાં પાંચ હજાર માણસો મરી ગયાં અને કંપની તારાજ થતાં નહેર ખોદવાનો પુષ્કળ સરસામાન પણ પનામાના જંગલમાં પડી રહ્યો. ફ્રાન્સની આ નિષ્ફળતા પછી બીજી કોઇપણ કંપનીએ પનામાની નહેર ખોદવાની હિંમત કરી નહિ. પરંતુ થોડાં વર્ષબાદ જાપાનની સત્તાનો ઉદય થતાં તેની વધતી જતી શક્તિથી અમેરિકા વિચારમાં પડયું અને પોતાના પશ્ચિમ કિનારાનો બચાવ કરવા તરફ તેનું લક્ષ સ્વાભાવિક રીતે દોરાયું

હાલ જ્યાં પનામાની નહેર છે તે સંયોગીભૂમિનો ૩૯ માઇલનો પ્રદેશ ટેકરીઓવાળો છે, તેના ઉપર ગીચ જંગલો છે તેમજ વર્ષમાં આઠથી નવ મહિના ત્યાં સતત વરસાદ પડે છે. આ પ્રદેશમાં માણસની તો વસ્તી જ ન હતી અને લેસેપ્સે જે મજૂરો વગેરે આણ્યા




પનામા નહેરમાં જે ઈજનેરી તદબીર વડે સ્ટીમર પાણીનાં પગથિયાં ચડે છે તે 'લૉક્સ'ની રચના. એનું વિગતવાર વર્ણન આ પૃષ્ઠ ઉપરના લખાણમાં કરીને એ તદબીર સમજાવી છે.

હતા તે બધા પણ મૅલેરિયા અને ત્યાંના ખાસ ઝેરી તાવથી મરી ગયા હતા. આથી અમેરિકન સરકારે નહેર ખોદવાનો ઇરાદો કરતાંની સાથે સૌ પહેલું કામ તો આ ઝેરી તાવોનો ઉપદ્રવ નાબૂદ કરવાના ઉપાયો લેવાનું હાથ ધર્યું. ડૉક્ટરોએ સાબિત કર્યું કે મૅલેરિયાનો ઉપદ્રવ મચ્છરથી પ્રસરે છે અને મચ્છરો પાણીનાં ખાબોચિયાંમાં પેદા થાય છે; એટલે જ્યાં સુધી આવાં ખાબોચિયાં નાબૂદ ન થાય ત્યાં સુધી તાવનો ઉપદ્રવ રહેવાનોજ. આથી પહેલું વર્ષ તો એ પનામા પ્રદેશને સાફ કરીને રહેવા લાયક બનાવવામાં જ વીત્યું.

આ કાર્ય પૂરૂં થયા પછી રસ્તો નક્કી કરવાની અને ખોદાણકામ કરવાની મુશ્કેલી પણ મોટી ઊભી થઈ. લેસેપ્સની માપણી પ્રમાણે તો પાણીની સપાટી જેટલી જ જ્યાં જમીન ઊંચી હોય ત્યાં નહેર ખોદવાની યોજના હતી. અમેરિકાએ એ કામ ઉપાડયું તો ખરૂં પણ એકાદ માઇલ ખોદાયું ત્યાં એમને લાગ્યું કે ટેકરીઓથી ભરપૂર આ પ્રદેશમાં એ બનવું અશક્ય છે અને પાણીને ઊંચે ચડાવવાની કોઇ પણ યુક્તિ શોધી કાઢ્યા વગર આ નહેર સફળ થઇ શકશે નહિ. ઘણા વિચારને અંતે ઇજનેરોની બુદ્ધિએ એ યુક્તિ પણ શોધી કાઢી. તેમાં એવી રચના કરી કે આખી નહેરના માર્ગના, તેની નીચાઇના પ્રમાણમાં જુદાજુદા વિભાગ કરી નાખ્યા, અને એ દરેક વિભાગની બંને બાજુ મોટા દરવાજા રાખ્યા. આ વિભાગોને 'લૉક' કહે છે.

પહેલાં શરૂઆતના નીચાણવાળા ભાગમાંથી જ્યાંથી આગબોટને દાખલ કરવી હોય તેનું અંદરનું સામેનું બારણું બંધ કરી દેવામાં આવે છે. આગબોટ તેમાં દાખલ થાય એટલે એ દરવાજો બંધ કરવામાં આવે છે અને સામી બાજુનું બારણું ઉઘાડી ત્યાંથી પાણી આવવા દેવામાં આવે છે, જેથી પાણીની ઊંચાઇ વધીને બીજા વિભાગના જેટલી થઇ જાય છે અને સ્ટીમર સહેલાઈથી એ વિભાગમાં દાખલ થઇ શકે છે. તે પછી એ બીજા વિભાગનો પાછલો દરવાજો બંધ કરી ત્રીજા વિભાગ સાથેનો તેનો દરવાજો ખોલવામાં આવે છે અને ત્યાંથી પાણી ધસી આવીને ત્રીજા વિભાગની સપાટી પર આગબોટને ચડાવતું જાય છે. આમ એક પછી એક વિભાગમાં થતી થતી સ્ટીમર એ ટેકરીઓવાળા પ્રદેશમાં, પાણીનાં પગથિયાં ઉપર થઇને જાણે નીસરણી ચડતી હોય તેમ ચડતી જાય છે અને છેવટે બીજે કિનારે નીકળી જાય છે. ઍટલાન્ટિકથી પનામામાં થઇને જતાં સ્ટીમર આ રીતે ૮૪ ફૂટ ઊંચે ચડે છે અને તે ત્રણ લૉક્સથી થાય છે. એ સ્થળે એક સરોવર છે. એ સરોવરમાં પાણી ખૂટી જવા ન પામે તે માટે એક નદીને એમાં વાળવામાં આવી છે. પછી એ સરોવરમાંથી પાછા પૅસિફિક મહાસાગરમાં જવા માટે સ્ટીમર ત્રણ લૉક્સ દ્વારા નીચે ઊતરે છે. અને દરિયાની સપાટીએ પહોંચે છે.

આ દરેક લૉક એક હજાર ફૂટ લાંબો અને સો ફૂટ પહોળો હોય છે. એમાંથી મોટી મોટી સ્ટીમરો પણ જઈ શકે છે. આ નહેર બાંધવામાં અમેરિકન દ્રવ્ય જ્યારે વપરાવાનું હતું ત્યારે અમેરિકન સરકારે એક ફરમાન એવું કાઢયું હતું કે નહેર બાંધવાનો તમામ સરંજામ–લોખંડ, ઓજારો ઇત્યાદિ અમેરિકન બનાવટનો જ હોવો જોઇએ. ઉપર વર્ણવેલા લૉકના પોલાદના દરવાજા નહેર બાંધવાની જગ્યાએ જ ઢાળવામાં આવ્યા હતા. બીજું એક ફરમાન એવું



માઇરાફ્લોર્સ આગળ પનામા કૅનાલનું દૃશ્ય. આ કૅનાલને કોઈએ પૂલની ઉપમા આપી છે તે આ ચિત્ર જોતાં ઉચિત લાગે છે. એમાં જણાતા 'લૉક'માં થઇને કેવી એન્જિનીઅરીંગ તદબીરો વડે સ્ટીમર નીસરણીની માફક પાણીનાં પગથિયાં ચડેઊતરે છે એ સામેને પાને આકૃતિઓ વડે સમજાવ્યું છે.

કાઢ્યું હતું કે જ્યાં સુધી નહેર ખોદાય ત્યાં સુધી તે પ્રદેશમાં મજૂરોની છાવણીમાં કોઇ પણ જગ્યાએ દારૂ વપરાય **નહિ** તેમ તેનું વેચાણ પણ થાય નહિ, તેમજ જુગાર પણ રમાય નહિ. હાલમાં સિંધમાં બંધાવેલા સક્કર આગળના બંધમાં તમામ સરંજામ ઇંગ્લંડનો વાપરવામાં આવ્યો છે. પનામા નહેર ઇ. સ. **૧૯૧૪**માં ચાલુ થઇ.

કીલની નહેર

જર્મનીને જ્યારે તેનો દરિયાઇ કાફલો વધારવાની જરૂરત જણાઇ ત્યારે તેને બાંધતી વેળા તથા બાંધ્યા બાદ સુરક્ષિત રાખવા માટે એક સલામત સ્થળની પણ જરૂર તેને માલૂમ પડી; કેમકે તેના દરિયાઇ કિનારા પર તેની સુવાંગ સુરક્ષિત માલિકીનું કોઈ સ્થાન ન હતું. ઍટલાન્ટિક સમુદ્રમાં તેને રશિયાની બીક હતી અને ઉત્તર સમુદ્રમાં તો અંગ્રેજોની સત્તા હતી જ. આથી જર્મન સામ્રાજ્યને અસ્તિત્વમાં લાવનાર મુત્સદ્દીવીર પ્રિન્સ બિસ્માર્કે હેલીગોલૅન્ડ નામનો ટાપુ યુક્તિથી અંગ્રેજો પાસેથી વેચાતો લીધો. તેનો ઉપયોગ જર્મનીએ છેલ્લા મહાયુદ્ધમાં ખૂબ કર્યો હતો. આ ઉપરાંત ઉત્તર સમુદ્ર તથા ઍટલાન્ટિક મહાસાગર એ બન્નેને જોડનારી એક ચંદ્રાકાર નહેર પણ તેણે ખોદી છે. એનું ખરૂં નામ તો 'કૈસર વિલિયમ કૅનાલ' છે, પણ તેના એક નાકે આવેલા 'કીલ' ગામના મોટા બંદર ઉપરથી તે કીલ કૅનાલને નામે વધુ ઓળખાય છે. આ નહેર બાંધવાની શરૂઆત ઇ. સ. ૧૮૮૭માં થઇ અને તેનું કામ ૧૮૯૫માં પૂરૂં થયું. તે ૬૧ માઇલ લાંબી છે. તેની પહોળાઇ તળીએ ૭૨ ફૂટ અને સપાટી ઉપર ૨૭૩ ફૂટ હતી અને ઊંડાઈ લગભગ ત્રીસ ફૂટ હતી. ઈ.સ. ૧૯૦૮માં તેમાં સુધારો કરીને તેની ઊંડાઇ છત્રીસ ફૂટ કરી અને પહોળાઇ બમણી કરી. આ નહેરને લીધે લગભગ અઢીસો માઇલનો ફેરાવો બચી જાય છે કીલની નહેરમાં પણ બે લૉક્સ છે.

સકરચંદ શાહ

('વ્યાપારી દૃષ્ટિએ હિંદુસ્તાન' નામના તાજેતરમાં પ્રકટ થનાર પુસ્તકમાંથી)

સુરતમાં અંગ્રેજી કોઠી

હિંદના અર્વાચીન ઇતિહાસમાં સુરતનો હિસ્સો વીસરાયો છે. અંગ્રેજ સત્તા જે સ્થળે પોષાઇ અને ઉછેર પામી એ સ્થળનું મહત્ત્વ ગુજરાતના સંસ્કાર સમજવા અનેરૂં છે. માછીમારના ગામડા જેવું મુંબાઇ જ્યારે કાંઇ વિસાત કે લેખામાં ન હતું ત્યારે 'સૂરત સોનાની મૂરત' હતું.

ગુજરાતમાં અંગ્રેજ અને પોર્ચ્યુગીઝ સત્તાઓ જે વેળા પગભેર થવા રસાકસી ઉપર આવી હતી. કંપની બહાદુર ગોવા તથા દીવ વચ્ચેનાં સ્થળેથી રાજકીય શેતરંજ રમતી હતી તે વેળા આખાય એશિયાના બજારની લેવડદેવડ સુરતમાં ચૂકવાતી. ચીન, ઇરાન અને યુરોપથી માલનાં જહાજ ભરાઇ સુરત બંદરે લંગરાતાં. રેશમ, અતલસ, સાટીન, જરી, મશરૂ, મખમલ, કિનખાબ, મલમલ, છીંટ, દોરી અને કૅલિકોની ગાંસડીઓ અહીં બંધાઇ દેશપરદેશ ચડતી. આગ્રા, ભરૂચ, અમદાવાદ, ખંભાત અને ગોધરાથી વણઝારા ઊંટની પોઠો લાવતા. ડચ લોકો પીપર, મરી, તજ, લવીંગ, એલચી અને બીજો તેજાનો ભરતા, એટલું જ નહિ પરંતુ વિલાયતમાં તેજાનો સોંઘો ન થાય તે માટે ખપ કરતાં વધારાનો બાળી નાખતા. ચા અને કૉફી પણ ડચ વેપારીઓના પ્રતાપે પીવાતાં થઇ ગયાં હતાં.

ઔરંગઝેબના રાજ્યમાં સુરતની વસ્તી લંડનથી વધારે હતી. અંગ્રેજો મોગલાઇના ભાડુત હતા. કંપનીની કોઠી મોગલાઇના મકાનમાં હતી. એમાં લગભગ ચાળીસ માણસને રહેવાની સગવડ હતી. ભાડા પેટે કંપનીને વાર્ષિક સાઠ પૌંડ આપવા પડતા. કંપનીનું કામકાજ બોર્ડ મારફત થતું. બોર્ડમાં પહેલો પ્રમુખ, બીજો સ્ટોરકીપર અને ત્રીજો 'પર્સર' હતો. આ ઉપરાંત એક સેક્રેટરી અને ચૅપલેઇન પણ હતા. આ સર્વેને ખાવા અને રહેવાનું મફત મળતું, એટલું જ નહિ પણ ખાનગી વેપાર કરવાની પણ છૂટ હતી. વિલાયતથી નવો આવતો કાચો અંગ્રેજ પહેલો 'એપ્રેન્ટીસ' (શિખાઉ) તરીકે રખાતો. ધીરેધીરે તે 'રાઇટર'ને પછી 'ફૅક્ટર'ને દરજ્જે પહોંચતો. કંપનીની કાઉન્સિલમાં 'મિનિસ્ટર' અને 'એકાઉન્ટન્ટ'ના પણ હતા. આ ઉપરાંત ડૉક્ટર અને સર્જન પણ રહેતા. સર્વેને પગાર વાર્ષિક અપાતો. જુનિયર ફૅક્ટરને ૧૫ પાઉન્ડ; રાઇટરને ૭ પાઉન્ડ, કાઉન્સિલ મૅમ્બરને ૪૦ પાઉન્ડ તેથી ચડતાને ૧૨૦ પાઉન્ડ અને પ્રમુખને ૩૦૦ પાઉન્ડ મળતા. આ ઉપરાંત કંપની દેશી ચપરાસી ઘણા રાખતી. ચપરાસીને મહિને ચાર રૂપીઆ પગાર અપાતો. કોઠીમાં દેશી નોકરચાકર ઉપર સખત જાપ્તો રખાતો. બહુ જ ભરોસાદાર નોકરને માલ સોંપાતો. કોઠીમાંથી કામ કરી બહાર નીકળતા મજૂરની જડતી લેવાતી. એકંદરે કોઠી એ અંગ્રેજનો કિલ્લો જ હતો.


કોઠીમાં બધા અંગ્રેજ નોકરો માટે એક જ ટેબલ ઉપર ખાવાનું રખાતું. અંગ્રેજ, પોર્ચ્યુગીઝ અને મુસલમાન રસોઇઆ જાતજાતનું રાંધતા. વાંસ અને કેરીનાં અથાણાં તેઓ પણ ખાતા. પોર્ચ્યુગીઝો કેરીના અથાણાંને 'આચાર' કહેતા. ખાવાપીવા માટે ચાંદીનાં વાસણોનો ઉપયોગ થતો. મોરપીંછના પંખાથી નોકરો અંગ્રેજોને હવા નાખતા. રવિવાર અને તહેવારના દિવસે તેમના રાજા અને કંપનીની સલામતી પીવાતી તથા દેવળમાં પ્રાર્થના થતી. દારૂ બંગાળ અને ગોવાથી આવતો.

પ્રેસિડેન્ટ ક્વચિત જ કોઠીમાંથી બહાર નીકળતો. બહાર જતો ત્યારે પાલખીમાં બેસીને જતો; એટલું જ નહિ પરંતુ અંગ્રેજ વાવટો સાથે રાખી શહેરમાં વરઘોડા માફક દમામથી ફરતો. કંપનીને પોતાની આબરૂ અને મોભો સાચવવાનો મોટો ખ્યાલ હતો. સડતા જતા મોગલ રાજ્યમાં કંપનીનો વક્કર એટલો પડેલો કે ઘણા કજીઆ કોઠીમાં ચૂકવાતા. અંગ્રેજોના પ્રામાણિકપણાનો ખ્યાલ લોકોને ભારે હતો. મોગલ અમીર-ઉમરાવને ખુશામત અને ભેટસોગાદથી રાજી રાખવા અંગ્રેજ ફૅક્ટરો કાળજી રાખતા. મુસલમાનોની સરસાઇમાં અંગ્રેજો મોટીમોટી કબરો પણ બાંધતા.

આ કાળે (ઇ.સ. ૧૬૮૦માં) સુરતમાં ડચ, પોર્ચ્યુગીઝ, ફ્રેંચ અને અંગ્રેજો વચ્ચે ઝગડા થતા. પોર્ચ્યુગીઝો ચાંચિયાઓની મદદ લઇને અંગ્રેજી વહાણો લૂંટતા. આવા પ્રસંગે કંપની જહાંપનાહ ઔરંગઝેબને અરજી કરતી અને દિલ્હી વકીલ મોકલાતો. સુરતમાં અંગ્રેજો ટોપીવાળા અને પોર્ચ્યુગીઝો ફિરંગીના નામથી ઓળ-

ખાતા. ફિરંગીનું વર્તન હલકટ હતું એટલું જ નહિ પણ તોફાની હતું. હિંદુઓની પંગત જમવા બેઠી હોય ત્યાં માંસના ટુકડા નાખી તેઓ તેમને વટલાવતા. દેશી સ્ત્રીઓ જોડે તેઓ પરણતા પણ ખરા. જ્યારે અંગ્રેજ કોઠીમાં તો સખત કાયદો હતો કે કોઇપણ અંગ્રેજ દેશી, પોર્ચ્યુગીઝ કે બીજી કોઇ પરદેશી કોમની સ્ત્રી સાથે સંબંધ ન રાખે.

અંગ્રેજો હિંદુઓને 'હીધન', 'જેન્ટાઇલ' વગેરે વિશેષણોથી મૂર્તિપૂજક તરીકે ગણતા. બધા જ હિંદુઓ 'વાણીઆ' નામથી ઓળખાતા. અંગ્રેજો હિંદુઓના કજીઆ 'બોલાબોલી' કે 'જીભાજીભી'ના ગણતા. હિંદુઓ કંજૂસ અને પૈસા માટે મોટા લક્ષાધિપતિ પણ મરવા પડે એવો તેમનો અભિપ્રાય હતો. હિંદુ વેપારીઓના ચોપડા દશ ફૂટ જેટલા લાંબા રખાતા. એકાદશી મોટો ઉત્સવ ગણાતો અને તે દિવસ રજાનો પળાતો. હિંદુઓ ઊંચેથી પાણી પીતા અને અંગ્રેજને અડકવું એટલે ઢેડને અડકવા જેવું ગણાતું. જુવાન ફૅક્ટરો ઘણી વખત હિંદુઓને દમથી ધૂરકાવતા અને દબડાવતા. હિંદુઓ ગાયને પૂજતા; તે એટલે સુધી કે કચેરીમાં ગાયનું પૂછડું પકડી સોગંદ લેવાતા. ઇ.સ. ૧૬૦૮માં ટૉમ ટક્કર નામના ખલાસીએ વાછડું મારવાથી સુરતમાં રમખાણ થયું હતું. હિંદુઓ ઘણી વખત અંગ્રેજોને જમવા નોતરતા ત્યારે પતરાળાંપડિયામાં જમાડતા. અંગ્રેજોને દહીં અને ખીચડી બહુ ભાવતાં. નારીએળના પાણીમાં બહુ ગુણ હોવાનું તેઓ માનતા. હિંદુઓ ઘણુંખરૂં સફેદ વસ્ત્ર જ પહેરતા. મોગલાઈમાં છત્રી રાજચિહ્ન હોવાથી કોઇથી તે વપરાતી નહિ. પૈસાની આપલે પણ રાતના છાનીછૂપી થતી. વાણીઆ અંગ્રેજોના દલાલ હતા અને ભાગ્યુંતૂટ્યું અંગ્રેજી બોલી જાણતા. દૃષ્ટાંત તરીકે એક પત્ની પરણવાના અંગ્રેજના રિવાજની પ્રશંસા કરવી હોય તો તેઓ કહે કે, 'English fashion, sab, best fashion have. One wife, best for one husband.' સાધારણ રીતે હિંદુ દલાલને ત્રણ ટકા દલાલી મળતી, અને દીવાળી ટાણે ભેટસોગાદ મળતાં. ફૅક્ટરો હિંદુ દલાલો પાસેથી પૈસા ઉછીના લઇ ચીન સાથે ખાનગી વેપાર પણ કરતા. એર્વિંગ્ટન જેવા રડ્યાખડ્યા અંગ્રેજ મુસાફરો પણ ક્વચિત આવતા. તેઓ હિંદુ અને મુસલમાન રિવાજોનું બારીક અવલોકન



સુરતમાં અંગ્રેજી કોઠીનું મકાન

કરતા. હિંદુઓ સ્વાભાવિક રીતેજ નબળાપોચા ગણાતા.

આ સમયે સુરતમાં ઉદ્યોગ પણ સારા હતા. વહાણ બાંધવાનો ઉદ્યોગ, છીંટ વગેરેનું છાપકામ, કાપડનો વણાટ અને ઇસ્કોતરાની બનાવટ ત્યાંની વખણાતી. સુરતથી તાવની દવા છેક વિલાયત જતી.સુરતમાં આયાત થતા માલ ઉપર મોગલને અઢી ટકા જકાત મળતી. સુરત આવતાં અંગ્રેજ વહાણો પહેલાં સોવેલી પાસે લંગર નાખતાં. ત્યાં અંગ્રેજ ખલાસી માટે એક ધર્મશાળા બંધાવી હતી. બજારમાં રૂપીયાનો ભાવ બે શિલિંગ ત્રણ પેન્સ ઉપજતો. સુરતના બજારમાં એ વેળા ઓછામાં ઓછું ચલણ બદામનું હતું.સાઠ બદામનો એક પૈસો થતો. કંપનીને સુરતનું વાર્ષિક ખર્ચ એક લાખ પાઉન્ડનું હતું.

મોગલાઇના તંત્રમાં સુરતમાં કાજી, કોટવાળ અને ફોજદાર મુખ્ય હતા. દિવસના નવ, બાર, ત્રણ અને પાંચ વાગ્યે નોબત વાગતી. કાગળો વાંસની ભૂંગળીમાં બીડી પરદેશ (દિલ્હી) બેપીઆ મારફત મોકલાતા. સુરતમાં નાચનારીઓ ને વેશ્યાઓ ઘણી હતી. ખાસ કરીને મોગલો વેશ્યાઓ રાખતા. મુસલમાનો મરણ પાછળ બહુ ખર્ચ કરતા. દરબાર અને કચેરીમાં ખુશામતનો પાર નહોતો. દિલ્હીના બાદશાહ કેટલાક હિંદુ રીતરિવાજ પણ પાળતા. નવેમ્બરની પાંચમી તારીખે બાદશાહની 'તુલા' થતી. ઇરાન ને અરબસ્તાનથી ત્યાં સારા ઘોડા સુરતમાં આયાત થતા. વિલાયતનાં કૂતરાં વખણાતાં. સુરતમાં મોટામોટા વરઘોડા અને ઠાઠમાઠ પાછળ લોકો બહુ પૈસા ઉડાવતા. એકંદરે વાણીઆઓ તવંગર ગણાતા.

અંગ્રેજો પણ ધર્મચુસ્ત હતા. દરરોજ બે વખત

તેઓ દેવળમાં પ્રાર્થના કરતા. તેઓને હસ્તરેખા અને જોષ જોવડાવવામાં મજા પડતી. અંગ્રેજોને પોતાની ઊંચાઇનો ખ્યાલ પણ બેસી ગયો હતો. આ કાળે પારસીઓ સુરતમાં હાથવણાટથી ફીનખાબ અને દોરી વણતા. ઢેડને મુસલમાનો 'હલાલખોર' 'મુવેલું ખાનાર' કહેતા. સુરતમાં સોંઘવારી પણ બહુ હતી. એક પૈસામાં હજામો હજામત કરતા. લોકોને પોતાની લક્ષ્મી છુપાવવાની ટેવ હતી. અને પરિણામે, દેખાવમાં તો ગરીબ અને તવંગર વચ્ચે બહુ ફરક ભાગ્યે જ જણાઇ આવતો.

ઇ.સ. ૧૭૦૦ પહેલાંના આવા આ સમયમાં સુરતમાં અંગ્રેજ વેપારીઓનું જીવન ભવિષ્યમાં રાજ્ય સ્થાનવાર માટે ઘડાતું હતું. ગુજરાતની આજની સંસ્કૃતિનો ભેદ ઉકેલવા માટે આ કાળનો ઇતિહાસ જડે તેટલો મેળવવાની આવશ્યકતા અનિવાર્ય છે.

સુરેશ દીક્ષિત

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

વિદ્યાર્થીઓનો મોટો ભાગ આરંભમાં મિત્રો, સગાંસંબંધી અને ઓળખીતાઓના ફોટોગ્રાફો (છબીઓ) પાડી ફોટોગ્રાફી આવડી એમ માની લે છે. પરંતુ હેતુસર કૅમેરા રાખનારની નજરે તો બીજા અનેક વિષયો આકર્ષણ કરે છે. ચાલુ માસનાં ઇનામો મેળવનારાં અને નોંધપાત્ર ઠરેલાં ફોટો–ચિત્રો નવાં ક્ષેત્રો રજૂ કરે છે. પશુપક્ષીની સૃષ્ટિ માનવીથી યે વધારે અવનવી અને રસમય છે. સાધારણ મનુષ્ય પશુપક્ષીના જીવનથી બીલકુલ અજાણ હોય છે. તેમની ખાસિયતો, ખાવાપીવાની વૃત્તિઓ અને બીજી અનેક બાબતો ફોટોગ્રાફી દ્વારા જ્ઞાન તથા કેળવણી ઉપરાંત આનંદ તેમજ વિનોદ ઉપજાવે તેવા સ્વરૂપે પ્રત્યક્ષ નોંધમાં ઉતારી શકાય છે. આ અંકમાંનું ભાઈ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું 'બાલગસ્તી' ફોટો–ચિત્ર એ બાબતમાં પહેલું ઇનામ જીતી જાય છે. બાળક અને બકરીની જોડી ચિત્રને અનુકૂળ બૅક ગ્રાઉન્ડમાં દીપી ઊઠે છે, અને પાડનાર ફતેહમંદીથી ચિત્રની મઝા પ્રેક્ષક આગળ રજૂ કરે છે. માત્ર ચિત્રની નીચલી ધાર બકરીના પગની એકદમ નજીક છે. તેથી ફોરગ્રાઉન્ડની સંકડામણ થાય છે. તે થવા દેવી જોઇતી નહોતી. બીજી બધી દૃષ્ટિએ ચિત્ર સુંદર છે. તેમાં ય ખાસ કરીને બાળકના પડછાયા આગળ બકરીનું મોં અને થાળી આવેલાં હોઈ તે આગળ તરી આવે છે. બીજા ઇનામને પાત્ર ઠરેલ ભાઇ રામપ્રસાદ વ્યાસના 'વિચારવમળ'માં સાંજનું વાતાવરણ વિષયના માનસિક વાતાવરણને અનુમોદન આપે છે અને તેના ભાવમાં પાત્રની બેસવાની ઢબ ઉમેરો કરે છે પરંતુ ચિત્ર-જગ્યામાં પાત્રનું પ્રમાણ સહેજ મોટું છે. ફોટોગ્રાફીની કારીગરી 'ટેકનિક' ચિત્રમાં ઉત્તમ છે. ભાઇ રસિકલાલ પટેલ (મૉમ્બાસા)ના 'કાચબા'ને ત્રીજું ઇનામ આપવામાં આવ્યું છે. તેમાં ઘાસ ઊગેલી કોહેલી જમીન કરતાં પાણીને કાંઠે કાચબો લેવાયો હોય તો ચિત્રના આકર્ષણમાં ઘણો ફેર પડે.

મૉમ્બાસાના ભાઈ જે સી. પટેલની 'બિલાડી'ને ઉત્તેજન-પારિતોષક મળે છે. ફોટોગ્રાફીની ટેકનિકમાં કાળજી રાખીને ઘરમાં રોજ પગે અથડાતી બિલાડીનું સારૂં ચિત્ર તે ભાઇએ રજૂ કર્યું છે. અસલ પ્રિન્ટમાં બૅકગ્રાઉન્ડમાં જે બારી આવવા દીધેલી, તે ચિત્રમાં ક્ષતિ કરતી હોવાથી અમે તેને દાબીને અહીં છાપી છે. એમ બારી કાઢી નાખવાથી ચિત્રમાં થતો સુધારો સ્પષ્ટ જણાશે.


આ ઉપરાંત ભાઇ રૂસ્તમ અંકલેસરીઆ (અંકલેશ્વર)નું 'આરામ' ભાઇ મધુકર શેઠ (મુંબાઇ)નું 'મારાં પારેવાં', ભાઇ ચન્દ્રશંકર રાવળ (અમદાવાદ)નું 'ઘર તરફ' અને ભાઇ પ્રાણલાલ પટેલનું 'મારો મોતિયો' નોંધપાત્ર ફોટો-ચિત્રો છે. તેમાં 'આરામ' અને 'મારાં પારેવાં'માં ફોટોગ્રાફના પાત્રોની સંખ્યા ઘણી છે. એક જાતનાં એક કરતાં વધુ પાત્રો ચિત્રમાં અમુક વ્યવસ્થિત સ્થિતિમાં ઉતારી શકાતાં નથી ત્યારે ચિત્ર ગુંચવાડાભરેલું બની જાય છે. માટે બને ત્યાં સુધી ઓછી સંખ્યાનાં પાત્રોની ફોટોગ્રાફી કરવા તરફ વલણ રાખવું. 'મારાં પારેવાં'માં જમણી બાજુનું પારેવું ન લેવાયું હોત તો તે ચિત્ર વધારે સારૂં બનત: અને તે જ સૂચના 'આરામ'ને લાગુ પડે છે. 'આરામ'માંથી પણ જમણી તરફનાં બે પક્ષીઓને દૂર રાખવાની જરૂર હતી. ગેરવ્યવસ્થામાંથી વ્યવસ્થા ઉપજાવવી એ જ ઊંચી કક્ષાના કલાકારોનું કામ છે.

બલવન્ત ભટ્ટ

ગૂજરાત સાહિત્ય સભાના મંત્રીઓ તરફથી

વિજ્ઞપ્તિ


ગૂજરાત સાહિત્ય સભા તરફથી, વર્ષ દરમ્યાન પ્રકટ થતા સાહિત્યની સમાલોચના કરવાનું કાર્ય શ્રી જ્યોતીન્દ્ર હ. દવે ચાલુ વર્ષ માટે (નર્મદ ચકલો, આમલીરાન, સુરત)ને સોંપવામાં આવ્યું છે તો સર્વે લેખકબંધુઓ તથા પ્રકાશકોને આગ્રહપૂર્વક વિનંતિ છે કે તે ભાઇને પોતાનાં પ્રકાશનો સમીક્ષા માટે મોકલી આપવાં.



(૧) બાલમસ્તી—ત્ર્યંબક પટેલ વાંકાનેર (પહેલું ઈનામ); (૨) ઘર તરફ—ચન્દ્રશંકર રાવળ; (૩) મારો મોતિયો—પ્રાણલાલ પટેલ-અમદાવાદ; (૪) બિલાડી—જે. સી. પટેલ-મૉગળાસા (ઉત્તેજના પારિતોષિક); (૫) આરામ—રૂસ્તમ અંકલેસરીઆ-અંકલેશ્વર; (૬) કાચબો—રસિકલાલ પટેલ-મૉગળાસા (ત્રીજું ઇનામ); (૭) મારાં પારેવાં—મધુકર શેઠ-મુંબાઇ.

વાગડિયો કપાસ

બાળ વિભાગ



ઉનાળો હતો. ધોમ ધખતો હતો. ધરતીમાંથી ઊની વરાળ નીકળતી હતી. માધા પટેલે ગાડું જોડયું. ગામને પાદર ખાતરનો ઢગલો હતો. તેમાંથી ગાડું ભરીભરીને બધું ખાતર ખેતરમાં લાવ્યા. ખેતરમાં ખાતરના ઢગલા થયા. ખાતર આવી ગયું એટલે પાવડેથી તેને રોળીખોળી નાખ્યું. જમીન ઉપર ખાતર એકસરખું પથરાઇ ગયું.

પછી પટેલ ગીસરાં ઉપર હળ હાંકી લાવ્યા. ખેતરમાં હળ ફેરવ્યું. આખું ખેતર હળાઇ ગયું. જમીનમાં ચાસ પડી ગયા. માટી ને ખાતર એક થઇ ગયાં. ધરતી બધી તળે ઉપર થઇ ગઇ. હળ ફેરવ્યા પછી રાંપી ફેરવી. એથી તો હળ અડચા વગરની ધરતી હતી તે પણ ખોદાઇ ગઇ. માટીનાં મોટાં ઢેફાં ભાંગી ગયાં.

ત્યાં તો ચોમાસું આવ્યું. વરસાદના છાંટા પડચા. એક વરસાદ પડચો, બીજો વરસાદ પડચો. પાણી પીને જમીન ધરાઇ ગઇ. ઉઘાડ થયો; તડકા નીકળ્યા. માધા પટેલ બળદ લઇ ખેતરે ગયા. જમીનમાં પડેલા ચાસ પૂરાઈ ગયા હતા. ક્યાંય ખાડાટેકરા ન હતા. ખાતર ને માટી એક થઇ ગયાં હતાં. પટેલે બળદ જોડી દંતાળી ફેરવી. એક દંતાળીને ચાર દાંતા. દંતાળી ફરતી તેમ એકીસાથે ચારચાર ચાસ પડતા.

ચાસ પાડીને પટેલે તેમાં વાવણાં કર્યાં. એ વાવણાં માટે પટેલ કપાસિયા લાવ્યા; ઓરણી લાવ્યા. દર વીઘે અઢી શેર કપાસિયા વાવ્યા. એ કપાસિયા ભેગા થોડા અડદ પણ ભેળવ્યા હતા. માધા પટેલ કહે કે કપાસિયા ભેગા અડદ છાંટચા હોય તો કપાસમાં કસ પૂરે.

ઓરણીને છેડે ત્રણ લાકડી. ત્રણેય અંદરથી પોલી. બળદ હાલે એટલે ઓરણીમાંથી કપાસિયા ચાસમાં એકીસાથે ત્રણત્રણ ચાસ વવાય. વાવણાં કર્યા પછી પટેલે રપટો ફેરવ્યો. એથી કપાસિયા ઉપર માટી વળી ગઇ. ચાસ બધા પુરાઇ ગયા.

વળી પાછો વરસાદ પડચો. આ વખતે વરસાદ ઠીકઠીક પડચો. પાછા તડકા પણ ખૂબ પડચા. ધરતી પાણીથી ધરાઇ ગઇ. માધા પટેલના ખેતરમાં ચાસે ચાસે કોંટા ફૂટચા. કૂણીકૂણી દાંડલી ને ઉપર જાણે લીલુંલીલું બી. એ બી ફાટીને પાંદડાં ઊગ્યાં. ધીમેધીમે કપાસના છોડ ઊંચા આવ્યા. છોડ ઉપર લીલાંલીલાં કૂણાંકૂણાં પાન ફૂટચાં. અડખેપડખે પાન ને વચ્ચે જાણે કળી. વળી બીજો દિ થાય ત્યાં કળી ઊઘડીને નવાં પાન ફૂટચાં જ હોય. કયાંક કયાંક કપાસની વચ્ચે અડદના છોડ પણ ઊગી નીકળ્યા હતા. વળી ખેતરમાં વચ્ચે જ્યાંત્યાં નકામું ઘાસ ને બીજા છોડ પણ ઊગી નીકળ્યા હતા. આ ઘાસ ને નકામા છોડવા તો જમીનનો કસ ચોરી જાય. એટલે એક દિવસ પટેલ દાડિયાં લઇને ખેતરે ગયા. એ દાડિયાંને એક એક ચોરિયું આપ્યું. ચોરિયું એટલે એક લાંબી લાકડીને છેડે કોદાળી જેવું ફળું. એ ચોરિયાથી દાડિયાંએ નકામાં ઘાસ ને છોડવા મૂળમાંથી ખોદી નાખ્યાં. કોઇવાર તડકો તપતો હોય કે કોઇવાર વરસાદ વરસતો હોય; પણ પટેલ ને દાડિયાં તો ન જુએ તાપ કે ન જુએ વરસાદ. પાંચસાત દિવસમાં તો આખું ય ખેતર આમ ઢૂંઢી નાખ્યું. ખેતર ઢૂંઢાઇ ગયા પછી પટેલે બેલિયું ફેરવ્યું. બેલિયું ફર્યું એટલે ખેતરની ખોદાઇ ગએલી જમીન સમથળ થઇ ગઈ. હવે તો આખા ય ખેતરમાં હારબંધ કપાસના છોડ ને ક્યાંક ક્યાંક અડદના છોડ સિવાય બીજું કાંઇ નહોતું દેખાતું.

અષાડના મે વરસી ગયા ને શ્રાવણનાં સરવરિયાં પણ ગયાં. ભાદરવો આવ્યો ને કપાસના ગોલ ઊંચા આવવા લાગ્યા. કોઇકોઇ છોડ ઉપર હવે તો પીળાંપીળાં ફૂલ બેસવા માંડચાં. કપાસના છોડ એક હાથ જેટલા ઊંચા થઈ ગયા હતા. આખા ખેતરમાં જાણે લીલાલીલા છોડ ને ઉપર પીળા મુગટ! ધીમેધીમે ફૂલ તો વધવા લાગ્યાં. છોડે છોડે ફૂલ ને ડાળે ડાળે ફૂલ આવ્યાં. હવે તો ઘણાં બધાં ફૂલ આવ્યાં. જ્યાં જુઓ ત્યાં પીળાં ફૂલ! પીળીપીળી પાંખડી ને વચ્ચે રાતડી ગોટો.

ભાદરવો વીતીને આસો મહિનો આવ્યો. ચોમાસું ઊતર્યું ને શરદ બેઠી. ટાઢ પણ પડવા લાગી. કપાસ ઉપરનાં ફૂલ સુકાવા લાગ્યાં. એ ફૂલ કરમાઇને ખરી પડે ત્યાં ફૂલ નીચે બોર જેવડું એક લીલું જીંડવું દેખાય.

પછી તો બોર જેવડું જીંડવું યે વધવા લાગ્યું ને સોપારી જેવડું થયું; ને સોપારીમાંથી પછી લીંબુ જેવડું થયું. ગોળગોળ જીંડવું ને ઉપર મજાની હાંસ. કારતક-માગશરમાં તો આવાં ઘણાં ય જીંડવાં આવી ગયાં. પટેલનાં છોકરાં ખેતરે જાય અને મીઠાં ને મધુરાં એ જીંડવાં તોડીતોડીને ખાય.


હવે તો ટાઢ પણ વધી. જીંડવાં સુકાઇને ફાટવા લાગ્યાં. તેમાંથી ધોળુંધોળું દૂધ જેવું, સુંવાળું રેશમ જેવું રૂ દેખાયું. જીંડવાં સુકાતાં જાય ને ફાટતાં જાય તેમ રૂ વધારે ને વધારે બહાર આવતું જાય. ટાઢો પવન વાય ને એ રૂ છૂટું પડીને ઊડે.

આ બાજુ અડદને શીંગો આવી ગઇ. શીંગ સુકાઇ ગઇ એટલે પટેલે તે તોડાવી લીધી ને અડદના છોડવા સુવાડી દીધા.

પોષ મહિનો આવ્યો. ટાઢ તો ખૂબ પડી. છોડવે-છોડવે ઘણાં ય જીંડવાં ફાટયાં હતાં. જીંડવાં સુકાઇ ગયાં હતાં. એક એક છોડવે હવે તો રૂ ભરેલાં પચાસ-પચાસ જેટલાં કાલાં થઇ ગયાં હતાં. ટાઢ તો એવી પડી કે જાણે હિમ પડયો. જે કાલાં પૂરાં સુકાઇ ગયાં હતાં તેને કાંઇ ન થયું. હજી જે સહેજ લીલાં જીંડવાં હતાં અને જે ફાટીને અંદરથી રૂ હજી બહાર નીકળતું હતું તે બળી ગયાં. બળી ગયાં એટલે સાવ સુકાઇ ગયાં. અંદરનો રસ સુકાઇ ગયો ને જીંડવાં પીળાં પડી ગયાં. રૂ વધારે બહાર ન આવી શકયું. જે થોડું રૂ અંદર ભરાઇ રહ્યું હતું તે પણ પીળું પડી ગયું!

હવે તો માધા પટેલ વારંવાર ખેતરે જવા લાગ્યા. બેચાર ઉભડિયાને રાતપાળી કરવા રાખી લીધા. ઉ-ભડિયા રાતે ખેતરનું રખવાળું કરે. રખે ને કોઇ હરામખોર રૂ વીણી જાય તો? કાલાં ચોરી જાય તો?

માહ ઊતરીને ફાગણ આવ્યો. કાલાં બધાં સુકાઇ ગયાં હતાં. રૂ પણ બહાર નીકળીને ઊડતું હતું. છોડવા સુકાવા લાગ્યા હતા. પટેલ એક દિવસ સામટા દસબાર ઉભડિયા લઇને ખેતરે ગયા. પવનની લ્હેરમાં સૂકા છોડ આમતેમ ડોલતા હતા. સૂકાં પાંદડાં ઝીણોઝીણો અવાજ કરતાં હતાં. પટેલે બધો કપાસ વીણાવી લીધો. વાંકા વળીને ઉભડિયા કાલાં તોડતા જાય ને વાંસે બાંધેલી ઝોળીમાં ભરતા જાય. ઝોળી ભરાઇ જાય એટલે ખેતરમાં એક ઠેકાણે ઢગલો કરે. આમ આખું ખેતર વીણાઇ ગયું એટલે બધો કપાસ ગાડામાં ભરી પટેલ



કુદરતનું ગીત

પતંગિયાની પાંખે,
ને મીંદડીની આંખે,
મેં રંગ મેલ્યા.... તેજ મેલ્યાં.

આંબલાની સાખે,
બદામ અને દ્રાખે.
મેં રસ મેલ્યા.... મધ મેલ્યાં.

માવડીને હૈયે
ને ગાવડીને છૈયે,
મેં દૂધ મેલ્યાં..... ધણ મેલ્યાં.

પોયણાંની ડાળે,
તળાવકેરી પાળે,
મેં ગીત મેલ્યાં..,..જોર મેલ્યાં.

બાળુડાંને મોઢે,
આભલાને ખોળે,
મેં સુશ મેલ્યાં... જીવન મેલ્યાં.

સુન્દરમ

માંખળમાં લાવ્યા. માંખળમાં કપાસના જુદાજુદા ઢગલા પડ્યા હતા. ખેડૂતે ખેડૂતના નોખા ઢગલા. બધા ખેડૂતનો કપાસ આવી ગયો એટલે દરબારે બધા ઢગલામાંથી જોખીજોખીને રાજભાગ જુદો પાડ્યો. દરબારે ખેડૂતો પાસે એ રાજભાગનો ઢગલો દરબારી વખારમાં ભરાવ્યો. પછી સૌને પોતાનો ઢગલો લઈ જવાની રજા મળી.

પટેલે થોડાં કાલાં ઘેર ફોલ્યાં, થોડાં રોજી આપી ફોલાવ્યાં. શેરીમાં ઠેકઠેકાણે તેનાં ઠાલિયાંના ઢગલા થયા. ઠાલિયાં પગ તળે કચરાય ને વાગે. એ ઠાલિયાં ઢોર ખાય. કોઇકોઇ તો એ સળગાવી તેનો દેવતા પણ કરે.

માથા પટેલે ખેતરમાંથી કપાસની સાંઠી કરાંઠી ભેગી કરાવી ગાડાં ભરી ઘેર બાળવા આણી. ઠાલિયાં ભેગાં કરાવીને ખાતરના ઢગલામાં નાખ્યાં. એક દિવસ પટેલ ગાડું જોડી કપાસ ભરી જીનમાં લઇ ગયા. જીનમાં કપાસ લોઢાવ્યો. કપાસિયા ને રૂ જુદાં પાડ્યાં. થોડું રૂ ઘરવપરાશ સારૂ રાખી બાકીનું વેચી નાખ્યું. કપાસિયા પણ ઢોરને ખવડાવવા પૂરતા ને વાવણાં પૂરતા રાખ્યા; બાકીના વેચી નાખ્યા.

પટેલે વીઘે અઢી શેર કપાસિયા વાવ્યા હતા. તેમાંથી વીઘે વીસ શેર કાલાં ઊતર્યાં. એ કાલાં ફોલતાં ૧૪ શેર કપાસ નીકળ્યો ને તેને લોઢાવતાં પાંચ શેર રૂ નીકળ્યું. આખા ખેતરના રૂનો મોટો ગંજ થયો. ખેતરમાં એક શેર અડદ છાંટ્યા હતા તેમાંથી કળશી જેટલા અડદ પણ ઊતર્યાં.

ઠાલિયાં બાળ્યાં ને ખાતરમાં નાખ્યાં. કપાસિયા ઢોરને ખવડાવ્યા, વાવણાં સારૂ રાખ્યા ને વેચી નાખ્યા. સાંઠીકરાંઠીનું બળતણ થયું ને રૂમાંથી નાડાં, દોરડાં, જોતર ને કપડાં થયાં.

ઉનાળે ખાતર પૂર્યું, ચોમાસે વાવ્યું ને શિયાળે ઊગ્યું. કપાસનું આ જાતનું બી કચ્છ–વાગડ તરફથી આવ્યું એટલે તે વાગડિયો કપાસ કહેવાયો.

વેણીલાલ બચૂ

રબ્બર સ્ટૅમ્પ

(અનુસંધાન પૃષ્ઠ ૩૪૦થી)

સામાન વેચનારી કંપનીઓમાંથી અથવા પરદેશથી તે મળે છે. તે ન મળી શકે તો તેને બદલે ખડીમાટી પાણીમાં ગાળી વાપરી શકાય એમ હું માનું છું. પહેલાં ખડીમાટીને ઓગાળી તે ડહોળું પાણી બીજા વાસણમાં કાઢી લઇ તેને ઠરવા દેવું. પછી ધીરે રહીને ઉપરથી પાણી નીતારી કાઢીને બેઠેલી માટી લઇ લેવી અને તેને સૂકવી રાખવી. મારા માનવા મુજબ આ માટી મોલ્ડિંગ કૉમ્પોઝિશનની જગ્યાએ કામ આપે ખરી. પણ આ અનુમાન માત્ર છે.

ડેક્સ્ટ્રીન એ એક જાતનો ગુંદર જેવા ગુણવાળો તૈયાર ભૂકો આવે છે. પ્લાસ્ટર ઑફ પારીસ અને મોલ્ડિંગ કૉમ્પોઝિશનને એકસરખાં નરમ કરવા માટે આનું પાણી ઉપયોગમાં લેવાય છે. આને બદલે સારા બાવળીઆ કે ખેરી ગુંદરના સ્વચ્છ સફેદ ગાંગડા લઇ તેને અતિશય બારીક વાટી કપડા વડે ચાળી ઉપયોગમાં લેવાય તો તે પણ ચાલી શકે તેમ છે. ડેક્સ્ટ્રીન પણ દવાવાળાઓ (કેમિસ્ટો)ને ત્યાંથી અથવા સ્ટૅમ્પનો સામાન વેચનાર કંપનીઓમાંથી મળી શકે છે.

ફ્રેંચ ચૅાક તો સુંવાળાશને માટે જ વપરાય છે. રબ્બરની પ્લેટ તૈયાર થાય કે તરત ગરમ ને ગરમ ફ્રેંચ ચૅાકમાં નાંખી તેમાં થોડીવાર રાખવાથી તથા તે વડે તેને ઘસવાથી પ્લેટ સુંવાળી, ચળકતી તથા સફેદ રંગની થાય છે. આવી રીતે તૈયાર કરેલા સ્ટૅમ્પો ગ્રાહકો વધુ પસંદ કરે છે. સોપસ્ટોન–આપણું શંખજીરૂં–પણ આ સુંવાળાશનું કામ કરે છે એવો કેટલાક સ્ટૅમ્પ બનાવનારાઓનો અભિપ્રાય છે. ફ્રેંચ ચૅાક પણ કેમિસ્ટોને ત્યાંથી મળે છે. શંખજીરૂ તો કોઇપણ ગાંધીને ત્યાં મળશે. તેને અતિશય બારીક વાટી કપડા વડે ચાળી ઉપયોગમાં લેવું.

પુરુષોત્તમ દ. પટેલ

(રબ્બરસ્ટૅમ્પ કેમ બનાવવામાં આવે છે તેની સંપૂર્ણ વિગત સમજાવતો લંબાણ હપ્તો આવતા અંકમાં)

પિતા: કેમ રમેશ આજે શાની પરીક્ષા હતી?

રમેશ: નિબંધની!

પિતા: પેપરમાં પાસ માર્ક તો મળશે ને?

રમેશ: જરૂર; ૪૦ માર્ક તો ખરા જ.

પિતા: શાથી જાણ્યું?

રમેશ: (પેપર બતાવીને) જુઓને બાપા! આ રહી સૂચના. ૬૦ લખાણના ને ૪૦ સ્વચ્છતા, તથા સફાઇના. મેં નોટમાં એક પણ ડાઘો પાડ્યા સિવાય તદ્દન જ કોરી નોટ મૂકી છે. એટલે સફાઇના ૪૦ માર્ક તો જરૂર મળવાના જ ને?!



માધુકરી

ગણે લોકો આયુ વરસ, મહિના ને દિવસથી,
અને શ્વાસોચ્છ્વાસે સમયગણના યોગીજનની;
પરંતુ માનું હું, મનુજવયનું માપ કરવા,
(પ્રસ્થાન) થયા દુઃખી કાજે હૃદયથડકા તે જ ગણવા. —હરિહર ભટ્ટ

સ્વ. લાખાજીરાજનાં સંસ્મરણો

સને ૧૯૨૪-૨૫ નો રાજકોટનો ત્રાસદાયક પ્લેગનો સમય છે. ભય, દુઃખ અને કંપારીભર્યા એ મૃત્યુના સામ્રાજ્યમાં કોઇ કોઈનું થતું નથી; સગાંસંબધી પોતપોતાનું સાચવીને નાસતાં જણાય છે! જ્યાં જેને ઠીક પડે ત્યાં સુખેદુઃખે દહાડા કાઢવા ભરાઇ બેસે છે! આવા વિકટ આપત્કાળમાં, દેવની પ્રતિમા સમો, મૃત્યુને ડારતો એક રાજવી, જિંદગી માટે પણ બેપરવા બનેલો નરપતિ, પ્રજાનો સાચો પિતા, મોટરમાં બેસી ગરીબો અને નિરાધારોની ઝૂંપડીઓમાં કોઈપણ ભેદભાવ વિના દોડાદોડ કરી રહ્યો છે.

એક ગરીબની ઝૂંપડી આગળ એમની અવિરામ દોડતી મોટર ઊભી રહે છે. ઝૂંપડીમાં પ્લેગના સખ્ત પંજામાં સપડાએલી એક કંગાલ ડોશી એકલી ખાટલામાં પડી પડી ઝૂરી રહી છે. તેનો એકનો એક જુવાનજોધ દીકરો હમણાં જ પ્લેગે ભરખી લીધો છે. કોઇપણ આધાર વગરની આ ડોશીને અંતરમાં પુત્રના મૃત્યુનો અને બહારથી લાગુ પડેલા સખ્ત પ્લેગનો દાહ સળગાવી રહ્યો છે. દયાના દેવ સમા આ રાજવીને તેની ખબર પડતાં તે આવી પહોંચ્યા છે. ગરીબ પ્રજાજનની ઝૂંપડીમાં એ નરપતિ પ્રવેશ કરે છે, પ્લેગના દરદથી પીડાતી એ ડોશીની છેક પાસે જાય છે! જે સમયે પ્લેગના ઉત્પાતથી સાજાંતાજાં મનુષ્યો પણ વ્રાણી ફૂટે તેમ ફાટી પડતાં હતાં અને ડૉકટરો પણ દૂરથી તપાસવાની ચેષ્ટાઓ કરતા હતા, તેવા સમયે જાનને માટે અધિક બેપરવા બનેલા આ દયાળુ રાજવી પ્લેગના દરદીને છેક નજીક જઇને જુએ છે, ખબર પૂછે, છે હિંમત આપે છે અને જોઈતી જરૂરીઆતોની નોંધ લે છે! મૃત્યુના મુખમાં સપડાએલી અને જિંદગીના છેલ્લા શ્વાસ લેતી ગરીબ ડોશી આ માયાળુ રાજ્યપિતાની હૂંફથી આશ્વાસન મેળવે છે.

એ અંધારી અને વિચિત્ર વાસવાળી સંકીર્ણ જગ્યામાં આલીશાન રાજમહેલનો નિવાસી કેવી રીતે અને કેટલો સમય રોકાઇ રહેશે, એ જાણવાને જોનાર જનો પણ આતુર જણાય છે; પણ એ કર્તવ્યનિષ્ઠ પુરુષને દુઃખી પ્રજાજનના વિચારમાં પોતાનું સ્મરણ રહ્યું નથી. પુત્ર ગુમાવી બેઠેલી આ માતાનો હૃદયઘાવ કેમ રૂઝાવું એ લાગણીમાં તેમણે પ્રેમથી કહ્યું, 'ડોશીમા! કંઇ ફીકર કરશો નહિ: હું પણ તમારો દીકરો છું!' એ નિરાધાર દુઃખાણી ડોશીના દિલમાં સંકટના આકરા સમયે એક રાજાને પ્રેમપૂર્વક પોતાના પુત્રનું સ્થાન લેતો જોઇ શા શા ભાવોની ભરતી થઇ હશે! તેનાં નયનોમાં અશ્રુધારા હતી અને હૈયું અકથ્ય ભાવોથી ભરાઇ ગયું હતું!

卐

એક દિવસ સાંજે ગોંડળ જતી સડક ઉપરથી એક મોટર આસ્તે આસ્તે ચાલી આવે છે. દિવસ અસ્ત થયા પછીનું ઝાંખું અજવાળું રહ્યું છે. બાપુની મોટરને ઓળખી લેતાં રાહદારી પ્રજાજનો માનથી એક બાજુ ઊભાં રહી પ્રેમથી પ્રણમે છે. સ્ત્રીઓ મર્યાદાથી એક તરફ ખસીને જરા દૂર ઊભી રહે છે. થોડે દૂર જતાં આગળ બે બાઇઓ ધીમે પગલે જતી જણાય છે. તે મોટરનો પ્રકાશ આવતો જોઇ સડકની એક બાજુએ ખસી જાય છે. મોટરનો વેગ તેને ગભરાવે તેવો નથી, એટલે તે સ્વસ્થતાથી એક તરફ ગોઠવાય છે. મોટર નજીક આવતાં પ્રકાશનું પ્રમાણ વધે છે; એટલે સ્ત્રીહૃદયજન્ય સ્વાભાવિક ક્ષોભથી એક બાઇ એક બે ડગલાં વધારે પાછી હઠે છે. પોતાની પાછળ સડકનો ઢાળ છેક નજીકમાં હોવાનું તેના ખ્યાલમાં ન રહેતાં, પગ ખસી પડવાથી તે ઢાળમાં સહેજે નીચે સરી પડે છે! મોટરમાંથી એ બનાવ જોતાં જ અનુકંપિત હૃદયે બાપુ ગાડીને થોભાવી એકદમ નીચે ઊતરી પડે છે! ડ્રાઇવર અને બીજી બાઇની મદદથી તેને સ્વસ્થ કરી, તેને સંકોચ ના થાય તેમ દૂરથી માયાળુપણે ઇજાના ખબર પૂછે છે. કંઇ ખાસ ઈજા જણાતી નથી; પણ



સ્વ. સર લાખાજીરાજ (શિલ્પકાર · વિનાયક કરમારકર)

અકસ્માત અને બાપુની હાજરીથી શરમને લીધે સ્ત્રીહૃદય ગભરાઇ ઊઠયું છે. તુરત જ ડ્રાઇવરને આજ્ઞા કરે છે કે બન્ને બહેનોને પોતાની મોટરમાં બેસાડી તેમને ઘેર પહોંચાડવી ને પછી આ તરફ આવવું. આ રીતે તેને વિદાય કરી પોતે પગપાળા ચાલવા માંડે છે.

એમનું દિલ નવા વિચાર, નવી સુધારણા ને આ વૈજ્ઞાનિક જમાનાની અસરથી રસાએલું હતું, છતાં એમણે જે દ્વારા સમાજ સાથે ભળી શકાય, નિર્દોષ આનંદ લઈ શકાય અને લોકમાં કંઇપણ નવો પ્રકાશ પૂરી શકાય તેવા કોઈપણ જૂના રિવાજને તજ્યા ન હતા; પરંતુ તેમાં યોગ્ય ફેરફારો જરૂર કર્યા હતા. હુતાશનીના તહેવારમાં સવારે પૂર્વજોમાં થએલા શૂરાપૂરાની ખાંભીઓને કસુંબો ધરવા જવાનો રિવાજ રાજકોટમાં ચાલુ છે, તેમાં તેઓ જાતે જતા. સાથે સર્વ અધિકારીમંડળ તથા ભાયાતો વગેરેને પણ લેતા અને નાનામોટાનો ભેદ સરી જઇ રસભેર સૌ રંગે રમતા. તેમાં કોણ મોટો અમલદાર, કોણ નાનો નોકર કે કોણ ઠાકોર સાહેબ એ ભેદ જ જાણે ભુંસાઇ જતો!

હુતાશની પ્રગટવા સાંજે નિયમસર સવારીમાં તેઓશ્રી જતા. ત્યાંનો પૂજનવિધિ પૂર્ણ કરી પાછા ફરતા ત્યારે મોટી ધામધૂમ થતી. સવારના રંગની પેઠે આ વખતે ગુલાલની ઝડી વરસતી. પોતે કઠેરાવાળા એક મોટા પાટમાં બેસતા અને સાથે મુખ્ય અમલદારો તથા સંગીતકાર વગેરે મળી વીશેક માણસ તેમાં સમાતાં. ઊંચા માળ જેવો એ પાટ પ્રચંડ બળદોથી ધીમે ધીમે ખેંચાતો ને બજારમાં ગજગતિથી ચાલતો. ઠાકોર સાહેબ કુંકુમાં (ગુલાલથી ભરેલા લાખના ગોટા) નો જથ્થો પાસે રાખતા અને દુકાનદારો કે અન્ય પ્રજાજનો ઉપર પ્રેમપૂર્વક એમાંથી છોડતા. જેને કુંકુમું વાગે તેને તે અડકતાં જ તૂટી જતું અને તેના શરીર પર ગુલાલનો ઢગલો થઇ જતો!

આ સવારી જ્યારે કંદોઇ બજારમાં એક હલવાઇની દુકાન પાસેથી નીકળતી, ત્યારે કુંકુમાંની રમઝટનો રંગ ઑર જામતો! હલવાઇ ચતુર્ભુજ કદાચ રાજકોટના સમસ્ત કંદોઇઓમાં વધારે સ્થૂળ હશે. તે ઘૂમટના આકારની દૂંદ લગભગ ઉઘાડી રાખીને, દુકાનના બહાર નીકળતા કઠેરામાં સ્વાદિષ્ટ મિઠાઇઓ વચ્ચે નિશ્ચિંતપણે બેઠેલો હોય છે. તેની એ દૂંદ ઠાકોર સાહેબનાં આકર્ષણ અને રમૂજનો વિષય બનતી! જ્યારે એની દુકાન નજીક સવારી આવે, ત્યારે બંને તરફ સૌની ખાસ નજરો ખેંચાતી. ચતુર્ભુજ પણ આ પ્રેમાળ રાજાનો પક્ષપાત પોતાના ઉપર છે એમ સમજતો અને સામે પણ થોડી ઘણી તૈયારી રાખતો. સવારી આવી પહોંચતાં તેની દૂંદ પર કુંકુમાં છૂટતાં, અને ચતુર્ભુજ બાપુને હસાવવા પડકારાથી 'એ નહિ બાપુ!' એમ બોલી ગમ્મતમાં હાથની ચેષ્ટા કરતો; તથા લાગ સાધી સામે કુંકુમું પણ છોડતો. બે ઘડીની આ મજા જોવા લોકોની ઠઠ જામતી અને આ નિર્દોષ પ્રેમભર્યા આનંદના અટ્ટહાસ્યનો સામટો ધ્વનિ રાજા-પ્રજા વચ્ચેના કૃત્રિમ અંતરાયોને ભૂંસી નાખતો!

ॐ

ગાર્ડનપાર્ટી જેવા ઉત્સવોમાં તેઓશ્રી રાજવીમંડળમાં તેમજ મોટા યુરોપીઅન અધિકારીઓમાં જે ગૌરવ અને

સ્વમાનથી ધૂમતા, તેથી પણ અધિક સ્વમાન અને ગૌરવ ધરાવી પ્રજાવર્ગમાં આનંદભેર ભળી જતા; એટલું જ નહિ પણ સ્કાઉટ ક્લબના વિદ્યાર્થીઓનાં ટેબલ ઉપર તેમની સાથે બેસી ઘણી જ છૂટથી તેમને બોલાવતા, હસાવતા અને તેમના નાસ્તામાંથી અમુક વાનીઓ હાથે લઇને ચાખતા! વળી તેમને નીડર અને ચાલાક બનાવવા આવા પ્રસંગનો પણ સરસ ઉપયોગ એવી રીતે કરાવતા કે અમુક સ્કાઉટને કોઇ રાજવીના ટેબલ ઉપર તો અમુકને એ. જી. જી. જેવા કોઇ યુરોપીઅન અધિકારીઓના ટેબલ ઉપર જાતે મોકલતા તથા તેને તેમની સાથે નાસ્તો લેવાની અને છૂટથી વાતો કરવાની સૂચના કરતા. જે વર્ગ સામાન્ય પ્રજાજનને ઘણો ઊંચો અને પોતાનાથી દૂર રહેવા સરજાએલો લાગે છે તેની ભડક ઊગતી પ્રજામાંથી ભાંગવા તથા તેની ખોટી શેહમાં તે બચપણથી જ ન દબાય તેવા બનાવવા આ રીતે તેઓશ્રી પોતાનાં આ પ્રજાસંતાનોને હૈયાની હૂંફ આપીને પ્રેરતા.

卐

શરૂઆતના સમયમાં તેઓશ્રી ઘણી વખત વેશપલટો કરી નગરચર્ચા જોવા નીકળતા. એક રાત્રે કોઇ ગુપ્ત સ્થળે અમુક બદમાશોની ટોળકી જમા થએલી જોવામાં આવી. તુરત પોતે તેમાં શામેલ થઇ ગયા. ઘણીવાર સુધી તેમની હીલચાલનું નિરીક્ષણ કર્યા પછી તેમના કેટલાક બુરા ઇરાદા સમજી લઇ, એકલા હોવા છતાં તે જ સ્થળે એ બદમાશોની વચ્ચે હિંમતથી પોતે પ્રકાશમાં આવ્યા અને હાકલ મારી તેમને સજ્જડ કરી દીધા! હરામખોરોને મોત નજરે દેખાઇ આવ્યું, પણ પ્રેમના તંત્રમાં માનનાર એ રાજવીએ ઠપકો દઇ, સુધરવાની તક આપી, બુરા ધંધા નહિ કરવાની સખ્ત ચેતવણી આપી તેમને જતા કર્યા!

卐

એક સમયે છેક સાદા પોષાકમાં તેઓશ્રી કુવાવડા મહાલની કોઇ સીમમાં એકાએક જઈ ચડ્યા. ત્યાં એક ખેતરમાં ખેડૂતો લીલાં કણસલાંનો પોંક પાડી રહ્યા હતા તેમની સાથે વાતચીતમાં ભળી ગયા. સીમમાં રહેતા ખેડૂતો પોતાના નવા રાજાને હજુ બરાબર પિછાનતા ન હતા, એટલે કોઇ ગિરાસીઆ ભાઇ હશે એમ ધારી તેઓ તો સારીનરસી વાતો ફેંકયે જતા હતા. જ્યારે બીજી બાજુ આ ચતુર રાજવી ધીમેધીમે પ્રશ્નો મૂકી પોતાની પ્રજાનાં અંતર વાંચી રહ્યો હતો! તેમાં એક પ્રશ્ન એવો હતો, કે તમે આવા તાજા પોંક એકલા જ ખાઓ કે તમારા અમલદારને પણ આપો? અને ન આપો તો તમારા પર એ રહેમ શી રીતે રાખે? એ સાંભળી ખેડુતોએ કહ્યું, અરે ભાઇ, અમલદારને શું આપે? એ તો એવો આકરો છે કે એક દાણો ય ન લે. તેને તો જે દેવા જાય એ ઉલટો ઠપકો ખાઇને આવે! એની પાસે અમારાથી કોઇ વસ્તુ દેવા જવાતી નથી! એવો એ સાચો માણસ છે. ઘણાય અમલદાર ખાઉંખાઉં કરતા હોય છે, પણ આની પાંતીનું એ વાતમાં તો અમારે સુખ છે. ઠાકોર સાહેબને આ અમલદારની નોકરીથી સંતોષ હતો જ, પરંતુ આથી વિશેષ જણાયું કે ખરેખર આવા પ્રમાણિક માણસથી રાજ્ય અને પ્રજાનું સાચું હિત સાધી શકાશે. તેમનું હૃદય હર્ષથી ઉભરાયું અને રાજમહેલમાં આવી તેમણે એક પત્ર એ પ્રામાણિક અમલદાર ઉપર ખાનગીરીતે સ્નેહપૂર્વક લખ્યો, એટલુંજ નહિ પણ તે પત્રના કવરમાં સારી રકમની કરન્સી નોટો મૂકી પત્રને પોસ્ટમાં સાદા રજિસ્ટરથી મોકલી આપ્યો!

卐

રાજકોટની સ્થાનિક જેલમાં એક સમયે અમુક તકનો લાભ લઈ, ભયંકર ગુનાહની શિક્ષા પામેલા અમુક બદમાશ કેદીઓએ તોફાન કરી, પોલીસનાં હથિયાર ખૂંચવી લીધાં; અને આખી જેલ બંધ કરી પોતાના તાબામાં લીધી! તેમના હાથમાં કારતુસોના જથ્થા સહિત બંદુકો આવવાથી તેઓ ઝેરપર આવ્યા. ને તેની ગોળીઓ ઠેઠ રાજમહેલ સુધી સનસનાટ આવવા લાગી! આ સ્થિતિમાં પોલીસો અને અમલદારોની દોડાદોડ ચારેમેર થઇ રહી! ઠાકોર સાહેબને ખબર પડતાં તેઓ તરત જ જેલ તરફ ઉપડચા. ત્યાં જવામાં જીવનું જોખમ છે એમ જણાવી અધિકારીઓ તથા અન્ય જનોએ વિનતિ કરી, પરંતુ તેમણે મૃત્યુનો ડર તો કદી પિછાન્યો જ ન હતો. તેઓ એકદમ પોલીસનાં માણસો લઈ, જેલની નજીક જઇ, અમુક સ્થળ પસંદ કરીને ઊભા અને અનેક પ્રકારના ઉપાયો લેવા માંડચા. પણ મજબૂત કિલ્લામાં સરંજામ સહિત ભરાએલા બદમાશોને હાથ કરવાનું મુશ્કેલ હતું તેઓ જ્યાં જ્યાં નજર પહોંચે ત્યાંત્યાં ગોળીઓ છોડચે જ જતા હતા! છેવટે પોતે એજન્સી પોલીસની મદદથી તથા ગોંડળથી મોટી તોપ મંગાવી, આખી જેલ ઉડાડી દેવા ધાર્યું! એક તરફથી એ તજવીજ થવા માંડી, ત્યારે બીજી તરફ અંદર ભરાએલા બદમાશોની ગોળીઓ પોતાની આજુબાજુથી સનનન કરતી ચાલી જતી હતી! દરમિયાન પોતે બીજી એક યોજના શોધી. એક મોટું પીપ મંગાવી, તેની ઓથે રહી, તે પીપ ગબડાવતો ગબડાવતો એક માણસને જેલની દિવાલ સુધી પહોંચાડચો તેના હાથમાં ગ્યાસલેટ છાંટવા માટે બંબાનો નળ આપ્યો અને આખી જેલને ગ્યાસલેટ છાંટી સળગાવી! આથી લાચાર થઇ હરામખોરો તાબે થયા! આમ ગોળીઓના વરસાદમાં જીવના જોખમે જાતે કામ લીધું! આવા પ્રસંગોમાં જ્યારે સામાન્ય મનુષ્યો ગભરાટમાં પડી ભયભીત બની જતાં, ત્યારે આ વીર પુરુષને સાહસ અને શૌર્યના રંગ ચઢતા!

(સ્વ. લાખાજીરાજનાં સંસ્મરણો)

ધાડપાડુ સામે લડનારી

કુમારી હરનામકુંવર મોગા (પંજાબ) ગામની સત્તર વર્ષની જાટ બાલિકા છે. તેણે હમણાં થોડા વખત પર ત્રણ ધાડપાડુ સામે જે વીરતાથી સામનો કરી તેમને પકડી લીધા તેથી

તે હિંદમશહૂર થઇ ગઇ.

ગઇ તા. આઠમી એપ્રિલની રાત્રે ચાર ચોરે તેના ઘર ઉપર છાપો માર્યો. પહેલાં તો એક જણ અંદર આવ્યો અને આ છોકરીને ધન ક્યાં છે તે પૂછવા લાગ્યો. દરમ્યાન ત્રણ જણા છાપરા પર ચોકી કરતા ઊભા. એવામાં નીચેવાળાએ જોયું કે છોકરીનો ભાઇ ત્યાં આવે છે એટલે તેની સામે બંદૂક તાકી. પણ બહાદુર છોકરીએ ઝડપ મારીને બંદૂક ખેંચી લીધી અને પોતાના ભાઇની મદદથી ચોરને પકડી લીધો. આ જોઇ છાપરા પરના ચોરે બંદૂકનો ઘા કર્યો. તેથી છોકરી ઘાયલ થઈ ગઇ; પણ એવી સ્થિતિમાં યે તે વીર બાળા હાર ન ખાતાં એક ઓથ લઇને લડી રહી હતી. એટલામાં એક ચોર નીચે આવ્યો. તેના ઉપર તે સ્ફુર્તિથી કૂદી પડી અને પોતાના ગળાની સોનાની માળાથી તેનું ગળું ભીંસી દીધું. આ જોઇ ઘરમાં છુપાએલાં માણસો બહાર પડચાં અને પછી ત્રીજા ચોરને સૌએ મળી પકડી લીધો. આ ધમસાણમાં છોકરીનો બાપ ઘાયલ થયો અને પરિણામે ગુજરી ગયો. છોકરીને મોગાની સરકારી ઇસ્પિતાલમાં લઇ ગયા. સેંકડો ગ્રામવાસીઓ તેને જોવા ઊલટવા લાગ્યા. પ્રાંતના કમિશ્નર તેને ખાસ મળવા આવ્યા અને પોલીસ અમલદારો તેની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. સિવિલ સર્જને તેની માવજત કરી અને તેને સાજી કરી. આ પછી સરકારે તેને બે મુરબ્બા (?) જમીન બક્ષિશ આપી અને તેના નિર્વાહ માટે એક હજાર રૂપિયા આપ્યા. તેના ભાઇ સરવનસિંહને પણ એટલી જ જમીન અને એક હજાર રૂપિયા ઇનામ મળ્યાં. તેની બુઢ્ઢી માને મહિને દસ રૂપિયા પેન્શન મળ્યા કરશે, કારણકે ડાકુ સાથે લડતાં તેનો ધણી મરી ગયો હતો.

પંજાબના ગવર્નર સર હરબર્ટ એમર્સને તેને તથા તેના ભાઇને બંગલે બોલાવી એક સનંદ આપી જેમાં તેમની બહાદુરી અને ઇનામો વર્ણવ્યાં છે. સીમલાની શિક્ષિત સ્ત્રીઓએ તેને એક સોનાની કંઠી ભેટ મોકલી અને સીમલાના શીખ ગુરુ દ્વારા તરફથી એક રેશમી શાલ, ઈશ્વરપ્રાર્થનાની પોથી અને એક કિરપાણ ભેટ કર્યાં. કૅલિફૉર્નિયાના સુધારક સમાજના મંત્રીએ ૧૦૦ રૂપિયા ભેટ મોકલ્યા. ઑસ્ટ્રેલિયાની એક છોકરીનો પત્ર આવ્યો કે તું મારી મિત્ર થા. હરનામ જેવી કન્યાઓ ભારતમાં વધો. (સંકલિત)

ચૌદ વર્ષનો બંગાળી બાલકારીગર

બાટા કંપનીનું નામ તેના જોડા-બૂટના પ્રચારથી હવે સૌને જાણીતું થયું છે. આ કંપનીએ કલકત્તાની પાસે કોન્નગર નામના સ્થાનમાં પોતાનું એક કારખાનું ખોલ્યું છે. તેમનું સૌથી જંગી કારખાનું તો ઝેકોસ્લોવેકિયામાં બ્લીન ગામમાં છે. (જુઓ 'કુમાર'નો અંક ૧૦૯) એ મોટા કારખાનામાં કામ શીખવાને કંપની તરફથી હમણાં બારેક હિંદી વિદ્યાર્થીઓની ચૂંટણી કરવામાં આવી. તેમાં મિહિરકુમાર ચૌધરીનો નંબર પહેલો હતો. એ કલકત્તાવાસી એસ. એન. ચૌધરી, એમ. એ. નો બીજો પુત્ર છે અને તેની ઉમર માત્ર ચૌદ વર્ષની છે. પહેલાં તે કોન્નગરના કારખાનામાં તૈયાર થયો. ૧૯૩૩ના એપ્રિલમાં તેને યુરોપ જવાનું મળ્યું. તે પોતાના કામમાં નિપુણતા બતાવી શક્યો છે અને પોતાના અગિયાર સાથીઓ સાથે દુનિયાના બીજા દેશો અમેરિકા, ઇંગ્લંડ, જર્મની, ફ્રાંસ વગેરેના બાળકોની સોબતમાં તેમની બરોબરી કરી રહ્યો છે. આજથી જ તે બહુ પરિશ્રમી અને પ્રતાપી લાગે છે. ચૌદ વર્ષનો એ બાળક માતપિતાની હૂંફ છોડી હજારો માઇલ દૂર વિદેશમાં કારીગરી શીખી રહ્યો છે અને મનમાં દેશની દરિદ્રતા દૂર કરવાની અભિલાષા સેવે છે. (હિંદી 'બાલક')

ભકિતનો પ્રસાદ

નમ્રતા એ ધાર્મિકતાની નિશાની છે. સાચી નમ્રતા હોય તો બીજા પાસેથી જ્ઞાન મળી શકે, બોધ લઇ શકાય, પોતાના જીવનમાં સુધારો કરી શકાય. એ નમ્રતા વ્યક્ત કરવા ખાતર જ શુશ્રુષા એટલે કે કહ્યું સાંભળવાની ને માનવાની તૈયારી જિજ્ઞાસુ પાસે માગેલી છે.

ત્યારપછી ભક્તોએ એ નમ્રતામાં વધુ ઉમેરો કર્યો. જ્ઞાની માણસનાં ચરણ જ્યાં છે ત્યાં પોતાનું માથું પહોંચે તો પણ પોતે ઉન્નત થયા એવી લાગણી વ્યક્ત કરવા ખાતર પગે લાગવાનો, પગ પર માથું મૂકવાનો રિવાજ દાખલ થયો. પછી તો નમ્રતાની હરીફાઈ ચાલી. 'હું દાસના દાસનો દાસ છું, ગુલામનો ગુલામ છું. આપ ગુરુના ગુરુ છો' વગેરે વિવેક વધવા લાગ્યો. પછી તો ચરણને છોડીને ચરણની રજને લોકો વળગ્યા. એક જણે તો પોતાના માનેલા ગુરુના પગ પરની ધૂળ રોજ થોડીથોડી ભેગી કરી એક કોથળી ભરી કાઢી. એના પર રેશમનાં અને જરીનાં કપડાં વીંટાળી એને રોજ માથા પર મૂકવા લાગ્યો !

ભકિત એ સારી વસ્તુ છે; પણ જીવન જો પ્રાકૃત હોય તો ભકિતમાં કેવળ વેવલાપણું જ આવી જાય છે. ચરણસ્પર્શમાં કંઇ જાદુઇ અસર છે, એમાંથી ધાર્મિકતાની વીજળી વગર મેહેનતે આપણા શરીરમાં પ્રવેશ કરી શકે છે, એવો એક વહેમ પેદા થયો, અને પછી લોભી વૃત્તિ જ્યાંજ્યાં આવો મફતનો લાભ મળે ત્યાંત્યાં તે મેળવવા દોડવા લાગી. એક તરફ ભકતો ચરણસ્પર્શનું માહાત્મ્ય દહાડેદહાડે વધારવા લાગ્યા. બીજી તરફ લોકોને આ સહેલી ધાર્મિકતા માટેનો લોભ વધવા લાગ્યો. અને જેને વિષે મનમાં પૂજ્યભાવ હોય તેને અકળાવીને પણ લોકો આવા ચરણસ્પર્શની હરીફાઈ કરવા લાગ્યા.

પથ્થરની કે ધાતુની મૂર્તિને પૂજા માટે ગમે તેટલી વાર ખવડાવીએ અને ગમે તેવા ઉપચાર એના પર લાદીએ તોયે એ મૂર્તિને અકળામણ થાય એમ નથી. તેથી ભકિતનાં વહાલ મૂર્તિ ઉપર ઢાલવવામાં કશી મુશ્કેલી નથી. મંદિરના મુખિયાઓ જેમ ઇચ્છે તેમ મૂર્તિઓની પૂજા કરી શકાય. પણ કોઈ દેહધારીને ઇશ્વરનો અવતાર માનવા આપણે બેસીએ

અને આપણી ઘેલછામાં એનાં સુખદુઃખનો કે એની લાગણીનો વિચાર ન કરીએ, એ તો અવિવેકની સીમા થઇ. સ્પર્શ અને સ્પર્શની વીજળી ઉપરનો વિશ્વાસ એ તો ધાર્મિક રિવાજોમાં ધૂસેલો જડવાદ છે. ઘણા લોકો ભેગા થાય એટલે એકબીજાનું જોઈને એમનું ગાંડપણ વધી જાય છે. પછી તો સત્પુરુષના આશે જીવનનો વિચાર કરવાને બદલે એના પ્રત્યેની પોતાની ભકિતની જ એ કદર કરવા લાગે છે. અને અંતે ઇશ્વરને નામે પોતાની નબળી પણ ઉશ્કેરાએલી લાગણીની જ ઉપાસના કરતા તે થાય છે.

હજારવાર ચરણસ્પર્શ કય છતાં મનનો મેલ ગયો નથી, હૃદય ઉન્નત થયું નથી, એનો અનુભવ થયા છતાં માણસ એટલું સ્પષ્ટ જોતો નથી કે હૃદયમાં જ્યાંસુધી પલટો થયો નથી ત્યાંસુધી આ સ્પર્શની વીજળી ભાગ્યે જ કંઇ કરી શકવાની છે.

ભકતો આગળ આવી વાત કોઇ કરે તો તેને નાસ્તિક ગણી કાઢતાં એમને વાર નથી લાગતી. કવિઓ અતિશયોક્તિ કરી વર્ણનો લખે છે. સિદ્ધાંતવાદીઓ છેક છેલ્લી ટોચે પહોંચીને એ વચનોનો બચાવ કરે છે, અને સામાન્ય લોકો એ બધાં વચનોના અક્ષરાર્થને વળગી રહેવામાં જ ધાર્મિકતા જુએ છે. લોકોને પોતાના સંતમહંતો અને ધાર્મિક સેવકો પણ ભોગવવા હોય છે. આ વૃત્તિમાં ખરી ધાર્મિકતા નથી, હીનતા નહિ તો જડતા છે. એથી ધર્મનો વિજય ન થવાનો.

હમણાં જ સિંધમાં લોકોએ ચરણસ્પર્શ કરવા જતાં ગાંધીજીના પગને ઉઝરડા કાઢચા. લોકોની ગાંડી ભકિતનો આવો પ્રસાદ ગાંધીજીને ઘણીવાર ચાખવો પડે છે.

દર્શનની અભિલાષા સ્વાભાવિક છે. સરઘસો, યાત્રાઓ, સભાઓ અને સંમેલનોમાં વિચારોની આપલે થાય છે, એટલું જ નહિ પણ વિચારના પ્રચારનું તે ઉત્તમ પ્રતિબિંબ છે. લાગણી કેળવવાનું ને લોકમાનસ નિહાળવાનું તે એક જબરદસ્ત સાધન છે. હજારોની સંખ્યામાં લોકો ભેગા થાય એ અનિષ્ટ નથી. વિરાટ જનતાની જાગૃતિ એવા જનસમુદાયેથી જ દેખાઇ આવે છે. મોટા સમુદાયમાં બધા સાત્ત્વિક ભાવો ફૂટવા માંડે તો તે જેટલું સ્વાભાવિક છે તેટલું જ ઇષ્ટ પણ છે. પણ એની સાથે લોકોમાં અમુક તાલીમ તો આવવી જ જોઇએ. બીજાનાં સુખદુઃખ વિષે, બીજાની લાગણી વિષે એવે વખતે વધારે કોમલતા પ્રગટ થવી જોઇએ. અને સામાજિક જીવનનો વિવેક તો એવે પ્રસંગે પ્રધાન ધર્મ થવો જોઇએ. ઘેલછામાં આવી ભકિતનો પ્રસાદ ચખાડીએ એ તો જુલમ જ કહેવાય.

(હરિજન બંધુ) —દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

શિલૉંગ

કલકત્તા સુધી તો તમે આવ્યા છો. ત્યાંથી લગભગ ચોવીસ કલાકની મુસાફરી પછી શિલૉંગ અવાય છે. રસ્તામાં બ્રહ્મપુત્રા નદી ઓળંગી. નદીઓમાં નદી એ જ. ગંગા યમુના પણ નાની લાગે. રેલવે મુસાફરી ત્યાં અટકે છે અને બોટમાં નદીપાર જવું પડે છે. નદીપાર થયા પછીની મુસાફરી મોટર બસમાં કરવાની. શિલૉંગ સુધીની મુસાફરી મોટર સ્ટેશનથી ૬૩ માઇલ છે. રસ્તો ડામરનો છે અને ઘણી સારી હાલતમાં રાખે છે. પર્વતના ઘાટની જ મુસાફરી છે. રસ્તામાં દૃશ્યો ઘણાં સારાં છે. વાંસનાં જંગલો જ જંગલો. પણ મને ઉતાકામંડ જેવી મજા ન આવી.

શિલૉંગ આસામની રાજધાની હોઇ સરકારી ઑફિસોથી ભરેલું છે. પચાસેક હજાર માણસોની વસ્તી હશે. આજુબાજુ ટેકરીઓથી ઘેરાએલું હોઈ વિસ્તારમાં મોટું છે.

અહીંની હવા ઘણી વિચિત્ર છે. અંગ્રેજો જેને home-climate કહે છે તેને ઘણે અંશે મળતી આવે ખરી. 'ઘડી ઘડી તડકો ને છાંયડો ફેરવાયે.' વધુમાં ભાદરવા મહિના જેવો વરસાદ. મે મહિનો હોવા છતાં આપણે ત્યાં નાતાલમાં જેવી ઠંડી પડે છે તેવી ઠંડી. ધુમસ કેટલીક વાર એટલું બધું થઇ જાય કે આપણે પૃથ્વી જોડે સંબંધ રાખીએ છીએ એ પણ ભૂલી જઇએ! 'કરા' સાથે વરસાદ તો એટલો જોરમાં પડે કે જમીન પર છ છ ઇંચ જેટલો બરફ થઇ જાય. ધરતીકંપ પણ અહીં પુષ્કળ થાય છે; જોકે હજુ એકે મેં અનુભવ્યો નથી. આ કારણથી અહીંનાં ઘરો બધાં લાકડાંનાં અને ઘાસનાં. પાણી સારું છે, પણ ઘણું ભારે. અંદર લોહનું તત્ત્વ ઘણું; એટલે તબિયત બહુ સારી રહે. આટલું આબોહવા વિષે.

અહીંની વસ્તીમાં, યુરોપીઅન અમલદારો, મારવાડી અને થોડા બંગાળી વેપારીઓ ઉચ્ચવર્ગમાં આવે. લગભગ ત્રીજા ભાગની વસ્તી અહીંના જ રહેવાસી 'ખાશી'ઓની છે. આ જાત મૉંગોલીઅન છે. ચીનાઓને મળતું મોં ને શરીરે ઠીંગણા; પણ મજબૂત બહુ. એમની ભાષા પણ 'ખાશી' કહેવાય છે. નવાઈ જેવું એ છે કે એ ભાષા લખાય અંગ્રેજી લિપિમાં! એમનો ધર્મ ખાસ જણાયો નથી. થોડાઘણા હિંદુ થયા છે, પણ ઘણા મિશનોથી ખ્રિસ્તી થઇ ગયા છે અને થાય છે. બુદ્ધિ બહુ જ ઓછી.

કામરુદેશ કહેવાય છે તે આ જ. અહીંઆં પુરુષોનો મોભો સ્ત્રીઓથી ઊતરતો. આપણે ત્યાં બધા ઇશ્વર પાસે છોકરો માગે, ત્યારે અહીં છોકરી માગે! મિલ્કતનો વારસો સહુથી નાનામાં નાની છોકરીને મળે અને લગ્ન પછી સ્ત્રી સાસરે જવાને બદલે પુરુષ જ સાસરે રહે. ટૂંકમાં અહીં બધા જ ઘરજમાઇઓ. ઘરનો વ્યહવાર તથા વેપાર સુદ્ધાં સ્ત્રીઓ જ કરે. માણસો ફક્ત મજૂરી કરે. આવી એમની સામાજિક રૂઢિઓથી અહીં સ્ત્રીઓ બોલવામાં તેમજ હરવાફરવામાં બહુ જ સ્વતંત્ર; અને એ ખાસ કરીને પરદેનશીન બંગાળીઓની સરખામણીમાં બહુ જ સુધરેલું લાગે.

આજુબાજુની જગ્યાઓમાં અહીંથી ચેરાપુંજી ફક્ત ૩૩ માઇલ છે તે જોઇ આવ્યો. આવી જગ્યાઓમાં 'ધોધ'નો 'મૅનીઆ' હોય છે તે પ્રમાણે બધા ધોધ જોયા! બાકી

ખાસ નવીન નથી.

અહીંના લોકો બધા 'મિષાહારી'. ચુસ્તમાં ચુસ્ત બંગાળી બ્રાહ્મણ પણ માછલી અને માંસ ખાય; પણ હું નિભાવું છું. અહીંનો વધુમાં વધુ પાક બટાટા અને ચા. બટાટા વવાય છે પુષ્કળ, પણ દમ વગરના. નારંગી, કેળાં, પોપૈયાં એ અહીંનાં મુખ્ય ફળો. બહુ સસ્તાં નહિ, પણ સારાં ઘણાં.

શિલૉંગની ઊંચાઇ દરિયાઇ સપાટીથી ૫૦૦૦ ફૂટ છે. યુરોપીઅનો માટે ઘણી સારી સગવડો છે. જે થોડાઘણા દેશી અમલદારો છે તે પણ તેવા જ અરધા ગોરા! (એક પત્રમાંથી)

અળશી

અળશીને સંસ્કૃતમાં અતસી, મરાઠીમાં અળશી, હિંદીમાં અલસી, બંગાળીમાં મસીના, કર્ણાટકીમાં અગસી, તામીલમાં અલશી બિરાઇ, ફારસીમાં તુખ્મેકતાન ને અંગ્રેજીમાં લિન્સી કહે છે.

અળશીના છોડ દોઢએ ફૂટ ઊંચા થાય છે. અળશીમાંથી તેલ કાઢવામાં આવે છે તે પણ ઘણાએ જોયું હશે! ખાવાના ઉપયોગમાં એ તેલ લેવું હોય તોપણ લઇ શકાય છે, પણ મોટે ભાગે તો એ દવામાં જ વપરાય છે.

એ અળશીનું તેલ આપણા દેશમાં કાઢવામાં આવતું નથી, પણ ઇંગ્લંડમાં ખૂબ કાઢવામાં આવે છે. આથી હિંદુસ્તાનમાંથી દર વર્ષે હજારો ખાંડી અળશી ઇંગ્લંડ તરફ જાય છે. ત્યાં એ અળશીના તેલનો ખાસ ઉપયોગ વાર્નિશ બનાવવામાં કરે છે; ને એ વાર્નિશ પાછો હિંદમાં જ મોંઘે ભાવે વેચાવા આવે છે! આપણાં બજારોમાં 'બેલતેલ' નામનું જે તેલ વેચાય છે તે એ અળશીનું જ ઉકાળેલું તેલ છે.

અળશીને શેકી તેની ચટણી કરે છે તે સ્વાદિષ્ટ લાગે છે. અળશીનાં તાજાં જીંડવાંની પણ ચટણી થાય છે ને તે પણ ઘણી સ્વાદિષ્ટ લાગે છે. આ ઉપરાંત જીંડવાંનું અથાણું પણ થાય છે.

અળશીના છોડવામાંથી રેસા અથવા તાર નીકળે છે. એ તારમાંથી શણના જેવાં કપડાં બની શકે છે. આપણા લોકોનું ઉદ્યમ તરફ ઝાઝું વલણ નહિ હોવાથી એ અળશીના છોડના તાર કાઢી હાલ તેનો ઉપયોગ કોઈ કરતું નથી. મોટા પાયા પર જો એ કામ ઉપાડવામાં આવે તો ઉદ્યોગ સારો ખીલે તેમ છે.

ઘઉં, જુવાર, બાજરી વગેરેનું જેમ વાવેતર કરવામાં આવે છે તેમ અળશીનું પણ ખૂબ વાવેતર કરવામાં આવે છે. અળશીનો છોડ સીધો અને નાજુક હોય છે. આસ્માની રંગનાં ઘંટના આકારનાં ફૂલો તેના પર બેસે છે અને પછી તે પર ગોળ દડા જેવાં ફળ લાગે છે. એ ફળમાં દસ દસ ખાનાં હોય છે, અને એ દરેક ખાનામાં એકએક ચળકતું બી હોય છે. સંસ્કૃતમાં આ બીને 'સણ' કહે છે.

ચરક અને સુશ્રુતના પ્રાચીન વૈદક ગ્રંથોમાં અળશીનો ઉમા, અતસી, ક્ષૌમ વગેરે નામોથી ઠેકાણેઠેકાણે ઉલ્લેખ કરેલો હોઈ ત્યારથી તે અત્યાર સુધી વૈદકમાં તેનો એકધારો ઉપયોગ કરેલો છે. તેમના કરતાં પણ પ્રાચીન એટલે મનુ, યાજ્ઞવલ્કય વગેરેની સ્મૃતિઓમાં ઉપનયન પ્રકરણોમાં ક્ષત્રિયોને ક્ષૌમ (અળશીના વાક-એટલે કે કહોવડાવેલા રેષા-નાં) વસ્ત્રો ધારણ કરવા વિષે વિધાન કરેલું છે. મહાભારત અને રામાયણમાં પણ ક્ષૌમ વસ્ત્રોનો ઉલ્લેખ દેખાય છે.

ચીનમાં 'ચુમા' નામનું એક કાપડ થાય છે તે પણ અળશીના વાકના જેવા જ પ્રકારનું હોય છે. 'આઇને અકબરી' નામના અકબરશાહની કારકીર્દિના ગ્રંથમાં બ્રહ્મચારીના વેશમાં વાકના કપડાની ટોપીનો નિર્દેશ કરેલો જણાય છે. આ બધી વાતથી સાબિત થાય છે કે અળશીનું વાવેતર હિંદુસ્તાનમાં પ્રાચીન કાળથી છે ને હમણા સુધી એકધારૂં થતું આવ્યું છે, તેમજ તેના રેષામાંથી વસ્ત્રો બનાવવાની કળા પણ તે જ વખતથી ચાલી આવી છે. માત્ર આજ એકબે સૈકા થયાં જ એ કળા અદ્દશ્ય થઇ ગઈ છે.

વૈદકમાં અળશી ઘણી ઉપયોગી વનસ્પતિ છે, એટલું જ નહિ પણ ઉદ્યોગધંધાઓમાં પણ તે ઘણી ઉપયોગી છે. અળશીના તો મુંબાઈમાં મોટા મોટા વાયદાના વેપાર ચાલે છે. તેલનો રંગ, છાપવાની શાહી, બનાવટી ઇંડિયા રબર, જમીન ઉપર પાથરવાનાં રંગીન કાપડ, તેલના વાર્નિશ, નરમ સાબુ વગેરે બનાવવામાં અળશીનો મોટો ઉપયોગ થાય છે. મોટાં મોટાં યંત્રોમાં પૂરવા માટેનું તેલ પણ એનું જ વપરાય છે.

ઈંગ્લંડમાં ઘોડાને અળશી ખવડાવવામાં આવે છે. અળશીનો ખોળ ઢોરોને ખવડાવવાના કામમાં પણ આવે છે! 'લિનન' અને 'કૅમ્બ્રિજ' નામનાં વિલાયતી કાપડ અળશીના વાકમાંથી જ બને છે. અળશીના સૂકવી રાખેલા ડાંડા કાગળ બનાવવાના કામમાં પણ લેવાય છે. દૂઝણાં ઢોરને અળશીનો ખોળ ખવડાવવાથી તે લાંબા વખત સુધી દૂધ આપે છે. એ દૂધ પણ સારૂં ઘટ્ટ હોય છે ને તેમાંથી ઘી પણ ઘણું જ સારૂં બને છે.

આપણે ત્યાં અળશીનું જે વાવેતર થાય છે તેની સાથે સરસવ તથા રાઇ પણ વાવવામાં આવે છે. આથી કરીને ચોકખી અળશી આપણને મળતી નથી. અળશીની સાથે સરસવ અથવા રાઈ મળેલી હોવાથી શુદ્ધ તેલ તેનું નીકળી શકતું નથી ને તેવા તેલમાંથી બનનારા પદાર્થો પણ શ્રેષ્ઠ બની શકતા નથી.

અળશીની મુખ્ય બે જાત છે: એક ધોળી ને બીજી રાતી. રાતી જાતમાં પણ પાછા બે પ્રકાર છે: એક નાની અળશી ને બીજી મોટી અળશી. અળશીની એક જાત કલકત્તા તથા પશ્ચિમઘાટ તરફ થાય છે ને તે જાતને 'ઉંદ્રી' કહેવામાં આવે છે. ધોળાં બીમાંથી સેંકડે ૩૧:૧ ના પ્રમાણથી તેલ નીકળે છે. મોટી જાતનાં રાતાં બીમાંથી સેંકડે ૩૧:૨ ના પ્રમાણથી અને નાની જાતના રાતા બીમાંથી સેંકડે ૨૯:૬ ના પ્રમાણમાં તેલ નીકળે છે. સરેરાશ સો મણ બીમાંથી ૩૦ મણ તેલ નીકળે છે.

રંગારા લોકોને ધોળા રંગનું કામ કરતી વખતે સીસાનો અંશ પેટમાં જવાથી પેટમાં દુઃખ થાય છે ત્યારે તેના ઉપર અળશીનું તેલ અકસીર છે અળશીનું તેલ રેચક છે એ

તો કદાચ ઘણાને ખબર હશે.

અળશી સ્નિગ્ધ, કડવી, બળકારક તથા મધુર છે. અળશી અને એરંડાનું તેલ સરખા પ્રમાણમાં લઇ મિશ્ર કરી, કાંસાના પાત્ર વડે ખલી આંખમાં આંજવાથી ઊંઘ આવે છે. જ્યારે મનુષ્યની ઊંઘ ઊડી જાય અને તે અનિદ્રાથી પીડાય ત્યારે આ અખતરો કરવા જેવો છે. અળશીનો લોટ લઇ તેમાં થોડી હળદરની ભૂકી નાખી, પછી તેને પાણીમાં કાલવી અગ્નિ પર મૂકી બાફી, તેની પોટીસ બનાવી ગુમડાં પર બાંધવાથી ગુમડું પાકી જાય છે. પાંચ સાત વખત એમ શેક કરી પોટીસ બાંધી દેવાથી ગુમડું જલદી પાકી જઈ, એક બે દિવસમાં ફાટી જઇ વેદના ઓછી થઇ જાય છે. ઘણા લોકો અળશીના લોટને બદલે ઘઉંના લોટની પોટીશ પણ બનાવે છે. દાઝવાથી જે ફોલ્લા થાય છે તેની ઉપર અળશીનું તેલ તથા ચૂનાનું નીતરેલું પાણી ભેગાં કરી ચોપડવાથી આરામ થઇ જાય છે.

છાતીમાં કફ વધારે થઇ ગયો હોય અથવા ફેફસાં પર સોજો થઈ આવ્યો હોય તો એક તવી પર અળશીનો લોટ લઈ નીચે અગ્નિ રાખી ગરમ પોતા વડે છાતીએ શેક કરવો. આ શેક કરવાથી છાતીએથી કફ છુટો પડી જશે ને ફેફસાંનો સોજો પણ નરમ પડી જશે. મરડો થયો હોય ત્યારે અળશીનો કાઢો ઘણો ઉપયોગી છે. વૈદકમાં તો હજી અળશીના બીજા ઘણા ઉપયોગો દર્શાવ્યા છે.

(સંકલિત) રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

દીર્ઘજીવી પહેલવાનો

નિયમિત વ્યાયામ અને શુદ્ધ આચારવિચાર વડે મનુષ્ય દીર્ઘજીવી થાય છે એ આધારસિદ્ધ થઇ શકશે. પુરાતન કાળ તરફ ન જતાં તદ્દન હાલના જમાનામાં પણ વ્યાયામ કરી દીર્ઘજીવી બનેલા લોક આપણા ઘણા છે; બલ્કે વ્યાયામ કરવાથી જ તેઓ દીર્ઘજીવી થએલા છે. એ પહેલવાનોના દાખલાઓ આ વાતની સત્યતા પર વિશેષ પ્રકાશ પાડી શકશે.

નાગપૂરમાં ૧૩૦ વર્ષના એક સિદ્ધિ પહેલવાન છે. તેમની શરીરયષ્ટી હજી પણ મજબૂત અને કાર્યદક્ષ છે. બરદ્વાન જિલ્લામાં ગુરુકેરા ગામે શ્યામકાંત બૅનરજી ઉર્ફે સોહમ્ સ્વામી નામના પહેલવાન સાધુ પુરુષ હતા. તેઓ થોડાં વર્ષો પર જ ૧૧૦ વર્ષનું આયુષ્ય ભોગવી દેવલોક પામ્યા છે. અમારા પરમપૂજ્ય ગુરુજી જુમ્માદાદા ૧૯૦૪ની સાલમાં ૧૧૦ વર્ષના થઇ દેવલોક પામ્યા. બ્રહ્મચર્ય, વ્યાયામ અને પવિત્ર આચારવિચારથી તેમણે પોતાની શક્તિ છેવટ સુધી કાયમ રાખી હતી. તે ઉપરાંત વડોદરામાં કેટલાક પહેલવાનોની ઉમર ધ્યાનમાં રાખવા જેવી છે:

નબી ઉસ્તાદ ૮૨ વર્ષ, કાલેખાં ૮૬ વર્ષ (એઓ ૬૫ વર્ષની ઉમર સુધી તો કુસ્તી કરતા હતા); રામપુરના દર્જીતસિંગ ૮૫ વર્ષ, લક્ષ્મણરાવ નિમયે ૭૩ વર્ષ; ભિકબા બચ્ચે ૭૩ વર્ષ, રામાઅપ્પા તીમાઅપ્પા ૯૦ વર્ષ, ઝંપાજેઠી નરસાજેઠી ૯૫ વર્ષ; કનકાઅપ્પા વ્યંકાઅપ્પા ૭૫ વર્ષ; નરસોઅપ્પા ગુંડાઅપ્પા ૭૫ વર્ષ; તુળાઈયંકાઅપ્પા ૧૦૫ વર્ષ; હનુમાઅપ્પા જહાગીરદાર ૧૦૮ વર્ષ; કનકાઅપ્પા મલ્લાજેઠી જમાદાર ૯૦ વર્ષ; જમાલ પહેલવાન ૮૬ વર્ષ; મુલ્લાંજી મહંમદ ૮૦ વર્ષ; કૃષ્ણાઅપ્પા તિમ્માઅપ્પા ૮૫ વર્ષ; નારાયણઅપ્પા તિમ્માઅપ્પા ૭૫ વર્ષ.

આવી રીતે હિંદુસ્તાનમાં ઠેકઠેકાણે પ્રકારો જોવામાં આવશે. છતાં પણ અલ્પાયુષીનું પ્રમાણ આ ધંધાવાળા પહેલવાનોમાં વધુ દેખાતું હોય તો તેનું કારણ તેમનું પ્રમાણ બહાર વધેલું શરીરસ્વાસ્થ્ય નહિ, પણ એકાંગી—એક જ જાતનો અશાસ્ત્રીય રીતે લીધેલો અતિશય વ્યાયામ, તેમની જીહ્વાલાલસા અને તેમણે વધારેલાં નકામાં પેટ.

(ઝણકાર) —પ્રો. માણિકરાવ

ચિલોત્રો

ગીરના 'ચિલોત્રો' નામે પંખીનાં પીછ સુવારોગ ઉપર અકસીર છે. એ પંખીની ટોળી—છ સાતની—વડના ટેટા ખાવા પરોઢના પાંચ કે છ વાગ્યે આવે છે સતાઇને બેઠેલો માણસ બંદુકથી તેને મારે છે. ગીરમાં એવું મારેલું એક પંખી પાંચ રૂપિયાનું મળે છે. તેનું માંસ કાઢી ખોખું રાખી મૂકે છે. જરૂર પડ્યે ગરમ પાણીમાં પંખીને ઝબોળે અથવા તેનું એકાદ પીછું નાખે છે. પાણી એથી લાલાશ પકડે છે. એક છીપ પાણી એમાંથી બાઇને પાય છે અને બાકીના પાણીથી તેને નવડાવે છે. કયારેક તો આ પંખીના એક નાના પીછાના પણ શિકારીને દસ રૂપિયા મળે છે! —ર.જી.

વિધવાનાં આંસુ

એ રાતા સમુદ્રમાં સુઆકિનથી થોડે દૂર આવેલી દીવાદાંડીનું નામ છે. જેબ-અલ-તર નામના જે ખુલ્લા ભીષણ ખડક પર તે આવેલી છે એ ખડક ઉપર અફળાઇને તૂટી પડેલા એક બ્રિટિશ વહાણના કૅપ્ટનની વિધવાએ તે બંધાવેલી. એ ભાગ એટલો એકાન્ત અને ભયંકરપણે નિર્જન છે તેમજ ત્યાં તાપ એટલો ભીષણ પડે છે કે સિત્તેર વરસ સુધી તો એ દીવાદાંડીમાં કામ કરનાર કોઈ મળ્યો નહિ! છેવટે મોતની સજા પામેલા કેદીઓને એ દીવાદાંડીમાં કામ કરવાની ફરજ પાડવામાં આવતી, તે એવી શરતે કે દસ વરસ સુધી જો—તે વફાદારીથી ત્યાં કામ કરે તો તેમને છોડી મૂકવામાં આવે!

(અંગ્રેજી ઉપરથી)

એક મુસલમાન યુવકનું સાહસ

બંગાળાના મૈમનસિંહ જિલ્લાના ડાંગાઇલ ગામમ એક નવજુવાન મુસલમાન પોતાની કિસ્તી લેવ નદીમાં ઊતર્યો, તેવામાં મગરે તેને પકડયો. પરંતુ જુવાને હિંમતની હદ કરી. એક દોરડાથી તેનું મોં કચકચાવીને બાંધી લીધું અને ખૂબ જોખમભરી ખેંચતાણ કરી મગરને જીવતો કિનારે ખેંચી લાવ્યો. પછી તો લોકોએ પૂરો કર્યો. આ મગરની લંબાઈ બાર ફીટની હતી!

(હિંદી ઉપરથી)

❀ ડરત ડરત કરના નહિ કરના તો નિઃશંક ❀

ફિલ્સૂફ પ્લેટોને ત્યાં મિજબાનીમાં જમીન પર પાથરેલા મહામૂલા ગાલીચાઓ પર જોરથી પોતાના પગ ઠોકતો ઠોકતો ડાયોજિનિસ બોલ્યો: 'મારા પગ તળે ચાંપું છું, પ્લેટોના આ ગુમાનને તો.' પ્લેટોએ કટાક્ષમાં એનો ઉત્તર વાળ્યો: 'એટલા જ ગુમાનથી ને ?'

અનેકાર્થી શબ્દ: **કીલક**=મેખ,ખૂંટી; ધરી; ઢોર બાંધવાનો ખીલો; મંત્રનો મધ્ય ભાગ; એક સ્તોત્ર; એક તાંત્રિક દેવતા; જ્યોતિષ પ્રમાણેનો એક સંવત્સર જેમાં બધાં અમંગલોનો નાશ થઈ સર્વત્ર મંગળ અને સુખ થાય છે.

હોમ્મા નામના એક જાપાનીઝે ચોખાના દાણા ઉપર ૩૦૨૧ અક્ષર પીંછી વડે લખેલા ! અને નવાઇની વાત તો એ છે કે એમ કરવામાં એણે બીજાઓની પેઠે માઈક્રોસ્કોપ નહિ વાપરેલું !


બહુ હઠીલા પરસેવાના ડાઘવાળું કપડું થોડા કલાક ઠંડા પાણીમાં રાખી મૂકી તેના પર લીંબુની ફાડ ઘસી જોજો. નિખારી નાખવાથી કદાચ ડાઘ જશે.

દુનિયાભરમાં વધારેમાં વધારે શેરીઓ અમેરિકાના પિટ્સબર્ગ શહેરમાં છે. નવાઈની વાત એ છે કે એ શહેરની જમીન એક ભાંગેલા વાયોલિનના બદલામાં આપી દેવામાં આવી હતી !

બહારગામ ફૂલ મોકલતી વખતે તેના કાપેલા છેડા ગરમ મીણ વડે છાંદી લેવામાં આવે છે.

કડક થઇ ગએલા ચામડાના પટ્ટાને સાબુવાળા ગરમ પાણીમાં બોળીને છાંયે સૂકવી દેવો; પછી લિન્સીડ ઑઇલ (અળશીના તેલ)ના પોતા વડે ખૂબ ઘસવો.


ફ્રાન્સિસ્કો બ્યુસૉન નામના વેનીસના વીર સરદારે(ઈ.સ ૧૩૯૦ થી ૧૪૩૨) ૪૦ લડાઇઓમાં તો પોતાના લશ્કરને એવી રીતે દોરેલું કે જેમાં એક પણ માણસના જાનની હાની નહિ થએલી !



મગર–માનવ તરીકે ઓળખાતા આ જૉન નામના માણસનો જન્મ અમેરિકામાં એઈવુડ (ઇન્ડિયાના પ્રાંત)માં ૧૮૮૪ના મે ની ૧૭મી તારીખે થયો છે. ડૉક્ટરોને તે એક કોયડારૂપ નીવડ્યો છે. ક્ષ કિરણોથી તપાસ કરતાં જણાઇ આવ્યું કે તેનું હૃદય, યકૃત અને ફેફસાં સામાન્ય મનુષ્યના શરીરમાં હોય તેથી ચાર ઈંચ નીચાં આવેલાં છે ! ડૂંટી પર હાથ રાખવાથી તેના હૃદયના ધબકારા સાંભળી શકાય છે ! તેના આખા શરીરની ચામડી માછલીની ચામડી જેવી જાડી છે અને દર ત્રણ મહિને તેની ખોળ ઊતરી જઇ નવી ચામડી આવે છે. દેખાવમાં ચામડી સફેદ કોઢ જેવી લાગે છે. (છોટાલાલ માનસિંગ કામદાર)

તમને ખબર છે કે આપણા માથામાં મગજનાં ૧૨,૦૦૦,૦૦૦૦ ઘરાં હોય છે?

૧૯૨૬માં ક્યુબાના હાવાના શહેરમાં એવું વાવાઝોડું આવ્યું કે રેલનો એક પાટો એક તાડના ઝાડમાં પેસી ગયો જે આજે પણ હજી ત્યાં છે !



ચિત્રોની પ્રતિકૃતિ આલેખવામાં અતિશય ઉપયોગનું આ સાધન કોઇપણ ટેબલને ખૂણે ફિટ કરી શકાય તેવું છે. નીચે અસલ ચિત્ર તથા તેના પર કોરો કાગળ એમ બંનેને એના કાચ પર મૂકી નીચેની વીજળીની બત્તીથી મળતા પ્રકાશમાં આસાનીથી નકલ ઉતારી શકાશે.


ઑસ્ટ્રેલિયાના એક ખેડુતનો જુવાન સાથી મધરાતે હાંફળોફાંફળો પોતાના શેઠને ઉઠાડતાં—ઓ શેઠ ! શેઠ !

ખેડુત: કેમ કેમ? આટલો ગાભરો કેમ છે? આપણો ગોધલો છૂટી ગયો શું?

સાથી: ના ના, બ્રૅડમૅન આઉટ થયો !

કોકોના ડાઘ કાઢવા રખે કદી ગરમ પાણી વાપરતા. ડાઘ પડે કે તરત કપડું ઠંડા પાણીમાં બોળી મસળી નાખજો અગર ઠંડા પાણીનું પોતું ડાઘ પર ઘસજો.

સીલોનના કૅન્ડી શહેરમાં હાથીઓને એક આગળ અને એક પાછળ (પૂંછડે) એમ બે બત્તી વિના રાત્રે ફરવાની મના છે.



૧૧૯મા અંકમાં કોયડા તરીકે ઉપલું ચિત્ર મૂક્યું હતું તે અત્રે ફરીથી રજુ કરીએ છીએ: માત્ર બે સીધી લીટીઓ દોરીને ઉપરના ખેતરના એવા ચાર ભાગ કરો કે પહેલા ભાગમાં જેટલાં ઝાડ આવે તેથી બમણાં બીજામાં આવે, ત્રીજામાં તેથી બમણાં ને ચોથામાં તેથી પણ બમણાં ઝાડ આવે. ઉત્તર આવતા અંકમાં.

તત્ત્વોપાસક પતંગિયાં

પતંગિયાં, ફુદાં, ધનેડા જેવડાં પાંખાળાં જીવડાં અને સાવ નાનાં ઘાસનાં બી જેવાં જંતુ શું જોઈને દીવા ઉપર તૂટી પડતાં હશે? ફાનસ સળગાવો તો સેંકડો આવી પડે. રસ્તાની વીજળીની બત્તી અને કિટ્સન બત્તી ઉપર તો હજારોની સંખ્યામાં વરસે. આમ કેમ?

ગીતા કહે છેઃ **'यथा प्रदीप्तं ज्वलनं पतंगाः विशन्ति नाशाय समृद्ध वेगाः'** 'જેમ બળતા દીવામાં મરવા સારૂ પતંગિયાંઓ જોશભેર આવે છે . . .' કેવી નવાઈની વાત? કોઈ દેહધારી કંઈપણ ઉદ્દેશ્ય વિના ફક્ત મરવાના શોખથી આગમાં કૂદી પડે ખરૂં? શું પતંગિયાં મરવાને જ સારૂ દીવા પર ધસી આવતાં હશે? એ ધસારા પાછળ બીજો કોઈ જ હેતુ નહિ હોય?

કવિઓ કહે છેઃ 'શમા પર જાય પરવાના, મરે શીરીં ઉપર ફરહાદ'; અર્થાત્ પતંગિયાં પ્રેમાંધ બની સતિયા થઈ જાય છે! વાત સાચી. પણ જીવતે જીવતર તેઓ આગમાં કૂદી પડે છે એટલા ઉપરથી જ પતંગિયાંને વેવલા પ્રણયીની પેઠે બાવરાં બનેલાં કલ્પવાં એ પ્રણયઘેલા કવિની અસ્વચ્છ કલ્પના લાગે છે. ગાંડો થએલો પ્રેમી સંકુચિત મનનો અને એક જ વ્યક્તિ પાછળ આત્મનાશ કરનારો હોય છે. એ વાસનાભર્યો અથવા ભાવનાભર્યો હોઈ આંધળો હોય છે. તેને પોતાની ક્ષુદ્ર તૃપ્તિ ઉપરાંત ઉદ્દેશ્ય નથી હોતો. ભૂમિતિમાંના બિંદુ જેવું જ પ્રણયી શહીદનું હોય છે. એવા શહીદની કલ્પના જેટલી સહેલી છે તેટલું જ તેનું દર્શન દુર્લભ છે.

પણ ગાંડાતૂર પ્રણયી કરતાં પતંગિયાં ને ઘાસીઆં જીવડાંનું દીવા પરનું આકર્ષણ ઉલટી જાતનું હોય છે. જીવડું કે પતંગિયું કોઈ એકાદ રડ્યાખડ્યા દીવા ઉપર જ નહિ, પણ નજરે પડતા બધા દીવા ઉપર ફિદા થઈ જાય છે. એને કંઈ એક જ દીવાનું ઘેલું નથી લાગ્યું હોતું. કોડિયા પાસે ફાનસ મૂકો તો પતંગિયું કોડિયું છોડી ફાનસની પ્રદક્ષિણા કરશે. ફાનસ આગળ કિટ્સન મૂકો તો તે કિટ્સનને વળગશે. અને દિવસે સૂર્યનાં જાજ્વલ્યમાન કિરણોમાં તમે ગમે એવા દીવા કે સર્ચ-લાઈટ' પ્રગટાવશો તોયે પતંગિયાં ભૂલ્યેચૂક્યે પણ એની પાસે જણાશે નહિ.

એટલે પતંગિયાં કંઈ વેવલાં નથી હોતાં. ઘેલા પ્રણયીની પેઠે તેઓ કોઈ વ્યક્તિની પાછળ વિવેકશૂન્ય બનેલાં નથી હોતાં. પરંતુ ઈરાદાપૂર્વક કોઈ તત્ત્વની પાછળ પડેલાં હોય છે.

આ તત્ત્વ તે પ્રકાશ. 'ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા' એ ઉક્તિ ઋગ્વેદના ઋષિની ગણાય છે ખરી; પણ આખી ચેતનસૃષ્ટિના અંતરની એ અખંડ અભિલાષા છે. ઘાસનાં પેલાં બીઆં જેવડાં જીવડાંની યે એ તીવ્ર આકાંક્ષા છે કે 'ગાઢ અંધકારમાંથી જેટલું બને તેટલું જલ્દી હું પ્રકાશ મેળવી લઉં.' આ આકાંક્ષા પાછળ તે ખાવાનું, પીવાનું, વાસના ને દેહનું ભાન સુદ્ધાં ભૂલી જાય છે, અને જે પ્રકાશ નજરે પડે છે તેને ઘોળીને પી જવા પ્રકાશની આમરણ અખંડ પ્રદક્ષિણા કરતું રહે છે. 'દિવ્ય તેજ' 'પરમ પ્રકાશ'ની ઓળખ ધુરંધર પંડિત ને સાધકોને યે નથી પડતી તો એ બીચારાં નાનકડાં જંતુઓ સાચું તેજ પારખ્યા વિના નજીવા તેજની પાછળ ભમે છે તે માટે એનો વાંક કાઢવા ન બેસતાં સહેજે ઉદ્ગાર નીકળી પડે છે કે ધન્ય છે એ તત્ત્વોપાસક પતંગિયાંને અને તેના જીવનને.

પ્રભુદાસ છગનલાલ ગાંધી

મારી નજરે

બુઝાતા દીપક

● સ્વ. ભાઇ શ્રીનિવાસ પુરુષોત્તમ નાયકની જાહેર પિછાન ગુજરાતને થવાનો હજી સમય આવે તે પહેલાં તો એ તેજસ્વી યુવાને સાબરમતીના જળમાં બીજાના પ્રાણ બચાવવા આત્મસમર્પણ કર્યું. તરવાનો હુન્નર બતાવનારો તારો પોતે જ ડૂબ્યો.

ભાઇ શ્રીનિવાસ નાયક પર પ્રાંત (મદ્રાસના) હોવા છતાં સેવાદળના સૈનિક તરીકે ગુજરાતમાં રહ્યારહ્યા પોતાની અવિશ્રાંત સેવાઓ આપી ગુજરાતમાં એ કાર્ય પ્રચારી રહ્યા હતા.

ગયા સપ્ટેમ્બર માસની ત્રેવીસમી તારીખ ને રવિવારની સવારે સાબરમતીમાં તરવાના વર્ગો ચલાવતાં બેચાર વિદ્યાર્થીઓને તણાતા જોતાં પોતે પાછળ પડી બે જણને બહાર ખેંચી લાવ્યા. બાકીનાને બચાવવા જતાં પોતે થાક્યા અને ભમ્મરમાં લેવાયા: પછી દેખાયા જ નહિ તે છેક બે દિવસે તેમની લાશ દૂરથી હાથ લાગી. અમદાવાદની શહેરસમિતિના યુવાનોએ તેમની અંતિમ ક્રિયા કરી.

એ યુવાન વીરનું આખું યે જીવન દુ:ખ અને ગરીબીના કઠોર સંજોગોમાં ઘડાયું હતું અને તેણે એ દરેક પ્રસંગને સાધન બનાવી કાયા તથા હૃદયને વજ્ર જેવાં બનાવ્યાં હતાં. તેમના પરિચયમાં આવનાર ભાઇશ્રી વસંતરાવે આલેખેલી તેમની જીવનકથા ઉપરથી તારવીને તેમનો ટૂંકો જીવનપરિચય આ નીચે આપ્યો છે:

તેમનો જન્મ ૧૯૧૧માં મદ્રાસ ઇલાકાના બારદેશ પ્રાંતના કાયસ્ટવ ગામડામાં થએલો. કુટુંબ દેવાના ભાર નીચે તણાતું એટલે કોઇએ શ્રીનિવાસના ભણતરની કે ચારિત્ર્યની દરકાર નહોતી કરી, તેથી નાનપણમાં તે વધુ સ્વેચ્છાચારી બની ગયા હતા; એક વખત પિતાની સખત ટોકણી થવાથી પોતાના માની સ્વભાવને લીધે પંદર વર્ષની ઉમરે માત્ર પહેર્યે કપડે ઘરનો ત્યાગ કર્યો. માતાપિતાને એ પ્રસંગે બહુ જ લાગી આવ્યું, પણ તેમણે ટેક મૂક્યો જ નહિ અને મિત્રો પાસેથી પૈસા લઇ મોટાભાઇ પાસે મુંબાઇ આવ્યા. પરંતુ એ પણ ઉલટા ગુસ્સે થયા એટલે થોડા માસ જ્યાંત્યાં નોકરીઓ કરી. એ વખતે આ ચારે તરફથી ઘેરાએલા યુવાનને કકડતી ઠંડીમાં ને વરસતા વરસાદમાં રસ્તા પર સૂવું પડતું. મોટો મંદવાડ આવી જતો પણ કોઇ ને કોઈ હરિનો લાલ તેની સારવાર કરતો. એવામાં મહાસભાની લડત શરૂ થઇ ને તેમાં ઝંપલાવ્યું. કેટલી યે વાર કાયદાભંગ માટે તે માર ખાતા ને પકડાતા, પણ નાની ઉમરને કારણે સજાથી બચી જતા. તેમની મૂંગી સેવાઓ કેટલાક કાર્યકર્તાઓના ધ્યાનમાં આવી અને તેમને હિંદુસ્તાની સેવાદળના સૈનિક તરીકે લેવામાં આવ્યા. ડૉ. હાર્ડીકર તેના કામથી ખૂબ પ્રસન્ન થયા અને તેમને પ્રોત્સાહન આપ્યું. દરમિયાન સેવા-



સ્વ. શ્રીનિવાસ પુરુષોત્તમ નાયક

દળ મહાસભા સાથે જોડી દેવામાં આવ્યું અને બોરીવલીમાં નાયકો તૈયાર કરવાનો કૅમ્પ ખોલવામાં આવ્યો એમાં ભાઈ નાયકને દાખલ કરવામાં આવ્યા. અંગ્રેજી જ્ઞાનના અભાવે ત્યાંના બૌદ્ધિક વર્ગોમાં સમજ પડતી નહિ છતાં બીજા પાસેથી તેનો ભાવાર્થ સમજી લઈ પોતાનો અભ્યાસ એ ચલાવતા. પણ તેમને પ્રમાણપત્ર નહિ મળે એમ કહેવામાં આવ્યું એટલે ત્યાંનો અભ્યાસક્રમ પૂરો થવા છતાં રસ્તો રોકાએલો જોતાં તેમણે આગળ શારીરિક તાલીમ લેવા વડોદરા પ્રો. માણિકરાવને ત્યાં જવા ઘેરથી ખર્ચ મંગાવી લીધો.

પ્રો. માણિકરાવની શાળામાં તેમનો બૌદ્ધિક વિકાસ ખૂબ જ થયો તથા તેમની મહેનત ને એકનિષ્ઠાથી માણિકરાવજીનું વાત્સલ્ય પણ તેમના પર ખૂબ વરસ્યું અને બધી બાબતોમાં તેમની પ્રગતિ અપૂર્વ બની. ત્યાંની પ્રવીણતા પ્રાપ્ત કરી ફરી તે મુંબાઇ આવી સેવાદળની તાલીમમાં જોડાયા. આ વખતે ડૉ. હાર્ડીકરે તેમનું કામ જોઇ બાગલકોટના તાલીમવર્ગમાં મોકલી આપ્યા. ગુજરાતમાં આ સમયે સૈનિકવર્ગ તૈયાર થતાં સુરતમાં વર્ગ ખોલવામાં આવ્યો; તેમાં તાલીમ આપવા કૃષ્ણમૂર્તિ, નાયક અને સરનાયક એમ ત્રણ શિક્ષકોની પસંદગી થઇ. નાયકને પ્રમાણપત્ર મળ્યું જ નહોતું, પણ તેમની લાયકી પરથી ડૉ. હાર્ડીકરે આ વર્ગ માટે તેની પસંદગી કરી હતી. જવાબદારીના કામમાં અનેક મુશ્કેલીઓ હતી, એટલે રોજ ૧૪ થી ૧૫ કલાક સખત પરિશ્રમ કરવો પડતો. પણ કદી બહારની કદર કે પ્રશંસાની આશા એમણે કરી નહોતી. સુરતનું કામ પૂરું થાય તે પહેલાં ફરી નેતાઓની ધરપકડ શરૂ થઇ અને કૅમ્પ વિખેરી નાખવામાં આવ્યો એટલે એ ત્રણે શિક્ષકો નવરા પડ્યા, પણ તેમણે પોતાના કાર્ય માટે ગુજરાત જ પસંદ કર્યું.

નાયક અને સરનાયક અમદાવાદ આવ્યા. અજાણ્યા સ્થળે પરદેશીને કામ કરવું કેટલું મુશ્કેલ છે તે તો કરનાર જ જાણે. સરનાયક થોડા જ દિવસમાં કંટાળીને ચાલ્યા ગયા. મહાસભાના

કાર્યકર્તાઓ બધા જેલમાં ગયા હતા એટલે કોઈની સહાયની તો આશા સરખી નહોતી. છતાં ૧૯૩૨ થી ૩૪ સુધીના બે વરસના ઓટના એ કાળમાં પ્રજામાં જાગૃતિ લાવવાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં તેમણે અવિશ્રાંત સાથ આપ્યો. વ્યાયામ-પ્રચાર તરફ તેમનું લક્ષ હમેશાં રહેતું, પરંતુ બીજી પ્રવૃત્તિઓ એટલી બધી હતી કે કાર્યકર્તાઓ તે તરફ વધારે ધ્યાન આપી શકયા નહિ.

એવામાં બિહારમાં ધરતીકંપ થતાં ડૉ. હાર્ડીકરે તેમને ત્યાં બોલાવી લીધા. ત્યાં તેમણે પોતાનો સજ્જડ ફાળો આપ્યો. ત્યાંથી પાછા અમદાવાદ આવી વ્યાયામપ્રચારનું મૂકેલું કામ ફરી હાથમાં લીધું. તેમની આજીવિકા કેમ ચાલે છે તે કોઇ પૂછતું નહોતું. કદીકદી ઉપવાસો પણ થતા; તેમણે ધાર્યું હોત તો સારા પગારની નોકરી લઇ શકત; પણ વ્યાયામપ્રચારનું સેવાકાર્ય તેમણે માથે લીધુ હતું તેમાં જ રત રહેવાનો તેમનો આદર્શ હતો. માબાપને મળવાની ઇચ્છા પણ થતી, છતાં પોતાનું કામ ન છોડવું એ નિશ્ચયથી આખરે તેમાં જ વીરને શોભાવે તેમ પ્રાણ સમર્પ્યાં. એ રીતે ભારતનો એ લાડકવાયો કયાંનો વતની કયાં મૃત્યુશય્યા પામ્યો! શી રીતે એની સેવાઓનો આંક થશે? —(શ્રી વસંતરાવના લેખ પરથી તારણ)

સ્વ. ભાઈ પ્રભુદાસ

● સ્વ. હાજીમહમ્મદના વિખ્યાત માસિક 'વીસમી સદી'ને પહેલે પાને ઘણીવાર આત્મચિંતનભર્યા ફકરા આવતા તેના લેખક ભાવનગરના વતની ભાઇ પ્રભુદાસ પ્રાણજીવનદાસ ઠક્કર આ માસમાં જ જીવનોત્સર્ગ પામ્યા છે.

મારા અનેક વર્ષોના નિકટના સ્નેહી અને મિત્ર એ હતા એટલા જ માટે હું તેમની નોંધ નથી લેતો. એક સમૃદ્ધિવાન ઘરમાં જન્મ લઇને, ચારિત્ર્ય અભ્યાસ તથા શીલથી જીવન ઓપાવનારા યુવાનો જે આજે વિરલ હોય છે તેવામાંના એ હતા.

ખૂબસુરત કહીએ એવી યુવાની એમણે ભોગવેલી પરંતુ દુર્દૈવે તેમના કૉલેજના અભ્યાસ દરમિયાન પ્લેગનું આક્રમણ તેમના પર થયું. ઈશ્વરકૃપાએ તેમાંથી બચ્યા તો ખરા, પણ એક પગ સાથળ સુધી પક્ષાઘાતમાં ઝલાયો અને મૃત્યુ પર્યંત તેમને એ કુદરતી બેડીની પરવશતા વેઠવી પડી. કોઇપણ માણસ આપઘાત કરી જીવનનો અંત આણે એવી ત્રાસમરી એ સ્થિતિ હતી; પરંતુ વાત્સલ્યના ભંડાર સમા પિતા અને પતિપરાયણા ગૃહદેવીનાં આશ્વાસને તેમનું જીવન એવી યે હાલતમાં પ્રફુલ્લ રાખ્યું. કોઇપણ જાતનો ઉદ્યમ કે ધંધો તેમને અશકય હતો, પણ એમના સંસ્કારી આત્માએ જિંદગીનો બધો વખત એવો વિકાસમય બનાવ્યો કે સાહિત્ય તથા કળાનો અનુપમ રસ તે પૂર્ણપણે માણી શકયા.

હાથ થથરાતો, અવાજ ઝલાતો ને શરીર લથડતું છતાં એમના એકાંતે એ વાયોલિન, કે બૅંડનો પાવો લઈ અધરા સ્વરો સિદ્ધ કરવા મથતા. સંગીતની કદર અને સમજશક્તિ



સ્વ. ભાઈ પ્રભુદાસ

તેમણે ખૂબ કેળવી હતી.

સંસ્કારી અને વિદ્વાન પિતાએ તેમના સાહિત્યના રસને પોષવાને ઘણાં પુસ્તકો વસાવી આપીને અને જગતના ઉત્તમોત્તમ સાહિત્યકારોને તેમના દુઃખમાં દિલાસો આપતા કરી દીધા હતા. શ્રી પ્રભુભાઇના વિશાળ વાચને તેમજ થીઑસૉફીના કલાપ્રેમી નેતાઓએ કલાકૃતિનો આદર કરતા તેમને કરી દીધા હતા. એથી જે વખતે કોઇક જ વિદ્વાન કલાગ્રંથો જોવાની યે દરકાર કરતો તે સમયમાં તેમની પાસે ઉત્તમોત્તમ ચિત્ર-પુસ્તકો હતાં. એમના એ શોખે જ અમારી મૈત્રીનું બીજક રોપ્યું હતું અને તે જીવનપર્યંત સુવાસિત વૃક્ષ બની ઉભયને શાંતિ અને આનંદ આપતું. મારા કલાજીવનના આરંભકાળમાં તેમનો પરિચય થવાથી મારી ઉપાસનાનો નાદ તેમને ય લાગ્યો હતો. ઘણીવાર તે બરછટ હાથે પણ પીંછી લઇ દશ્યમાળાઓથી કાગળો ભરી નાખતા એથી કલાકારની કર્મકુશળતા સમજવામાં તેમને ખૂબ જ રસ પડતો.

ઉત્તમ વાચનથી તેમની દૃષ્ટિ ઘણી વિશાળ બની હતી અને તે બાબતમાં મારી ઉણપ નજરે પાડનાર તે સન્મિત્રે જ અંગ્રેજી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો વાંચવા મને પ્રેરણા કરી હતી. આજ મારાથી સાહિત્યની યત્કિંચિત્ સેવા પણ થઈ શકતી હોય તો તેમાં તેમનું ઋણ ભૂલાવું ન જોઇએ.

ભગવાન બુદ્ધની જાતકકથાઓનું સાહિત્ય પહેલવહેલું ગુજરાતી ભાષામાં રજૂ કરવાનું માન તેમને મળવું જોઇએ. આજે સંશુદ્ધ થએલી ઘણી આવૃત્તિઓ બહાર પડી છે; પણ એમણે ભાગ્યે જ કંઇ પણ કમાણીના લોભ વિના આઠેક સારાં ચિત્રો મારી પાસે દોરાવી એ ચોપડી બહાર પાડી હતી. મને પણ એ ચિત્રો કરતાં બહુ જ રસ પડચો હતો.

'કુમાર'માં તેમણે છુટકછુટક નાના લેખો આપેલા. જગતના પ્રત્યક્ષ પરિચયના અભાવે નવા જમાનાનાં આંદોલનો સમજવામાં પાછળ પડી જતા છતાં, અપંગ શરીરે પણ હું

જગતની શી સેવા કરી શકું કે જેથી જીવન સાર્થક ગણાય તેની રાતદિવસ ચટપટી સેવતા એવા યુવાનને શારિરીક બંધન ન નડયું હોત તો આજના યુગમાં તેનું સ્થાન કયાં હોત એ અટકળવું મુશ્કેલ નથી.

એમની આટલી સ્મૃતિનોંધ એમના અમર આત્માને અંજલિરૂપે અર્પણ હો.

સ્વ. ભાઇ જમનાદાસ સુબેદાર


● જાતમહેનત, સ્વાશ્રય અને અડગ નિશ્ચયથી પોતાનો ઉત્કર્ષ સાધી કુટુંબઆખાને ઉપર લાવનાર એક કર્મકુશળ યુવાન એ હતો.

નાનપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી, જગતના તડકા ખાતો કુટુંબનો એ પહેલો લાડકો કેવા ભારે હૈયે ખાનદાનીભરી ધીરજથી આગે કદમ રહેતો આવ્યો હતો એ મેં નજરે જોયું છે.

સ્વામી આનંદે મને એનો પરિચય કરાવ્યો તે વખતે ફોટોગ્રાફીનો નાદ તેને લાગેલો. મામૂલી કૅમેરાથી છબીઓ પાડી ઘેર જ તેની બધી ક્રિયાઓ એવી ચોકસાઇ અને સફાઇથી એ કરતો કે ધંધાદારીએ કરેલું કામ લાગે. ફોટો એન્લાર્જ કરવાનું એક ખોખું તેણે ઘેર જ બનાવેલું; ને તેનાથી જે પૂર્ણ સફળ પરિણામો એ લેતો તેમાં તેના ક્રિયાકૌશલની બારાખડી મંડાઇ હતી.

માટુંગામાં ઘરનો નાનો માળો હતો તેના ભાડાથી કુટુંબનો જેવોતેવો નિર્વાહ ચાલતો. પાછળ નાનાંમોટાં ચાર છ ભાંડુંઓ હતાં. અને તેમનાં પોષણ ને કેળવણીનો પ્રશ્ન ધ્રુરકતો હતો, એટલે રમતની ફોટોગ્રાફીમાંથી ધંધો પકડયો અને વર્તમાનપત્રો માટે છબીઓ લેવા માંડી. એમાંથી નજર ગઇ ફોટોબ્લૉક ઉપર, અને તેમાં ઝંપલાવ્યું. પણ નિર્વાહની તાણ જ રહેતી. એ વખતે કુમાર કાર્યાલયમાં છ મહિના તેણે બ્લૉકના કામમાં સાથ આપ્યો હતો ને હમેશને માટે 'કુમાર' માટે મહોબત ટકાવી હતી.

ફરીવાર મુંબાઇમાં પગ મૂકતાં જ સીનેમાના ઊગતા ક્ષેત્રમાં રણજિત ફિલ્મના ડાયરેક્ટર ચંદુલાલ શાહે તેને ઊપાડી કૅમેરાવાળાની ટોળીમાં સામેલ કર્યો અને થોડા જ વખતમાં એ કંપનીના એક પ્રીતિપાત્ર યુવાન તરીકે આગળ આવવા લાગ્યા. બોલતી ફિલ્મોની વાતો ચાલતી હતી અને રેડિયોના પહેલા નમૂના બજારમાં આવતા હતા તે વખતે આ હુન્નરબાજ જુવાને ખર્ચના સાંસા છતાં એક રેડિયો સેટ લાવી થોડાં પુસ્તકોનો આધાર લઈ તેનો બારીકીથી અભ્યાસ કરી નાખ્યો. ઘણા તેને પૈસાનો બગાડ કહેતા તેનો જવાબ તેણે બોલતી ફિલ્મ કરવાનાં સાધનો બહાર પડયાં ત્યારે પૂરેપૂરો આપી દીધો. કોઇપણ જાતના હુન્નરી અભ્યાસની શાળાની સહાય વિના તેણે એ ટૉકી મશિનો પર સ્વામિત્વ મેળવ્યું, અને હિંદુસ્તાનમાં જે પહેલવહેલી બોલતી ફિલ્મો ઊતરી તેમાં સુબેદારનું રૅકૉર્ડિંગ પ્રથમ પંક્તિનું ગણાયું. અને પછી તો સીનેમાસૃષ્ટિમાં તેનું નામ હમેશાં આગળ રહ્યું છે. પોતાની ખામીઓ અને અનુભવોથી ઘડાએલા એ યુવાને પોતાનાં બધાં નાનાં ભાઇબહેનોને કેળવણીનો સારો પ્રબંધ કરી આપ્યો. એ બધાનાં સુખને માટે



સ્વ. ભાઈ જમનાદાસ સુબેદાર

તેણે જાતની કદી પરવા કરી નહિ. બધાંને પૂર્વવત સુખી સ્થિતિમાં લાવ્યા પછી પરણવું એવો તેનો ટેક હતો તે પણ તે પાળી શકયો.

પરંતુ પોતાને ધંધાનું લાંબુ ક્ષેત્ર સંપૂર્ણ રીતે જાણવાની તેની ધગશ અપાર હતી. તે, તેના સહચારી પ્રસિદ્ધ સીનેમા ડાયરેકટર નંદલાલ શાહ તથા કૅમરાબાજ પાંડુરંગ એ ત્રિપુટીએ સીઝન ટિકિટના સસ્તા દરનો લાભ લઇ યુરોપનો પ્રવાસ કર્યો અને સીનેમા ફિલ્મ પાડનારા નામીચા સ્ટુડિયો નિરખી અનુભવ અને અભ્યાસ પાકાં કર્યાં. એ દરેક માટે હિંદમાં બહોળું ક્ષેત્ર તૈયાર જ હતું અને જિંદગીની બધી ઉમેદ પૂરી કરે એવા દરથી તેમને કામ પણ મળ્યું; છતાં બોલતી ફિલ્મ માટે રાત્રિની શાંતિમાં કામ કરવાની જરૂરિયાતને લીધે ઉજાગરા અને થાકે તેના વર્ષોથી પીલાતા શરીર પર આઘાત કર્યો.

અને વર્ષો પછી આરામના બિછાનામાં એ યુવાન લેવાયો તે પાછો ઊઠયો જ નહિ. આર્થિક મુસીબતોના ખાડા વટાવી કુટુંબ રાહતનો છાંયો લઈ રહ્યું હોય તે વેળા માતા, પત્ની અને ભાંડુઓને આ ઘા અસહ્ય બન્યો હોય તે સ્વાભાવિક છે. પણ દેશને તો પરદેશી કરામતો સામે ટક્કર લેનાર એક બહાદુર કલાબાજની ખોટ પડી છે એટલું કહેવામાત્રથી હૃદયની દુઃખોર્મિ જણાવી શકાતી નથી એ જ અમારૂં દુર્ભાગ્ય.

સ્વ. ભાઈ મહમદઅલી (આજિઝ)

● એ કોણ ? જે ઘણા યે યુવાન સાહિત્યસેવકો આજે ખૂણે રહી સંગીન સેવા આપી રહ્યા છે તેમાંનો એ એક હતો. કોમે મુસલમાન છતાં સાહિત્યની ઉપાસના તેની બ્રાહ્મણ જેવી હતી. આંખોનાં નૂર ખોયાં ત્યાંસુધી તેણે રોશની, કલમ અને કાગળનો સંગ ન છોડયો અને માંદગી આવી એમ ભાઇ 'શયદા' કહેતા. 'બે ઘડી મોજ'ના ઑફિસમાં જાડાં ચશ્માંમાંથી તમને થોડા શબ્દોથી વધાવતો એ મીઠો મુસ્લીમ યુવાન ગુજરાતનો ખૂણે જલી રહેલો દીપક હતો. તેની 'પચ્ચીસી' નામની વાર્તા આજકાલ પ્રતિષ્ઠા પામી છે, પણ એના કુટુંબમાં આજે અંધારૂં વ્યાપી ગયું છે. સેવા ને ઉપાસનાને લાંબાં આયુષ્ય નહિ હોય કે શું ? ભાઇ આજિઝ વિષે વધુ નહિ જાણનારને પણ તેના થોડા પરિચયની સુવાસ અવિસ્મરણીય બની છે. **ર. મ. શ.**

હિંદમાં અંગ્રેજ સત્તાના ઉગમકાળે વિદેશી વિજ્ઞાનને સૌ પહેલું સત્કારી ગણિતવિદ્યામાં વિરલ પ્રતિભા દાખવનાર પ્રો. રામચંદ્ર

દિલ્હીથી પચાસ માઈલ દૂર આવેલા પ્રખ્યાત રણક્ષેત્ર પાણીપતના ગામમાં ઈ.સ. ૧૮૨૧માં એમનો જન્મ થએલો. તેમના પિતા હિંદુ કાયસ્થ હતા. તે દિલ્હીના રહીશ હતા અને જમીન મહેસૂલ ઊઘરાતદાર તરીકે પાણીપતમાં તેમની નોકરી હતી. ખાનગી નિશાળમાં થોડીક કેળવણી લીધા પછી દિલ્હીની સરકારી શાળામાં રામચંદ્રે છ વર્ષ અભ્યાસ કર્યો. આ શાળામાં ગણિત પ્રત્યે જોકે પૂરતું લક્ષ ન અપાતું છતાં રામચંદ્રને આ વિષયનો શોખ લાગ્યો હતો. તેથી એને લગતાં જે કાંઇ પુસ્તક મળતાં તેનું તે અધ્યયન કરતા. આ શાળા છોડીને એમને નોકરીએ વળગવું પડ્યું અને બેત્રણ વર્ષ લગી કારકૂન તરીકે કામ કર્યું. એવામાં બંગાળ ઇલાકાનું કેળવણી ખાતું ઇ.સ. ૧૮૪૧માં ફરી નવા પાયા પર રચાયું અને દિલ્હીની શાળાને કૉલેજ બનાવવામાં આવી. તેની હરીફાઇની પરીક્ષામાં રામચંદ્રે ૩૦ રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવી. શરૂઆતથી જ તેનો અભ્યાસ તો સારો હતો એટલે હવે પછી શિષ્યવૃત્તિ અને ઇનામ ચાલુ મળ્યાં જ કર્યાં. એવામાં પિતા ગુજરી ગયા. બીજી બાજુ કુટુંબ નિર્ધનતાના ખાડામાં ડૂબતું જતું હતું. પણ રામચંદ્રનો અભ્યાસ એટલો ઝપાટાબંધ વધ્યો હતો કે બહુ નાની ઉમરમાં તરત એમને ગણિતના અધ્યાપક તરીકે દિલ્હી કૉલેજમાં નિમણૂક મળી.

ઇ.સ. ૧૯૫૪માં દેશી ભાષા દ્વારા શિક્ષણ આપવા માટે કૉલેજના પૌર્વાત્ય વિભાગમાં યુરોપીયન વિજ્ઞાનના શિક્ષક નિમાયા અને દેશી ભાષામાં ભાષાન્તર કરવા સારૂ એક મંડળી સ્થપાઇ, જેના આશ્રયથી રામચંદ્રે બીજગણિત, ત્રિકોણમિતિ ઇત્યાદિનાં પુસ્તકો અનુવાદ રૂપે રચ્યાં. આ અનુવાદ સંબંધે પ્રો. રામચંદ્ર કહે છે કે 'આ ભાષાન્તરો પૌર્વાત્ય વિભાગમાં પાઠ્ય પુસ્તકો તરીકે દાખલ થયાં તેથી અરેબિક અને ફારસી વિભાગના ઘણા વિદ્યાર્થીઓ પાશ્ચાત્ય વિજ્ઞાન થોડે અંશે ભણતા થયા. અરેબિક ભાષા દ્વારા શીખવાતા તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તોને સ્થળે આથી સપ્રયોગાત્મક રીતસર આધુનિક વિજ્ઞાનના સિદ્ધાન્ત ખૂબ પ્રકાશમાં આવ્યા.' પણ નૂતન વિદ્યા ઘણી જરૂરી હતી. આ પાશ્ચાત્ય વિજ્ઞાનની સામાજિક તથા ધાર્મિક અસર ખૂબ થઇ. દાખલા તરીકે જૂનો મત એવો હતો કે વિશ્વમાં પૃથ્વી સ્થિર છે. એ સિદ્ધાન્તને પૌર્વાત્ય વિભાગના વિદ્યાર્થીઓ તેમજ દિલ્હીના આગળ વધેલા અંગ્રેજી વિભાગના વિદ્યાર્થીઓ હસી કાઢતા. પણ જૂના પંડિતો તથા જૂના મતના વિદ્વાનોને આ નવીન વાત બીલકુલ ન ગોઠતી.

જૂની વિદ્યા જોડે નવી વિદ્યાનો ઝગડો પ્રો. રામચંદ્ર આમ વર્ણવે છે: 'અમે દર મહિને ચાર આનાના સસ્તા મૂલ્યે એક માસિક કાઢ્યું, જેમાં પશ્ચિમના વિજ્ઞાનની ચર્ચા કરવામાં આવતી હતી. આથી પુરાણા તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્ત ખોટા ઠરતા હતા, એટલું જ નહિ પણ હિંદુઓના ઘણા વહેમો પર ખૂબ આક્ષેપ થતા હતા. આનું પરિણામ એ આવ્યું કે ઘણા લોક અમને નાસ્તિક તથા કાફર કહેવા લાગ્યા.'

૧૮૫૦માં 'મૅક્સિમા મિનિમા—મોટામાં મોટી તથા નાનામાં નાની સંખ્યાના કાયદા' પર પોતાનું ગણિતનું પુસ્તક રામચંદ્રે કલકત્તામાં બહાર પાડ્યું, આથી તે યુરોપની વિદ્યાપીઠોમાં એકદમ પ્રસિદ્ધ થયા. એ સમયના હિંદના માલેકો ઇસ્ટ ઇંડિયા કંપનીના કોર્ટ ઑફ ડિરેક્ટર્સનું ધ્યાન પણ તુરત એ તરફ દોરાયું, અને તેમની મદદ તથા પ્રોત્સાહન રામચંદ્રને ખૂબ લાભદાયી થયાં. એમણે ગણિતના વિષયમાં જે થોડી શોધ કરી છે તે કહેતાં અગાઉ તેના જીવનના થોડાક પ્રસંગ કહીએ.

હિંદુ મટી પોતે ખ્રિસ્તી થયા તે મુખ્ય પ્રસંગ. તે વટલાયા તે અગાઉ અન્ય ભણેલા દેશીઓની જેમ તે હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી સર્વ ધર્મ પ્રત્યે તિરસ્કારથી જોતા. એક દહાડો ખ્રિસ્તી દેવળ કેવું હોય તે જોવા સારૂ ગયા અને ત્યાં, જે યુરોપીયન મિત્રો માટે તેમને માન હતું તેમના હૃદયના સાચા ભાવ તથા પવિત્રતા જોઇ તે તરફ એ આકર્ષાયા. અને પછી તો પોતે બાઇબલનો અભ્યાસ દિલથી કરવા માંડ્યો. અન્ય ધર્મનાં પુસ્તકો જોડે તેમણે બાઇબલ સરખાવ્યું, અને પરિણામે ખ્રિસ્તીધર્મ પ્રત્યે તેમનો ભાવ વધ્યો. મિ. ઍન્ડ્રુઝ કહે છે તેમ 'અંગ્રેજી ભાષાનો અભ્યાસ દાખલ થયો ત્યારથી જ રૂઢિચુસ્ત ધર્મોની બાબતમાં યુવકોના

(અનુસંધાન આગળ પાન ૩૩૭મે)




આજ સાઠ વરસે પણ જુવાન જોદ્ધા જેવો જુસબ નાખુદો પોતાનાં શરીર અને આંખની સર્વે શક્તિ સાથે વહાણ દરિયાદોલત ઉપર ચડ્યો હતો.

ભર દરિયે વહાણ ધીમી ગતિથી આગળ વધતું હતું. ખલાસીઓ બધા વહાણને મરામત કરવાના કામમાં લાગી ગયા હતા. હિંદી મહાસાગરના એક મહાન તોફાનમાં વહાણ સપડાયું હતું. મોટાં રાક્ષસ જેવાં મોજાંઓએ મગતરાની પેઠે વહાણને ઊંચકી આડુંઅવળું ફેંક્યું હતું. ચારે તરફ લાગેલી મોજાં-ઓની સખત ઝાપટોથી વહાણ ખોખરૂં થઇ ગયું હતું. તેની આલાત (રસારસીઓ) તુટીને કટકેકટકા થઇ ઊડી ગઇ હતી. તેના સઢો બારીક કાગળની પેઠે ફાટીને પુરચા બની ગયા હતા. કુવાથંભ પણ ઢીલો થઈ હાલતો હતો. સખ્ત તોફાનનાં પહાડ જેવાં મોજાં-ઓએ, છીકીઆરા પવને વહાણને આવું હાલ બેહાલ કરી મૂક્યું હતું. ભયંકર ઝબુકતી વીજળી, ગર્ભિણીઓના ગાભ પાડી નાખે એવી પ્રલય જેવી ગર્જના અને મૂશળ-ધાર વરસાદથી વહાણ કોઇ ભયંકર ભૂતાવળની વચ્ચે સપડાયા જેવું થયું હતું. વહાણમાં ભરેલું જંગબાર માટેનું મીઠું વાળી નાખવામાં આવ્યું હતું. ઉતારૂઓનો થોડો સામાન, પાણીની ટાંકી અને નાનો મચ્છવો સમુદ્ર ખેંચી ગયો હતો. સાથે વહાણની બે તોપો પણ સમુદ્ર સ્વાહા કરી ગયો હતો.


'દરિયાદોલત' નામનો આ ગંજો છસ્સો ખાંડીનું મોટું જહાજ હતું. શેઠ જેરામ શિવજીએ ભારે હોંશથી ખર્ચ કરી માંડવીને કિનારે તે બંધાવ્યું હતું. મીઠું, અતલસ, લોઢાકામ વગેરે અનેક ચીજો પોતાના પેટમાં ભરી તે માંડવીથી જંગબાર જવા હંકાર્યું હતું.

પચાસપચાસ વરસ થયાં જે દરિયમાં તંબૂ તાણી ફરતો હતો એ જુસબ એનો નાખુદા હતો. પેઢી દરપેઢી થયાં દરિયો ખેડવાનો ધંધો તેને વંશપરંપરા ઊતરી આવેલો હતો. દસ વરસની નાની ઉમરે એણે તુતક ઉપર પગ મૂક્યો હતો ને આજ સાઠ વરસે પણ જુવાન જોદ્ધા જેવો જુસબ પોતાનાં શરીર અને આંખની સર્વે શક્તિ સાથે વહાણ દરિયાદોલત ઉપર ચડ્યો હતો. બાંધી દડીના એ ડોસાના અંગના સ્નાયુઓ પોલાદના જેવા મજબૂત હતા. તેની આંખનું તેજ અને ચપળતા યુવાનોને શરમાવે તેવાં હતાં. તેણે ઠેઠ માડાગાસ્કર

મારાં પરાક્રમોની જીવતીજાગતી રોજનીશી



ીચે છે તે ૧૬ mm.ની ફિલ્મ લેતો કે મૉડેલનો સીને કોડાક F 1-9 લેન્સ સાથે તેની કીમત રૂા. ૫૪૫ છે. અને તે વડે તમે રંગીન ચિત્રો પાડી શકશો. બીજાં ૧૬ m.m. નાં મૉડેલની કિંમત રૂા. ૧૮૫ થી શરૂ થતી જુદીજુદી છે.



તે દહાડે શિકારમાં તમે જે કાંઈ કર્યું... તમારી સફરમાં તમે જે દશ્યો જોયાં, એ બધાં શું તમે તમારી સાથે ખરેખર લાવ્યા... કે એ બધાંને તમે સંભારો છો... એ બધાં પરાક્રમો ફરી વર્ણવવાને યત્ન કરો છો ?

તમે માત્ર વ્યુફાઈન્ડરમાંથી જોઈ શકો અને એક ચાંપ દબાવી શકો, તો એ બધાં પરાક્રમો હમેશને માટે જીવતાંજાગતાં રાખી શકો... સીને કોડાક વડે.

એ સીનેચિત્રો તમારી આખી સફર તમારી સાથે પાછી લાવશે: પાત્રો, પ્રસંગો, વાતાવરણ: ..કોડાકલર વડે તો, અરે, તાદૃશ જીવનનાં રંગદૃશ્યો પણ. મૂવી ચિત્રો સ્મરણોને સજીવ રાખે છે... તમારી નજીકની કે દૂરની બધી સફરોની કાયમી નોંધ રાખે છે.

કોઈપણ માણસ સીને કોડાક વડે મૂવી ચિત્રો પાડી શકે છે. બધા હોમ મૂવી કૅમેરાઓમાં તે વાપરવામાં સાદામાં સાદો છે અને ફિલ્મની કિંમતમાં જ તેને ડેવેલપ કરવાનો ખર્ચ પણ આવી જાય છે. તમારે તો માત્ર એક્સપોઝર કરેલાં રોલ તમારા વેપારીને મોકલી આપવાનાં, અને તે તમારે ઘેર પડદા પર બતાવવા માટે તૈયાર થઇને આવશે.

સામાન્યરીતે હોમમૂવી ૧૬ mm.ની ફિલ્મ ઉપર પાડવામાં આવે છે, પણ હમણાં કોડાકે ૮ mm. ઉપર મૂવી ચિત્રો પાડવાની તરકીબ શોધી કાઢી છે—અને તે દરેક 'શૉટ' દીઠ ૬ આનાની મામૂલી કિંમતે! સીને કોડાક ૮ માં એક ફૂટ ફિલ્મ ચારનું કામ આપે છે, એટલેકે અગાઉ તમે ૧૬ mm. ની ૧૦૦ ફૂટ ફિલ્મ પર લઈ શકતા તેટલું જ કામ હવે ૨૫ ફૂટ ફિલ્મ પર લઈ શકો.

આ સીને કોડાક આઠ ખાસ બનાવટની ૨૫ ફૂટ ફિલ્મ ઉપર સામાન્ય ૧૬ mm.ની ૧૦૦ ફૂટ ફિલ્મ જેટલાં ચિત્રો પાડી શકે છે. અને દરેક ચિત્ર અત્યંત નાનું હોવા છતાં ૩૦×૪૦ ઇંચ જેટલા મોટા માપમાં અરીસા જેવું ચોખ્ખું ચિત્ર પાડી આપે છે આ કૅમેરામાં ત્રણ મૉડેલ આવે છે. રૂા. ૧૨૫નો, રૂા. ૧૬૫નો, અને રૂા. ૩૩૫નો.

સીને-કોડાક

હોમ મૂવી કૅમેરાઓમાં સાદામાં સાદો

કોડાક લિમિટેડ

(ઇંગ્લંડમાં ઇન્કૉર્પોરેટ થએલી) મુંબાઇ · કલકત્તા · લાહોર · મદ્રાસ